સેનેટ (વાર્ષિક સભા)
તા.૨૭–૦૩–૨૦૧૯

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત

–: કાર્યવાહી :–

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સેનેટની વાર્ષિક સભા યુનિવર્સિટીના વહીવટી ભવનના સેનેટ હોલમાં બુધવાર, તા.૨૭–૦૩–૨૦૧૯ના રોજ બપોરે ૧૨–૦૦ વાગ્યે મળી હતી. સભાનું અધ્યક્ષસ્થાન માનનીય કુલપતિશ્રી ડૉ.શિવેન્દ્ર ગુપ્તાએ સંભાળ્યું હતું.

સભામાં હાજરી નીચે પ્રમાણે હતી:

ક્રમાંક	સભ્યશ્રીઓનું નામ		તા.૨૭–૦૩–૨૦૧૯
(૧)	શ્રી ઓમ પ્રકાશ કોહલી	(માનનીય કુલાધિપતિશ્રી)	ગેરહાજર
(૨)	ડૉ.શિવેન્દ્ર ગુપ્તા	(માનનીય કુલપતિશ્રી)	હાજર
(૩)	ડૉ.ભાસ્કર મહેન્દ્રપ્રસાદ રાવલ	(માનનીય ઉપકુલપતિશ્રી)	હાજર
(૪)	ડૉ. દક્ષેશ રસીકલાલ ઠાકર	(ભૂતપૂર્વ કુલપતિશ્રી)	ગેરહાજર
(૫)	**VACANT**		–
(૬)	સેક્રેટરી, એજયુકેશન ડિપાર્ટમેન્ટ, ગાંધીનગર		ગેરહાજર
(૭)	ધી ડાયરેકટર ઓફ હાયર એજયુકેશન, ગાંધીનગર		ગેરહાજર
(૮)	ધી ડાયરેકટર ઓફ ટેકનિકલ એજયુકેશન, ગાંધીનગર.		ગેરહાજર
(૯)	ધી ડાયરેકટર ઓફ હેલ્થ મેડિકલ સર્વિસીસ એન્ડ મેડીકલ એજયુકેશન, ગાંધીનગર.		ગેરહાજર
(૧૦)	ધી ડાયરેકટર ઓફ એગ્રિકલ્ચર, ગાંધીનગર.		ગેરહાજર
(૧૧)	ધી ચેરમેન, ગુજરાત સેકન્ડરી એજયુકેશન બોર્ડ, ગાંધીનગર.		ગેરહાજર
(૧૨)	ડૉ.એસ. શ્રીનિવાસ રાવ		હાજર
(૧૩)	ડૉ.પ્રિતી કે. ગર્ગ		ગેરહાજર
(૧૪)	ડૉ.મધુભાઈ એન. ગાયકવાડ		હાજર
(૧૫)	ડૉ.કિરણ એમ. પંડયા		ગેરહાજર
(૧૬)	ડૉ.રાકેશ એન. દેસાઈ		હાજર
(૧૭)	**VACANT**		–
(૧૮)	ડૉ.દિલિપ સી. જોશી		હાજર

(૧૯)	ડૉ.રમણભાઈ ડી. પટેલ	હાજર
(૨૦)	ડૉ.કે. સી. પોરીયા	હાજર
(૨૧)	ડૉ.નવિનચંદ્ર બી. પટેલ	હાજર
(૨૨)	**VACANT**	–
(૨૩)	ડૉ.કપીલા મનોજ	હાજર
(૨૪)	ડૉ.અપૂર્વ અરૂણકુમાર દેસાઈ	હાજર
(૨૫)	ડૉ.વિપુલભાઈ જમનાદાસ સોમાણી	હાજર
(૨૬)	ડૉ.રેણુકા કિષ્નદાસ ગર્ગ	હાજર
(૨૭)	ડૉ.રાજેન્દ્ર બી. પટેલ	હાજર
(૨૮)	ડૉ.શરીફાબેન કાસમભાઈ વીજળીવાળા	હાજર
(૨૯)	ડૉ.કલ્પના ટી. રાવ	હાજર
(૩૦)	**VACANT**	––
(૩૧)	આ.ડૉ.શૈલેન્દ્રસિંહ ગંભીરસિંહ માંગરોલા	ગેરહાજર
(૩૨)	આ.ડૉ.અશોક મોઘાભાઈ દેસાઈ	ગેરહાજર
(૩૩)	આ.ડૉ.અશ્વિનકુમાર ધીરજલાલ પંડયા	હાજર
(૩૪)	**VACANT**	––
(૩૫)	આ.ડૉ.પ્રભુદાસ એમ. જલસણવાલા	હાજર
(૩૬)	**VACANT**	––
(૩૭)	**VACANT**	––
(૩૮)	**VACANT**	––
(૩૯)	**VACANT**	––
(૪૦)	આ.ડૉ.વિકાસભાઈ એ. દેસાઈ	ગેરહાજર
(૪૧)	આ.ડૉ.અશ્વિનભાઈ શંકરભાઈ પટેલ	હાજર
(૪૨)	આ.ડૉ.હરેશભાઈ આર. પટેલ	હાજર
(૪૩)	**VACANT**	––
(૪૪)	આ.ડૉ.ઈશ્વરભાઈ મંછાભાઈ પટેલ	હાજર
(૪૫)	આ.ડૉ.જયેન્દ્રસિંહ પહાડસિંહ ગોહિલ	હાજર
(૪૬)	આ.ડૉ.વિપીનકુમાર દયાળજી નાયક	ગેરહાજર
(૪૭)	આ.ડૉ.કિશોરસિંહ નટવરસિંહ ચાવડા	ગેરહાજર

(૪૮)	આ.ડૉ.જયંતીભાઈ સુરેશભાઈ ચૌધરી	હાજર
(૪૯)	આ.ડૉ.પંકજભાઈ સુબોધચન્દ્ર દેસાઈ	ગેરહાજર
(૫૦)	**VACANT**	-----
(૫૧)	આ.ડૉ.દિનેશકુમાર પ્રતાપભાઈ ચૌધરી	હાજર
(૫૨)	આ.ડૉ.રાઉ જયોતિ રઘોથામા	ગેરહાજર
(૫૩)	આ.ડૉ.દિલિપભાઈ વરસાણી	હાજર
(૫૪)	ડૉ.કલ્પના આશિત દેસાઈ (ડીન)	ગેરહાજર
(૫૫)	**VACANT**	-----
(૫૬)	આ.ડૉ.વિજયકુમાર અનંતરાય જોશી	હાજર
(૫૭)	**VACANT**	–––
(૫૮)	આ.ડૉ.હર્ષાવતી સી. પટેલ	ગેરહાજર
(૫૯)	**VACANT**	–––
(૬૦)	આ.ડૉ. જશવંતકુમાર ઠાકોરભાઈ ચૌધરી	ગેરહાજર
(૬૧)	આ.ડૉ.હેમાલીબેન અરૂણભાઈ દેસાઈ	ગેરહાજર
(૬૨)	આ.ડૉ.જયેશકુમાર ધીરૂભાઈ પટેલ	હાજર
(૬૩)	**VACANT**	–––
(૬૪)	આ.ડૉ.નિતિન મગનલાલ પટેલ	હાજર
(૬૫)	આ.ડૉ.હિતેન્દ્રસિંહ યશવંતસિંહ ખરવાસિયા	હાજર
(૬૬)	આ.ડૉ.ભાવિનકુમાર રમણલાલ નાયક	હાજર
(૬૭)	આ.ડૉ.વિનોદકુમાર નારણભાઈ પટેલ	ગેરહાજર
(૬૮)	**VACANT**	–––
(૬૯)	**VACANT**	–––
(૭૦)	**VACANT**	–––
(૭૧)	**VACANT**	–––
(૭૨)	આ.શ્રી પર્સી રૂષી એન્જિનિયર	ગેરહાજર
(૭૩)	આ.ડૉ.કેયુરકુમાર એમ. નાયક	ગેરહાજર
(૭૪)	**VACANT**	–––
(૭૫)	આ.ડૉ.પૃથુલ આર. દેસાઈ	હાજર
(૭૬)	આ.ડૉ.ફાલ્ગુનીબહેન હર્ષદરાય દેસાઈ	ગેરહાજર

(૭૭)	આ.ડૉ.વિનોદચંદ્ર નવિનભાઈ પટેલ	હાજર
(૭૮)	આ.ડૉ.બિમલેષકુમારી એ. તેવટીયા	ગેરહાજર
(૭૯)	આ.ડૉ.બળવંતસિંહ એન. ઠાકોર	હાજર
(૮૦)	આ.ડૉ.મધુકર એસ. પાડવી	હાજર
(૮૧)	આ.ડૉ.ઈસ્માઈલ મુસા ભાણા	હાજર
(૮૨)	આ.ડૉ.કિશોરકુમાર રમણલાલ નાયક	ગેરહાજર
(૮૩)	આ.ડૉ.ઘનશ્યામ મગનભાઈ બુટાની	હાજર
(૮૪)	ડૉ.જયેશકુમાર એમ. બ્રહ્મભટ્ટ	ગેરહાજર
(૮૫)	શ્રીમતી ડૉ.ફાલ્ગુની સુરેન્દ્રસિંહ વાંસીયા	ગેરહાજર
(૮૬)	**VACANT**	–––
(૮૭)	આ.ડૉ.કિન્નરી ભરતભાઈ પટેલ	હાજર
(૮૮)	આ.ડૉ.આનંદકુમાર યશોધર ભટ્ટ	ગેરહાજર
(૮૯)	આ.ડૉ.મહેન્દ્રસિંહ દોલતસિંહ ચૌહાણ	ગેરહાજર
(૯૦)	**VACANT**	–––
(૯૧)	આ.ડૉ.મંદિરવાલા રશ્મી દિનેશચન્દ્ર	ગેરહાજર
(૯૨)	**VACANT**	–––
(૯૩)	આ.ડૉ.કલ્યાણીબહેન રજનીકાન્ત ભટ્ટ	ગેરહાજર
(૯૪)	આ.ડૉ.વિપુલ રાજેન્દ્રભાઈ શાસ્ત્રી	હાજર
(૯૫)	આ.ડૉ.ચિરાંગી હરીશકુમાર દેસાઈ	ગેરહાજર
(૯૬)	આ.ડૉ.ભાવેશકુમાર ઈશ્વરલાલ રાવલ	હાજર
(૯૭)	આ.ડૉ.સુધીરભાઈ હરિપ્રસાદ જાની	ગેરહાજર
(૯૮)	**VACANT**	–––
(૯૯)	**VACANT**	–––
(૧૦૦)	આ.ડૉ.શ્રીમતી માર્ટીના આર. નરોહના	ગેરહાજર
(૧૦૧)	**VACANT**	–––
(૧૦૨)	**VACANT**	–––
(૧૦૩)	**VACANT**	–––
(૧૦૪)	આ.ડૉ.રૂપાલી અશ્વિનભાઈ શાહ	હાજર
(૧૦૫)	**VACANT**	–––

(૧૦૬)	**VACANT**	–––
(૧૦૭)	**VACANT**	–––
(૧૦૮)	આ.ડૉ.પત્રલેખા અમરસિંહ બારડ	હાજર
(૧૦૯)	આ.ડૉ.પ્રિતિ જીવણભાઈ ચૌહાણ	ગેરહાજર
(૧૧૦)	આ.ડૉ.તારાદત્ત તિવારી	ગેરહાજર
(૧૧૧)	આ.ડૉ.જિજ્ઞેશ પ્રિયકાંત રાવલ	હાજર
(૧૧૨)	આ.ડૉ.મેહુલકુમાર પ્રકાશચંદ્ર દેસાઈ	હાજર
(૧૧૩)	આ.ડૉ.અંજનાબેન વસંતલાલ ચૌધરી	ગેરહાજર
(૧૧૪)	આ.ડૉ.કૌશલકુમાર હરિશચંદ્ર પારેખ	ગેરહાજર
(૧૧૫)	આ.ડૉ.અભિલાષા વિનોદકુમાર અગ્રવાલ	હાજર
(૧૧૬)	શ્રી સેલર નવનીતભાઈ ડાહ્યાભાઈ	ગેરહાજર
(૧૧૭)	શ્રી ઓમકારસિંહ સુરેન્દ્રસિંહ વાંસિયા	ગેરહાજર
(૧૧૮)	શ્રી નિતેશભાઈ લાભશંકર રાજયગુરૂ	હાજર
(૧૧૯)	શ્રી પ્રવિણસિંહ દલપતસિંહ રાણા	ગેરહાજર
(૧૨૦)	શ્રી અજયકુમાર ભીખુભાઈ નાયક	ગેરહાજર
(૧૨૧)	શ્રીમતી સુહાસબેન અનિલસિંહ ડાભી	ગેરહાજર
(૧૨૨)	શ્રી મહેન્દ્રસિંહ ભરતસિંહ મહિડા	ગેરહાજર
(૧૨૩)	શ્રી નિમેષ જયસુખલાલ માલી	હાજર
(૧૨૪)	ડૉ.સંજય ગોકળદાસ મણીયાર	હાજર
(૧૨૫)	ડૉ.વિપુલ પી. ચૌધરી	ગેરહાજર
(૧૨૬)	ડૉ.તરૂણ પી. તેજવાની	ગેરહાજર
(૧૨૭)	શ્રી ભરતભાઈ ભગવાનદાસ ભંડારી	હાજર
(૧૨૮)	ડૉ.કલ્પેશકુમાર કાનજીભાઈ ટંડેલ	ગેરહાજર
(૧૨૯)	શ્રી અજયકુમાર નટવરલાલ પટેલ	હાજર
(૧૩૦)	ડૉ.જયદીપભાઈ નશવનભાઈ ચૌધરી	હાજર
(૧૩૧)	ડૉ.ઘનશ્યામ દિનેશચંદ્ર રાવલ	ગેરહાજર
(૧૩૨)	શ્રી સ્નેહલ કિરણભાઈ જોશી	હાજર
(૧૩૩)	**VACANT**	–––
(૧૩૪)	શ્રી અનિલ દિપચંદ ગોપલાણી	ગેરહાજર

(૧૩૫)	શ્રીમતી જિગિશાબેન ચંદ્રકાંતભાઈ ભટ્ટ	હાજર
(૧૩૬)	શ્રીમતી પ્રિતીબેન વિપુલભાઈ પટેલ	ગેરહાજર
(૧૩૭)	શ્રી આનંદભાઈ એમ. ચૌધરી	ગેરહાજર
(૧૩૮)	શ્રી પુર્ણેશ આઈ. મોદી	ગેરહાજર
(૧૩૯)	શ્રી કનુભાઈ મોતીભાઈ અલગોતર	હાજર
(૧૪૦)	શ્રી મનીષકુમાર રમેશભાઈ કાપડીયા	હાજર
(૧૪૧)	પટેલ બિમલ હર્ષદભાઈ	ગેરહાજર
(૧૪૨)	શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારી	હાજર
(૧૪૩)	ડૉ.ધનેશ ગોપાલદાસ વૈદ્ય	ગેરહાજર
(૧૪૪)	શ્રી સંકેત લલિતકુમારશર્મા	હાજર
(૧૪૫)	પટેલ કિરીટકુમાર અમૃતલાલ	ગેરહાજર
(૧૪૬)	શ્રી ભાવિન અશોકભાઈ પટેલ	હાજર
(૧૪૭)	શ્રી ચિરાગ અશ્વિનભાઈ જોશી	ગેરહાજર
(૧૪૮)	ડૉ. કશ્યપસિંહ પ્રવિણસિંહ ખરચિયા	ગેરહાજર
(૧૪૯)	શ્રી ગણપતભાઈ ભુરાભાઈ ઘામેલીયા	હાજર
(૧૫૦)	શ્રી વિરેન કિશોરસિંહ મહિડા	હાજર
(૧૫૧)	શ્રી કિરણભાઈ ઘોઘારી (એડવોકેટ)	હાજર
(૧૫૨)	શ્રી ગૌરાંગભાઈ વૈદ્ય	હાજર
(૧૫૩)	શ્રી નિશાંત મોદી	હાજર
(૧૫૪)	શ્રી જયરામ ગામિત	હાજર
(૧૫૫)	શ્રી નિષિધકુમાર કનુભાઈ પટેલ	હાજર
(૧૫૬)	શ્રી નારણભાઈ અમિન	હાજર
(૧૫૭)	ડૉ.ચિન્ટુ ચૌધરી	હાજર
(૧૫૮)	શ્રી મયુરભાઈ ચૌહાણ	હાજર
(૧૫૯)	ડૉ.કે. એન. ભટ્ટ	ગેરહાજર
(૧૬૦)	શ્રી સંજયકુમાર ઈશ્વરલાલ દેસાઈ	ગેરહાજર

સભાની શરૂઆત યુનિવર્સિટી ગીતથી થઈ હતી ત્યાર બાદ માનનીય કુલપતિશ્રીએ સૌ સભ્યોને આવકાર્યા હતા અને સભાનું કામકાજ શરૂ કરતાં પહેલાં ગત વર્ષ દરમ્યાન દિવંગત થયેલ નીચે મુજબના મહાનુભાવો, યુનિવર્સિટીમાં ફરજ બજાવતા કર્મચારીઓ તથા પુલવામામાં થયેલ આતંકવાદી હુમલામાં શહીદ થયેલ જવાનો પ્રતિ શોક પ્રગટ કરી, સૌએ ઉભા થઈ બે મિનિટ મૌન પાળ્યું હતું અને સર્વ દિવંગતોને શ્રધ્ધાંજલી આપી હતી.

૧.	પુલવામામાં થયેલ આતંકવાદી હુમલામાં શહીદ થયેલ જવાનો અંગે.	———
૨.	સ્વ. નટવરલાલ જેઠાભાઈ સોલંકી	પટાવાળા, હ્યુમિનિટિઝ વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત.
૩.	સ્વ.આર. સી. જોશી	આ.ડૉ.વિજયકુમાર અનંતરાય જોશી (એમ. કે. કોલેજ ઓફ કોમર્સ, ભરૂચ)ના પિતાશ્રી.
૫.	સ્વ. ભરતભાઈ શાંતિલાલ ભાવસાર	એસોસિયેટ પ્રોફેસર(ઈકોનોમીકસ), શ્રી જયેન્દ્રપુરી આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, જૂનો નેશનલ હાઈવે નં. ૮, કોલેજ રોડ, કોલેજ કેમ્પસ, ભરૂચ.
૬.	સ્વ. ડૉ.એસ. એસ. શ્રીવાસ્તવ	ભૂતપૂર્વ વડાશ્રી, વેપાર અને ઉદ્યોગ સંચાલન વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.
૭.	સ્વ. એસ. બી. વાલાણી	એસોસિયેટ પ્રોફેસર(એકાઉન્ટન્સી), નવયુગ કોમર્સ કોલેજ, રાંદેર રોડ, સુરત.

ઈન્ચાર્જ કુલસચિવશ્રીએ સેનેટની સભામાં નવા નિયુકત થયેલ નીચે મુજબના સેનેટ સભ્યશ્રીઓને આવકાર્યા હતા અને તેઓ યુનિવર્સિટીના વિકાસમાં તેઓનું યોગદાન આપશે તેવી આશા વ્યકત કરી હતી.

૧.	આ.ડૉ.દિનેશકુમાર પ્રતાપભાઈ ચૌધરી	આચાર્યશ્રી, નુતન ગ્રામ વિદ્યાપીઠ, મુ.પો.: થવા, તા.:વાલીયા, જી.ભરૂચ.
૨.	આ.ડૉ.જીજ્ઞેશ પ્રિયકાન્ત રાવલ	આચાર્યશ્રી, ધી માંડવી એજયુકેશન સોસાયટી સાયન્સ કોલેજ, માંડવી.
૩.	આ.ડૉ.મેહુલકુમાર પ્રકાશચંદ્ર દેસાઈ	આચાર્યશ્રી, ઉધના સીટીઝન કોમર્સકોલેજ એન્ડ એસ પી બી કોલેજ ઓફ બિઝનેસ એડ્મીનીસ્ટેશન એન્ડ ઉધના એકડમી કોલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ ઈન્ર્ફોમેશન ટેકનોલોજી, ઉધના, સુરત.
૪.	આ.ડૉ.અંજનાબેન વસંતલાલ ચૌધરી	આચાર્યાશ્રી, સ્નાતક અધ્યાપન મંદિર બી.એડ્. કોલેજ, વેડછી, તા.વાલોડ, જી.તાપી.
૫.	આ.ડૉ.કૌશલકુમાર હરીશચંદ્ર પારેખ	આચાર્યશ્રી, સ્વામીનારાયણ સ્વરૂપ બી.એડ્.કોલેજ, જી.આઈ.ડી.સી., અંકલેશ્વર, જી.ભરૂચ.

૬.	આ.ડૉ.અભિલાષા વિનોદકુમાર અગ્રવાલ	આચાર્યાશ્રી, વનિતા વિશ્રામ વુમન્સ કોલેજ ઓફ કોમર્સ, અઠવાલાઈન્સ, સુરત.
૭.	ડૉ.દિલિપ સી. જોશી	વડાશ્રી, મેથેમેટીક્સ વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.
<u>યુનિવર્સિટી વિસ્તારમાં આવેલ નગરપાલિકાઓના પ્રમુખોનો મતદાર વિભાગ</u>		
૮.	શ્રીમતી જીગીશાબેન ચંદ્રકાન્તભાઈ ભટ્ટ	રાજપીપળા નગરપાલિકા, રાજપીપળા, જી.નર્મદા.
<u>યુનિવર્સિટી વિસ્તારના જીલ્લાપંચાયતોના પ્રમુખોનો મતદાર વિભાગ</u>		
૯.	શ્રીમતી પ્રિતીબેન વિપુલભાઈ પટેલ	મુ.પો." અંબિકા ", પટેલ ફળિયુ, પાસોદરા, તા.કામરેજ, જી.સુરત.
<u>ગુજરાત વિધાનસભાના પ્રતિનિધિ</u>		
૧૦.	શ્રી આનંદભાઈ એમ. ચૌધરી (૧૫૭–માંડવી)	ધારાસભ્યશ્રી, મુ.પો.ગોધા(નિશાળ ફળિયું), તા.માંડવી, જી.સુરત.
૧૧.	શ્રી પૂર્ણેશ આઈ. મોદી (૧૬૭–સુરત પશ્ચિમ)	ધારાસભ્યશ્રી, ૪, સાંઈ ધામ રો–હાઉસ, અડાજણ ફાયર સ્ટેશન નજીક, સ્ટાર મોલ ગલી સામે, અડાજણ, સુરત.

વય મર્યાદાને લીધે તથા અન્ય કારણે ફારેગ થતા વર્તમાન સેનેટ સભ્યોની તેઓએ આપેલ સેવાની નોંધ લેવામાં આવી હતી તેની યાદી નીચે પ્રમાણે છે.

૧.	ડૉ.એસ. કે. ટાંક	વડાશ્રી, બાયોસાયન્સ વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.
૨.	આ.ડૉ.વિક્રમભાઈ બી. દેસાઈ	આચાર્યશ્રી, સિધ્ધાર્થ લો કોલેજ, કામરેજ ચાર રસ્તા, સુરત.
૩.	આ. ડૉ. જે. એમ. નાયક	આચાર્યશ્રી, શાહ એન. એચ. કોમર્સ કોલેજ, તીથલ રોડ, વલસાડ.
૪.	આ.ડૉ.પ્રવિણચંદ્ર એમ. પટેલ	આચાર્યશ્રી, એચ. આર. શાહ મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, નવસારી.

<u>સંલગ્ન કોલેજોના આચાર્યો, યુનિવર્સિટીના અનુસ્નાતક વિભાગના વડાઓ અને માન્ય સંસ્થાઓના વડાઓ સહિતની જુદી જુદી વિદ્યાશાખાઓના શિક્ષકોનો મતદાર વિભાગ</u>		
૫.	શ્રી મહેશભાઈ નારણભાઈ નાગેચા (ફેકલ્ટી ઓફ આર્કિટેકચર એન્ડ ડીઝાઈન)	સાર્વજનિક કોલેજ ઓફ એન્જિનિયરીગ એન્ડ ટેકનોલોજી, મીશન હોસ્પિટલ નજીક, કે. પી. કોમર્સ કોલેજની બાજુમાં, સુરત.
<u>યુનિવર્સિટી વિસ્તારમાં આવેલ નગરપાલિકાઓના પ્રમુખોનો મતદાર વિભાગ</u>		
૬.	શ્રી અંકુરદિલિપભાઈ દેસાઈ	પ્રમુખશ્રી, કડોદરા નગરપાલિકા, કડોદરા, તા.પલસાણા, જી.સુરત.
<u>યુનિવર્સિટી વિસ્તારના જીલ્લાપંચાયતોના પ્રમુખોનો મતદાર વિભાગ</u>		
૭.	શ્રી જીતેન્દ્રકુમાર કે. ટંડેલ	પ્રમુખશ્રી, પીર ફળીયા, કોલક, વાયા ઉદવાડા, તા.પારડી, જી.વલસાડ.

૧. સેનેટની તા.૨૭–૩–૨૦૧૮ના રોજ મળેલ વાર્ષિક સભાની કાર્યવાહીની નોંધને બહાલી આપવા બાબત.

:: **સેનેટની તા.૨૭–૩–૨૦૧૮ના રોજ મળેલ વાર્ષિક સભાની કાર્યવાહીની નોંધને બહાલી આપવામાં આવી હતી.**

૨. સને ૨૦૧૯–૨૦૨૦ના નાણાંકીય વર્ષ માટે યુનિવર્સિટીના બોર્ડ ઓફ એકાઉન્ટસ પર પાંચ સભ્યોની ચૂંટણી કરવા બાબત.

:: **ઉપરોકત ચૂંટણી માટે ઉમેદવારી પત્રકો સ્વીકારવા માટેની નિયત તારીખ અને સમય સુધીમાં યુનિવર્સિટી કાર્યાલયને પાંચ ઉમેદવારો તરફથી ઉમેદવારી પત્રકો મળ્યા હતાં જે પૈકી બે સભ્યોએ ઉમેદવારી પત્રકો પરત ખેંચ્યા હતા. આથી ત્રણ ઉમેદવારો હોવાથી ચુંટણી કરવાની રહેતી નથી પરંતુ હાલ લોકસભાની ચુંટણીની આચાર સંહિતા લાગુ હોય જાહેરનામું આચાર સંહિતા પૂર્ણ થયે પ્રસિધ્ધ કરવું.**

પ્રશ્નોત્તરીની ચર્ચા શરૂ થતા પહેલા માનનીય કુલપતિશ્રીએ Statute–35(4) અને Statute–36 (2)(vi) ની જોગવાઈ હેઠળ ઉપકુલપતિશ્રી ડૉ.ભાસ્કર મહેન્દ્રપ્રસાદ રાવલને પ્રશ્નોત્તરીના જવાબો આપવા માટે નિયુકત કર્યા હતા.

: પ્રશ્નોત્તરી :

શ્રી કિરણભાઈ ઘોઘારીએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૧. યુનિવર્સિટીમાં હાલમા કયાં કયાં નવા બાંધકામો થઈ રહયા છે તે અંગે માહીતી આપશો.

(a) યુનિવર્સિટીમાં કેટલા અનુસ્નાતક ભવનોનુ બાંધકામ ચાલી રહયુ છે તે અંગેની માહિતી.

(b) કેટલી નવી બોયઝ હોસ્ટેલ બંધાઈ રહી છે તે અંગેની માહિતી.

(c) છેલ્લા પાંચ વર્ષમાં કેટલી ગર્લ્સ હોસ્ટેલ બંધાયેલી છે તે અંગેની માહિતી.

ઉત્તરઃ ૧. – ઈન્ડોર સ્વીમીંગપુલ સાથે મલ્ટીપર્પઝ હોલ અને એથલેટીક ટ્રેક અને ફુટબોલ ગ્રાઉન્ડનું બાંધકામ હાલમાં પૂર્ણ થતા તા.૨૮–૦૨–૨૦૧૯ના રોજ માનનીય મુખ્યમંત્રીશ્રીના વરદહસ્તે ઉદ્ઘાટન કરવામાં આવેલ છે.

– હ્યુમિનિટિઝ બિલ્ડીગ

– બોયઝ હોસ્ટેલ

(a) – હ્યુમિનિટિઝ બિલ્ડીગ અને બાયોસાયન્સ વિભાગ.

(b) – નવી બોયઝ હોસ્ટેલ ૬૪ રૂમ વાળી દરેક રૂમને એટેચ ટોયલેટ, સેમિનાર હોલ સહિતની સુવિધા વાળી.

(c) – રાજયસરકારશ્રી દ્વારા યુનિવર્સિટી પરિસર ખાતે એક હજાર વિદ્યાર્થીનીઓ માટે સમરસ ગર્લ્સ હોસ્ટેલનું બાંધકામ કરવામાં આવેલ છે.

શ્રી મયુરભાઈ ચૌહાણે નીચેના પૂરક પ્રશ્નો પૂછયા હતા.

પ્રશ્ન : ૧. ઉત્તર એકનો જે જવાબ આપવામાં આવ્યો છે તેમાં સ્વીમીંગ પુલ, મલ્ટીપર્પઝ હોલ અને એથ્લેટીક ટ્રેક અને ફુટબોલ ગ્રાઉન્ડનું કોસ્ટીગ શું છે? કંઈ ગ્રાન્ટમાંથી બાંધકામ કરવામાં આવેલ છે?

ઉત્તર :૧. યુનિવર્સિટી અને સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયા સાથે મળીને લગભગ ૧૨–૧૩ કરોડનો અંદાજીત ખર્ચ.

પ્રશ્ન : ૨. ઉપયોગ કોણ કરી શકશે ?

ઉત્તર : ૨. યુનિવર્સિટીના તમામ વિદ્યાર્થીઓ અને સંલગ્ન કોલેજોના વિદ્યાર્થીઓ.

શ્રી કિરણભાઈ ઘોઘારીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.

પ્રશ્ન : ૧. આ હ્યુમિનિટિઝ બિલ્ડીગ અને બાયોસાયન્સ વિભાગ કેટલા સ્કવેરફુટનું બનેલ છે? તેની વિગતવાર માહિતી આપો?

ઉત્તર :૧. માહિતી મળી જશે.

શ્રી ગૌરાંગભાઈ વિજયરાય વૈદ્યએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.

પ્રશ્ન : ૧. હ્યુમિનિટિઝ બિલ્ડીગ અને બાયોસાયન્સ પ્રોજેકટનો આશરે કુલ ખર્ચ કેટલો છે?

ઉત્તર : ૧. નોટિસની જરૂર છે.

શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.

પ્રશ્ન : ૧. આર્કીટેકચરને કેટલા રૂપિયા ચુકવવામાં આવ્યા છે?

ઉત્તર :૧. હ્યુમિનિટિઝ બીલ્ડીગનો અંદાજીત ખર્ચ ૧.૯૫ કરોડ, બાયોસાયન્સ બિલ્ડીગનો અંદાજીત ખર્ચ ૧.૩૦ કરોડ છે અને આર્કીટેકચરને ૨.૨૫% પ્રમાણે ચૂકવણી કરવામાં આવે છે.

શ્રી ગૌરાંગભાઈ વિજયરાય વૈદ્યએ નીચેના પૂરક પ્રશ્નો પૂછયા હતા.

પ્રશ્ન : ૧. હ્યુમિનિટિઝ બીલ્ડીગ અને બાયોસાયન્સ વિભાગ એના માટેનો જે ખર્ચ થયો છે તે કયા ભંડોળ માંથી થયો છે?

ઉત્તર : ૧. સ્વભંડોળ અને RUSA.

પ્રશ્ન : ૨. RUSAની ગ્રાન્ટ કેટલી અને યુનિવર્સિટીના સ્વભંડોળની રકમ કેટલી?

ઉત્તર : ૨. નોટિસની જરૂર છે.

શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.

પ્રશ્ન : ૧. આર્કીટેકચરને કામ સોંપવા માટે કયા અધિકાર મંડળમાં નકકી કરવામાં આવે છે?

ઉત્તર : ૧. બાંધકામ સમિતિ.

શ્રી મનીષકુમાર રમેશભાઈ કાપડીયાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.

પ્રશ્ન : ૧. સમરસ હોસ્ટેલ સિવાય યુનિવર્સિટી દ્વારા ર્ગલ્સ હોસ્ટેલનું બાંધકામ કરવામાં આવેલ છે?

ઉત્તર : ૧. નાજી.

શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.

પ્રશ્ન : ૧. આર્કિટેકચરને કામ આપવા માટે સેનેટ સભ્ય ભલામણ કરી શકે?

ઉત્તર : ૧. આવી કોઈ ભલામણ કરવી જોઈએ નહિ.

શ્રી ગૌરાંગભાઈ વિજયરાય વૈદ્યએ નીચેના પૂરક પ્રશ્નો પૂછયા હતા.

પ્રશ્ન : ૧. નવી બોઈઝ હોસ્ટેલ ૬૪ રૂમવાળીનો એટેચ ટોયલેટ, સેમીનાર હોલ સહીતની સુવીધાવાળી બાંધકામ કરવામાં આવી છે તેનો અંદાજીત ખર્ચ કેટલો છે?

ઉત્તર : ૧. ૩ કરોડ અંદાજીત.

પ્રશ્ન : ૨. આ જે ૩ કરોડનો ખર્ચ થશે યુનિવર્સિટીના સ્વભંડોળમાંથી થશે કે ગ્રાન્ટમાંથી?

ઉત્તર : ૨. RUSA ગ્રાન્ટમાંથી.

શ્રી મયુરભાઈ ચૌહાણે નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.

પ્રશ્ન : ૧. સ્વીમીંગપુલની ફેસીલીટી છે યુઝર્સ મેન્યુલ બનાવેલ છે ? યુટીલીટી નોર્મસ, એએમસીની વ્યવસ્થા છે ? કયારે કરવા માગો છો.

ઉત્તર : ૧. હાલ નથી, આગામી સમયમાં

આ.ડૉ.અશ્વિનભાઈ શંકરભાઈ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.

પ્રશ્ન : ૧. મલ્ટીપર્પઝ હોલ કંઈ કંઈ બાબતમાં ઉપયોગમાં લઈ શકાય?

ઉત્તર : ૧. હાલ ત્રણ બાબતોમાં કરી શકાય, ટેબલ ટેનીસ, બેડમિંટન અને બોકસીગ રીંગ.

શ્રી કિરણભાઈ ઘોઘારીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.

પ્રશ્ન : ૧. હાલમાં કયા કયા બાંધકામ થઈ રહ્યા છે?

ઉત્તર : ૧. બોયઝ હોસ્ટેલનું કામ હાલ ચાલી રહ્યુ છે લગભગ પુરુ થવા પર છે.

ડૉ.વિપુલભાઈ જમનાદાસ સોમાણીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.

પ્રશ્ન : ૧. આ જે હોસ્ટેલ છે ૬૪ રૂમ એટેચ ટોઈલેટ, સેમીનાર હોલનો કોણ ઉપયોગ કરી શકે? હોસ્ટેલની ફી કેટલી હશે?

ઉત્તર : ૧. વિશ્વ વિદ્યાલયના વિદ્યાર્થીઓ માટે બનાવેલ વ્યવસ્થા છે જેમાં સેમીનાર હોલ મેસ સાથેની વ્યવસ્થા કરવામાં આવેલ છે. આગામી સમયમાં જરૂરિયાત મુજબ અન્ય વ્યવસ્થા કરી શકાય. હાલ ફી નકકી કરેલ નથી.

શ્રી ગૌરાંગભાઈ વિજયરાય વૈદ્યએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી.

પ્રશ્નઃ ૨. ૨.(અ) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓને અપાતી માર્કશીટ અને ડીગ્રી સર્ટીફીકેટની પડતર કિંમતની માહિતી નીચે દર્શાવ્યા મુજબ પાઠવશોજી.

ક્રમ	શૈક્ષણિક વર્ષ	૧ માર્કશીટની કિંમત	૧ ડીગ્રી સર્ટીફીકેટની કિંમત
૧	૨૦૧૦–૨૦૧૧		
૨	૨૦૧૧–૨૦૧૨		
૩	૨૦૧૨–૨૦૧૩		
૪	૨૦૧૩–૨૦૧૪		
૫	૨૦૧૪–૨૦૧૫		
૬	૨૦૧૫–૨૦૧૬		
૭	૨૦૧૬–૨૦૧૭		
૮	૨૦૧૭–૨૦૧૮		
૯	૨૦૧૮–૨૦૧૯		

ઉત્તરઃ ૨. ૨.(અ)

ક્રમ	**શૈક્ષણિક વર્ષ**	**૧ માર્કશીટની કિંમત**
૧	૨૦૧૦–૧૧	રૂા.૮.૦૦
૨	૨૦૧૧–૧૨	
૩	૨૦૧૨–૧૩	રૂા.૭.૨૪/–
૪	૨૦૧૩–૧૪	
૫	૨૦૧૪–૧૫	રૂા.૭.૨૪/–
૬	૨૦૧૫–૧૬	
૭	૨૦૧૬–૧૭	રૂા.૬.૭૪/–
૮	૨૦૧૭–૧૮	રૂા.૨.૨૫/–
૯	૨૦૧૮–૧૯	

ક્રમ	**શૈક્ષણિક વર્ષ**	**૧ ડીગ્રી સર્ટી.ની કિંમત**
૧	૨૦૧૦–૧૧	રૂા.૨૪.૯૫/–
૨	૨૦૧૧–૧૨	
૩	૨૦૧૨–૧૩	
૪	૨૦૧૩–૧૪	રૂા.૨૨.૬૧/–
૫	૨૦૧૪–૧૫	
૬	૨૦૧૫–૧૬	
૭	૨૦૧૬–૧૭	રૂા.૨૦.૬૧/–
૮	૨૦૧૭–૧૮	રૂા.૨૧.૮૨/–
૯	૨૦૧૮–૧૯	રૂા.૨૧.૮૨/–

શ્રી ગૌરાંગભાઈ વિજયરાય વૈદ્યએ નીચેના પૂરક પ્રશ્નો પૂછયા હતા.

પ્રશ્ન :૧.૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨એ માહિતી અપાય છે એક માર્કશીટની કીમત ૮–૦૦ છે આ ટેન્ડરથી નકકી થઈ હતી?

ઉત્તર : ૧. હાજી, ટેન્ડરથી કરતાં હોય છે એટલુ કહી શકાય.

પ્રશ્ન : ૨.૨૦૧૧ થી ૨૦૧૯ સુધી માહિતી આપી છે કયા વર્ષથી ટેન્ડરથી થઈ છે?

ઉત્તર : ૨. પડતર કિંમતની માહિતી આપી છે.

પ્રશ્ન : ૩. ૨૦૧૧ થી ૨૦૧૯ની વર્ષ વાર માહીતી આપશો ?

ઉત્તર : ૩. લાંબો સમય ગાળો છે, નોટીસની જરુર છે.

પ્રશ્ન : ૪. ડીગ્રી માટે કેટલા રૂપિયા ઉઘરાવવામાં આવ્યા છે?

ઉત્તર : ૪. વ્યવસ્થાકીય ફી લેવામાં આવે છે.

શ્રી ગણપતભાઈ ભૂરાભાઈ ધામેલીયાએ નીચેના પૂરક પ્રશ્નો પૂછયા હતા.

પ્રશ્ન : ૧. ડીગ્રી માટે વિદ્યાર્થી પાસેથી કેટલા પૈસા લેવામાં આવે છે?

ઉત્તર : ૧. વખતોવખત ફી નકકી કરવામાં આવે છે.

પ્રશ્ન : ૨. ગયા વર્ષે કેટલી ફી લેવામાં આવી?

ઉત્તર : ૨. ૨૫૦/– રૂપિયા.

શ્રી મનીષકુમાર રમેશભાઈ કાપડીયાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.

પ્રશ્ન : ૧. ડીગ્રી સર્ટીફીકેટ આપવામાં આવે છે તેમાં કવોલીટીનું ધ્યાન રાખવામાં આવે છે. મેઈન્ટેન કરવામાં આવ્યું?

ઉત્તર : ૧. હાજી.

શ્રી કનુભાઈ મોતીભાઈ અલગોતરે નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.

પ્રશ્ન :૧. વર્ષ ૨૦૧૧–૧૭ અલગ અલગ ભાવ અને વર્ષ ૨૦૧૭–૧૮ થી રૂા.૨–૨૫ કીમત છે તો તેના માટે કોઈ ઈન્કવાયરી બેસાડી છે?

ઉત્તર : ૧. અભિગમલક્ષી છે.

શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.

પ્રશ્ન :૧. વર્ષ ૨૦૧૧–૧૬ સુધી ટેન્ડર વગર લહાણી કરવામાં આવી. કોઈના ધ્વારા ફરીયાદ કરવામાં આવી હતી?

ઉત્તર : ૧. વર્ષ ૨૦૧૧–૧૯ સમયગાળો લાંબો છે, નોટીસની જરુર છે.

શ્રી ગૌરાંગભાઈ વિજયરાય વૈદ્યએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.

પ્રશ્ન :૧. ૧૭–૧૮ અને ૧૮–૧૯નાં વર્ષ માટે માર્કશીટની કિંમત નકકી થઈ છે તે ટેન્ડર પ્રકીયાથી નકકી કરવામાં આવી?

ઉત્તર : ૧. ટેન્ડર પ્રકીયા દ્વારા કરવામાં આવી છે.

ડૉ.એસ. શ્રીનિવાસ રાવે નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.

પ્રશ્ન :૧. વર્ષ ૨૦૧૬–૧૭માં એક માર્કશીટની કિંમત રૂા.૬.૭૪ અને ૨૦૧૭–૧૮ એક માર્કશીટની કિંમત રૂા. ૨.૨૫ હોય તો કેટલા જીએસએમનું પેપર અને કેટલી સાઈઝમાં હોવું જોઈએ, કારણ કે બે વચ્ચે તફાવત વધુ છે તો કઈ પ્રોસેસ દ્વારા નકકી કરવામાં આવે છે.

ઉત્તર :૧. ડીગ્રી અને માર્કશીટમાં ૧૨૦ જી.એસ.એમ.,

શ્રી ગૌરાંગભાઈ વિજયરાય વૈદ્યએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.

પ્રશ્ન :૧. ૧૭–૧૮, ૧૮–૧૯માં માર્કશીટ ૨.૨૫ કયા કયા એડીશનલ ફીચર્સ નાખ્યા છે?

ઉત્તર:૧. યુજીસીએ સુપ્રીમ કોર્ટના જજમેન્ટ પ્રમાણે કેટલીક માહીતી વિશ્વ વિદ્યાલયને આપી છે જે બાબતે જે વસ્તુ હોવી જોઈએ જીએસએમ –૧૨૦ હાઈસીકયુરીટી પેપર વિથ વોટરમાર્ક, એન્ડ ઈનવીઝીબલ અલ્ટ્રાવાયોલેટ ફાઈબર પેપર. આપણું વિશ્વ વિદ્યાલય પુરતું સજાગ રહ્યું છે.

પ્રશ્ન: ૨.(બ) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ૧ પ્રશ્ન પત્ર છાપવાની કિંમત નીચે દર્શાવેલા શૈક્ષણીક વર્ષોની વર્ષ વાર આપશોજી.

શૈક્ષણિક વર્ષ
૨૦૧૧–૨૦૧૨
૨૦૧૨–૨૦૧૩
૨૦૧૩–૨૦૧૪
૨૦૧૪–૨૦૧૫
૨૦૧૫–૨૦૧૬
૨૦૧૬–૨૦૧૭
૨૦૧૭–૨૦૧૮
૨૦૧૮–૨૦૧૯

ઉત્તર: ૨.(બ) **૧) પ્રશ્નપત્ર છાપકામ અંગે વર્ષ ૨૦૧૩ થી ૨૦૧૮ સુધી નીચે મુજબ ભાવ હતા.**

I. Rates per page of composing and printing

II.

Sr. No.	Particulars	Approx Size	Rate
1	1st 100 copies or part thereof	17cms x 28cms	Rs.187.00/-
2	1st 1000 copies part thereof	"	Rs.300.00/-
3	Subsequent 100 copies of part thereof	"	Rs.9.70/-
4	Proof reading editing charges per page	"	Rs.10.00/-

- A surcharge of 33.33% will be levied on paper in Mathematics, Physics, Chemistry, Statistics, Computer Science, Business Maths, Taxation. All paper of B.Ed., Sanskrit, Hindi, Urdu, Persian, Arabic and Engineering, Medical and language other than Gujarati.
- Blocks if any will be charged for at 50 paisa per sq. cm (minimum Rs.36)
- Drawings, if any, required to be be charged to be made by us will be charged for at 50 paisa per cm (min Rs.36)

III. Rate for Folding Stitching, Pasting, Binding, Packing into envelop (inclusive of cost of Kraft paper envelopes and their printing).

		Rates per packet
i)	Packets of 10 or 30 copies in Kraft paper envelopes without cloth-line, sealing with the paper seal of the printer's	**Rs. 09.15**
ii)	Cost of cloth-line envelopes if required	**Rs. 17.26**
iii)	Cost of Poly packs Heat Seal Outer or inner Cover	**Rs. 12.92**

IIA. Paper Charges: Rs. 58.28 per 100 sheet per two page/one sheet
IIB. Paper wastage: 8% on total consumption of paper
III. Bulk Packing:

a.	Rate per Box packed as per details below seated Envelop to be packed in a corrugated card-board box. covered on all sides with polythene closed and battened cross-wise with un-breakable nylon tape, sealed with a heat seal	**Rs. 66.00**
b.	In case Center-wise packing is required to be done an extra charges per box.	**Rs. 66.00**

IV. Delivery Charges : (including labor charges for un loading) **Rs. 4260/-**

૨) પ્રશ્નપત્ર છાપકામ અંગે વર્ષ ૨૦૧૯ ના ભાવ નીચે મુજબ છે.

Sr. No.	Particulars	Rate
1	01 to 50 Copies per leaf	8.50/-
2	51 to 100 Copies per leaf	3.95/-
3	101 to 250 Copies per leaf	3.08/-
4	251 to 500 Copies per leaf	1.70/-
5	501 to 750 Copies per leaf	1.24/-
6	751 to 1000 Copies per leaf	1.01/-
7	1001 to 10000 Copies per leaf	1.97/-
8	10001 to 20000 Copies per leaf	1.78/-
9	More than 20000 Copies per leaf	1.78/-
10	Cloth lined envelope (with seals and security tape) packing charges (per envelope)	12.50/-
11	Exam centre wise shorting & packing charge (Inclusive of Cloth lined envelope with seals and security tape) (per envelope) (If Required)	17.50/-
12	Transportation charge per trip to Veer Narmad South Gujarat University Campus, Surat	8500/-
13	Direct transportation charge per trip to Surat City. (to be dispatched to the specified college which works as a strong room) (Optional Requirement)	8500/-
14	Direct transportation charge per trip to Rajpipla City. (to be dispatched to the specified college which works as a strong room) (Optional Requirement)	9000/-
15	Direct transportation charge per trip to Bharuch City. (to be dispatched to the specified college which works as a strong room) (Optional Requirement)	9000/-
16	Direct transportation charge per trip to Tapi City. (to be dispatched to the specified college which works as a strong room) (Optional Requirement)	8500/-
17	Direct transportation charge per trip to Ahwa City. (to be dispatched to the specified college which works as a strong room) (Optional Requirement)	8750/-
18	Direct transportation charge per trip to Navsari City. (to be dispatched to the specified college which works as a strong room) (Optional Requirement)	8500/-
19	Direct transportation charge per trip to Valsad City. (to be dispatched to the specified college which works as a strong room) (Optional Requirement)	7000/-
20	Direct transportation charge per trip to Daman (Dadra Nagar Haveli (U.T.) City. (to be dispatched to the specified college which works as a strong room) (Optional Requirement)	7000/-

શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.

પ્રશ્ન :૧. ૨૦૧૨–૧૩ થી ૨૦૧૬–૧૭ સુધીમાં ડીગ્રી અને માર્કશીટ ઓર્ડર રીન્યૂ અંગે સિન્ડિકેટમાં કયા કયા સિન્ડિકેટ સભ્યએ વિરોધ કરેલો?

ઉત્તર :૧. નોટીસની જરૂર છે.

શ્રી કિરણભાઈ ઘોઘારીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.

પ્રશ્ન :૧. ડીગ્રી સર્ટીફીકેટમાં પ્રિન્ટીગમાં પ્રિન્ટરની ભૂલના કારણે તેઓને કોઈ દંડની જોગવાઈ કરેલ છે.

ઉત્તર :૧. એની વ્યવસ્થા કરી છે, વિદ્યાર્થીઓને બીજી ડીગ્રી આપવામાં આવે છે. દંડ રૂપે પાર્ટીના બિલમાંથી રકમ કાપવામાં આવે છે.

ઉત્તર :૨ ડીગ્રી સર્ટીફીકેટમાં ભૂલના કારણે આવા દંડની જોગવાઈ કેટલી ડીગ્રી માટે કરેલ છે.

ઉત્તર :૨. નોટીસની જરૂર છે.

આ.ડૉ.અશ્વિનભાઈ શંકરભાઈ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.

પ્રશ્ન :૧. આ વર્ષમાં ટેન્ડરથી અપાયુ એમા કેટલો ફાયદો થયો?

ઉત્તર :૧. નોટીસની જરૂર છે.

શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.

પ્રશ્ન :૧. ૨૦૧૩ થી ૨૦૧૭ સુધીમાં પ્રશ્નપત્ર છાપકામ ટેન્ડર વગર કરવા માટે સરકારના કોઈ મંત્રી કે પ્રતિનિધિ દ્વારા ભલામણ કરવામાં આવેલ?

ઉત્તર: ૧. અભિગમલક્ષી પ્રશ્ન છે.

શ્રી મયુરભાઈ ચૌહાણે નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.

પ્રશ્ન : ૧. રૂા. ૫ લાખથી ઉપરનો ખર્ચ થયેલ હોય ફાઈનાન્સ કે સિન્ડિકેટમાં મંજૂર કરવામાં આવેલ છે?

ઉત્તર : ૧. નોટિસની જરૂર છે.

પ્રશ્નઃ ૨.(ક) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ કુલપતિશ્રીને તેમના છ વર્ષના સમયગાળામાં યુનિવર્સિટી માંથી કુલ કેટલી રજા મળવા પાત્ર હતી? જે પૈકી આ છ વર્ષના સમયગાળામાં તેમણે કેટલી રજા ભોગવી હતી ? શ્રી ઠાકરને તેમની નિવૃતી બાદ કુલ કેટલી રજાનો પગાર ચુકવાયો હતો ? તેઓની આ રજા ચુકવવાનો આદેશ કોની સહિથી કરાયો હતો ?

ઉત્તરઃ ૨.(ક) શ્રી ગૌરાંગ વૈદ્યની ફરીયાદ સંદર્ભે આ બાબતે શ્રી રામસિંહ રાજપૂતની તપાસ સમિતિનો અહેવાલ અને શ્રી ચંદ્રેશ વીનના લીગલ અભિપ્રાય અંતર્ગત સિન્ડિકેટના ઠરાવ્યાનુસાર નિયમાનુસાર કાર્યવાહી કરવાની રહે છે.

શ્રી ગૌરાંગભાઈ વિજયરાય વૈદ્યએ નીચેના પૂરક પ્રશ્ન પૂછયા હતા.

પ્રશ્નઃ૧. કુલપતિશ્રીની પોસ્ટ શૈક્ષણિક ગણાય કે બિન–શૈક્ષણિક ગણાય?

ઉત્તરઃ૧. કુલપતિશ્રીની શૈક્ષણિક અને વહીવટી બંનેની જવાબદારી છે.

પ્રશ્નઃ૨. શૈક્ષણિક કે વહીવટી કર્મચારીઓ પ્રમાણે રજાઓ મળે છે?

ઉત્તરઃ૨. બંનેના સરકારી ધારાધોરણ પ્રમાણે રજા મળે છે. જીસીએસઆરના નિયમ મુજબ.

શ્રી મયુરભાઈ ચૌહાણએ નીચેના પૂરક પ્રશ્ન પૂછયા હતા.

પ્રશ્ન :૧. નિયમ જણાવશો ?

ઉત્તરઃ૧. નોટિશની જરૂર છે.

પ્રશ્નઃ ૨.(ઙ) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન નીચેના પ્રાચાર્યોની નિમણૂંક વખતની સીનોપ્સીસ તથા આ પ્રાચાર્યોની નિમણૂંક વખતની કાર્યવાહિ પ્રમાણીત નકલ તથા આ ઈન્ટરવ્યુમાં ગયેલ વી.સી.નોમીની તથા સબ્જેકટ એક્ષપર્ટના નામો પાઠવશોજી તથા તેના ઉપરની કાર્યાલય નોધની પ્રમાણીત નકલ પાઠવશોજી.

૧	આ.શ્રી રશ્મીબેન મંદિરવાલા	શ્રી સી.જે પટેલ વિદ્યામંદિર કોમર્સ કોલેજ
૨	આ. શ્રી કેયુરભાઈ નાયક	લક્ષ્મી ઈન્ડસ્ટીટયુટ ઓફ કોમર્સ
૩	આ.શ્રી ફાલ્ગુનીબેન વાંસિયા	નારણલાલા ઈન્સ્ટીટયુટ ઓફ ટીચર એજયુકેશન
૪	આ.શ્રી ચીરાંગી દેસાઈ	નારણલાલા કોલેજ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ

ઉત્તરઃ ૨.(ઙ) વી. સી. નોમીની તથા સબ્જેકટ એક્ષપર્ટના નામો નીચે મુજબ છે. પ્રાચાર્યોની નિમણૂંક વખતની સીનોપ્સીસ, પ્રાચાર્યોની નિમણૂંક વખતની કાર્યવાહીની પ્રામાણિક નકલ તથા તેના ઉપરની કાર્યાલય નોંધની પ્રમાણીત નકલ સભા સમયે ટેબલ ઉપર રજૂ કરવામાં આવી હતી.

ક્રમ	**આચાર્યોના નામ**	**કોલેજનું નામ**	**વી.સી.નોમીની નું નામ**	**સબ્જેકટ એક્ષપર્ટનું નામ**
૧	આ. શ્રી રશ્મીબેન મંદિરવાલા	શ્રી સી. જે. પટેલ વિદ્યામંદિર કોમર્સ કોલેજ	આ. ડી. વિક્રમભાઈ બી. દેસાઈ	આ. ડી. જાગૃતિ કમલેશભાઈ પટેલ
૨	આ. શ્રી કેયુરભાઈ નાયક	લક્ષ્મી ઈન્સ્ટીટયુટ ઓફ કોમર્સ	આ. શ્રી જે. એમ. નાયક	ડી. વિનોદભાઈ એન. પટેલ
૩	આ. શ્રી ફાલ્ગુનીબેન વાંસિયા	નારણલાલા ઈન્સ્ટીટયુટ ઓફ ટીચર એજયુકેશન	આ. ડી. વિક્રમભાઈ બી. દેસાઈ	આ. ડી. કિશોરભાઈ આર. નાયક
૪	આ. શ્રી ચીરાંગી દેસાઈ	નારણલાલા કોલેજ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ	આ. ડી. વિક્રમભાઈ બી. દેસાઈ	આ. ડી. કિશોરભાઈ આર. નાયક

પ્રશ્ન: ૨.(ઈ) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન સેલ્ફ ફાયનાન્સ કોલેજોમાં શૈક્ષણીક વર્ષ ૨૦૧૧–૧૨ થી શૈક્ષણીક વર્ષ ૨૦૧૮–૧૯ સુધીમાં જેટલા પ્રીન્સીપાલોની નિમણૂંક કરવામાં આવી છે તેની માહિતિ નીચે દર્શાવ્યા મુજબ પાઠવશોજી.

શૈક્ષણિક વર્ષ	કોલેજનું નામ	કુલપતિના નોમીનીનું નામ	વિષય નિષ્ણાંતનું નામ	પસંદગી પામેલ પ્રિન્સીપાલનું નામ
૨૦૧૧–૨૦૧૨				
૨૦૧૨–૨૦૧૩				
૨૦૧૩–૨૦૧૪				
૨૦૧૪–૨૦૧૫				
૨૦૧૫–૨૦૧૬				
૨૦૧૬–૨૦૧૭				
૨૦૧૭–૨૦૧૮				
૨૦૧૮–૨૦૧૯				

ઉપરોકત આચાર્યોની નિમણૂંક ભલામણ પત્ર તથા તેની ઉપરની કાર્યાલય નોંધની પ્રમાણીત નકલો પાઠવશોજી.

ઉત્તર: ૨.(ઈ) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન સેલ્ફ ફાયનાન્સ કોલેજોમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૧–૧૨ થી શૈક્ષણિક વર્ષ ૨૦૧૮–૧૯ સુધીમાં જેટલા પ્રીન્સીપાલોની નિમણૂંક કરવામાં આવી છે તેની માહિતિ નીચે દર્શાવ્યા મુજબ છે. તથા આચાર્યોની નિમણૂંકના ભલામણ પત્ર તથા તેની ઉપરની કાર્યાલય નોંધની પ્રમાણીત નકલો સભા સમયે ટેબલ ઉપર રજૂ કરવામાં આવી હતી.

શૈક્ષણિક વર્ષ અને તારીખ	**કોલેજનું નામ**	**કુલપતિના નોમીનીનું નામ**	**વિષય નિષ્ણાંતનું નામ**	**પસંદગી પામેલ પ્રીન્સીપાલનું નામ**
૧૨–૧–૨૦૧૧	બી.સી.એ. કોલેજ, સાબરગામ	આ. ડૉ. કે. એન. ચાવડા	ડૉ. મોહિનીબેન ગઢિયા	શ્રી નટવરસિંહ બી. મહિડા
૨૭–૧–૨૦૧૧	શ્રીમતી ઝેડ.એસ. પટેલ કોલેજ ઓફ મેનેજમેન્ટ એન્ડ ટેકનોલોજી (બી.બી.એ.), સુરત	આ. ડૉ. જયોતીબેન નાયક	આ. યોગેશભાઈ ભટ્ટ	ડૉ. દિલિપ સી. શાહ
૦૯–૩–૨૦૧૧	લક્ષ્મી ઈન્સ્ટીટયુટ ઓફ કોમર્સ (બી.બી.એ.), સરીગામ	આ. શ્રી જે. એમ. નાયક	ડૉ. વિનોદભાઈ એન. પટેલ	ડૉ. કેયુર એમ. નાયક
૨૯–૬–૨૦૧૧	અંબાબા કોમર્સ કોલેજ એન્ડ મણીબા ઈન્સ્ટીટયુટ ઓફ બીઝનેસ મેનેજમેન્ટ, બી.સી.એ. કોલેજ, સાબરગામ	આ. ડૉ. કે.એન. ચાવડા	આ. ડૉ. જયેન્દ્રસિંહ પી. ગોહિલ	ડૉ. પી.એચ. ભાઠાવાલા

શૈક્ષણિક વર્ષ અને તારીખ	કોલેજનું નામ	કુલપતિના નોમીનીનું નામ	વિષય નિષ્ણાંતનું નામ	પસંદગી પામેલ પ્રીન્સીપાલનું નામ
૦૮–૯–૨૦૧૧	એમ. એસ. પાઠક હોમિયોપેથીક મેડીકલ કોલેજ એન્ડ હોસ્પિટલ, વડોદરા	ડી. ઘનશ્યામભાઈ ડી. રાવલ	આ. ડી. કે. એન. ચાવડા	ડી. અલ્પેશ અરૂણકુમાર શાહ
૦૯–૪–૨૦૧૩	જય જલારામ તાલીમી સ્નાતક મહાવિદ્યાલય, થવા	આ.ડી.વિજયભાઈ એ. જોષી	આ. ડી. પ્રફુલ્લસિંહ રાજ	ડી. જયેશભાઈ ધીરૂભાઈ પટેલ
૦૩–૫–૨૦૧૩	નારણલાલા ઈન્સ્ટીટયુટ ઓફ ટીચર એજયુકેશન, નવસારી	આ. ડી. વિક્રમભાઈ બી. દેસાઈ	આ. ડી. વિનોદભાઈ જી. પટેલ	ડી. રાકેશભાઈ નાનુભાઈ પટેલ
૨૯–૫–૨૦૧૩	શ્રી મણિલાલ કડકીયા કોલેજ ઓફ મેનેજમેન્ટ એન્ડ કોમ્પ્યુટર સ્ટડીઝ (બી.બી.એ./ બી.સી.એ. પ્રોગ્રામ),અંકલેશ્વર	ડી. અપૂર્વ દેસાઈ	આ. ડી. વી. ડી. નાયક	ડી. ભટ્ટ બાબારાજુ કીકુભાઈ
૨૧–૬–૨૦૧૩	ભારતીમૈયા કોલેજ ઓફ ઓપ્ટોમેટ્રી	આ.ડૉ.અશ્વિન ભાઈ પટેલ	ડૉ.રાઘવેન્દ્ર દીક્ષીત	ડૉ.મહેન્દ્રસિંહ ડી. ચૌહાણ
૨૮–૬–૨૦૧૩	કે.બી.એસ. કોમર્સ એન્ડ નટરાજ પ્રોફેશનલ સાયન્સીસ કોલેજ, વાપી	આ.ડી. વિક્રમભાઈ બી. દેસાઈ	આ. ડી. જે. એમ. નાયક	ડી. કે. એલ. દુઆ
૨૪–૮–૨૦૧૩	સાસ્કમા ઈંગ્લિશ મીડીયમ કોમર્સ કોલેજ, સુરત	આ. ડી. નિતિભાઈ પટેલ	આ. ડી. વિનોદભાઈ પટેલ	ડી. ઉપેન્દ્ર ટી. દેસાઈ
૧–૧૦–૨૦૧૪	બી.જે. પટેલ કોલેજ ઓફ એજયુકેશન, બારડોલી	આ. ડી. પ્રફુલ્લસિંહ જે. રાજ	આ. ડી. વિનોદભાઈ જી. પટેલ	ડી. કિન્નરી ભરતભાઈ પટેલ
૧૮–૪–૨૦૧૫	શ્રી નર્મદા ગ્રામ વિદ્યાપીઠ, માંગરોલ	ડી. એસ. શ્રીનિવાસ રાવ	ડી. પરવેઝ અબ્બાસી	ડી. સુધીરકુમાર હરિપ્રસાદજાની
૨૮–૪–૨૦૧૫	શ્રીમતી પી.એન.પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, બારડોલી	આ. ડી. વિનોદભાઈ એન. પટેલ	આ. ડી. પ્રફુલ્લસિંહ જે. રાજ	ડૉ. આનંદકુમાર યશોધર ભટ્ટ
૦૧–૫–૨૦૧૫	અંબાબા કોમર્સ કોલેજ, મણીબા ઈનસ્ટિટયુટ ઓફ બિઝનેશ મેનેજમેન્ટ એન્ડ દેવિબા નિસ્ટિટયુટ ઓફ કોમ્પ્યુટર એપ્લિકેશન, સાબરગામ, સુરત	ડી. અપૂર્વ દેસાઈ	ડી. વિનોદભાઈ પટેલ	ડૉ. બાબા રાજુ ભટ્ટ

૧૮–૬–૨૦૧૫	શ્રી સી.જે. પટેલ વિદ્યાધામ કોમર્સ કોલેજ (અંગ્રેજી અને ગુજરાતી માધ્યમ), વરિયાવ, સુરત	આ. ડા. વિક્રમભાઈ બી. દેસાઈ	આ. ડા. જાગૃતિ કમલેશભાઈ પટેલ	ડૉ. મંદિરવાલા રશ્મિ દિનેશચંદ્ર
૧૮–૬–૨૦૧૫	શ્રીમતી જી.એન. પંડ્યા કોમર્સ કોલેજ, ભેસ્તાન, સુરત	આ. ડા. વિપીનભાઈ ડી. નાયક	આ. ડા. કે. એન. ચાવડા	ડૉ. પિયુષ વિષ્ણુપ્રસાદ દેસાઈ
૧૯–૬–૨૦૧૫	ભગવાન મહાવીર કોલેજ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી, સુરત	આ. ડા. અશ્વીનભાઈ એસ. પટેલ	આ. ડા. ભાવિનકુમાર આર. નાયક	ડૉ. પિયુષ વિષ્ણુપ્રસાદ દેસાઈ
૦૨–૭–૨૦૧૫	પ્રો.વી.બી. શાહ ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ એન્ડ આર.વી. પટેલ કોલેજ ઓફ કોમર્સ એન્ડ વી.એલ. શાહ કોલેજ ઓફ કોમર્સ એન્ડ આર.કે. શાહ વીમેન્સ આર્ટસ્ કોલેજ, અમરોલી	ડા. અપૂર્વ દેસાઈ	આ. ડા. વિપીનભાઈ ડી. નાયક	ભટ્ટ યોગેશકુમાર લક્ષ્મીશંકર
૧૨–૭–૨૦૧૫	શ્રીમતી તનુબેન અને ડા. મનુભાઈ ત્રિવેદી કોલેજ ઓફ ઈન્ફોર્મેશન સાયન્સ, સુરત	ડા. એસ. કે. ટાંક	ડા. મોહિનીબેન ગઢિયા	ડા. સોમાભાઈ વિઠ્ઠલભાઈ પટેલ
૧૧–૮–૨૦૧૫	શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ્. કોલેજ પાંડેસરા, સુરત	આ. ડા. પ્રફુલ્લસિંહ જે. રાજ	આ. ડા. જયેન્દ્રસિંહ પી. ગોહિલ	ડા. રાવલ ભાવેશકુમાર ઈશ્વરભાઈ
૧૫–૯–૨૦૧૫	સી.ડી.પચ્ચીગર હોમિયોપેથીક મેડીકલ કોલેજ, સુરત	આ. ડા. મહેન્દ્રસિંહ ડી. ચૌહાણ	ડા. ઘનશ્યામભાઈ ડી. રાવલ	ડા. શાસ્ત્રી વિપુલ રાજેન્દ્રભાઈ
૩૦–૧૧–૨૦૧૫	નારણલાલા ઈનસ્ટીટ્યુટ ઓફ ટીચર એજ્યુકેશન, નવસારી	આ. ડા. વિક્રમભાઈ બી. દેસાઈ	આ. ડા. કિશોરભાઈ આર. નાયક	ડા. વાંસિયા ફાલ્ગુનિ સુરેન્દ્રસિંહ
૧૫–૧૨–૨૦૧૫	નારણલાલા કોલેજ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ, નવસારી	આ. ડા. વિક્રમભાઈ બી. દેસાઈ	આ. ડા. કિશોરભાઈ આર. નાયક	ડા. દેસાઈ ચિરાંગી હરીશકુમાર
૧૭–૩–૨૦૧૬	શ્રીમતી જી.એન. પંડ્યા કોમર્સ એન્ડ સાયન્સ કોલેજ, સુરત	ડા. મોહિનીબેન ગઢિયા	આ. ડા. અશોકભાઈ એમ. દેસાઈ	ડા. હેમંતકુમાર પ્રાણલાલ પંડ્યા
૧૭–૫–૨૦૧૬	શ્રી સરસ્વતી કોલેજ ઓફ સોશ્યલ વર્ક, મોરીયાણા, ભરૂચ	આ. ડા. વિક્રમભાઈ બી. દેસાઈ	આ. ડા. ભાસ્કર એમ. રાવલ	ડા. સુધીરકુમાર હરિપ્રસાદ જાની

૨૧–૫–૨૦૧૬	સાન્દ્રા શ્રોફ રોફેલ કોલેજ ઓફ નર્સિંગ, વાપી	ડૉ. કે. એન. ભટ્ટ	આ. ડૉ. મહેન્દ્રસિંહ ડી. ચૌહાણ	શ્રીમતી ટી. કે. ભૂતિયા
૨૯–૬–૨૦૧૬	આર. કે. દેસાઈ કોલેજ ઓફ એજ્યુકેશન, વાપી	આ. ડૉ. કિશોરભાઈ આર. નાયક	આ. ડૉ. પ્રફુલ્લસિંહ જે. રાજ	ડૉ. ચૌહાણ પ્રિતીબેન જીવનભાઈ
૦૭–૭–૨૦૧૬	શ્રી નર્મદા કોલેજ ઓફ એજ્યુકેશન, માંગરોલ	આ.ડૉ. નિતિનભાઈ એમ. પટેલ	આ. ડૉ. ભારતીબેન એમ. પંચોલી	ડૉ. ચૌધરી રાયસિંહભાઈ બિમાસિયાભાઈ
૧૧–૪–૨૦૧૭	શ્રીમતી જી.એન. પંડ્યા સાયન્સ કોલેજ, સુરત	આ. ડૉ. વિક્રમભાઈ બી. દેસાઈ	આ. ડૉ. કિશોરસિંહ એન. ચાવડા	ડૉ. પ્રતિભા ભિખુભાઈ દેસાઈ
૧૩–૪–૨૦૧૭	એસ.આર. પટેલ બી.એડ્. કોલેજ, સુરત	આ. ડૉ. અશોકભાઈ એમ. દેસાઈ	આ. ડૉ. વિનોદચંદ્ર એન. પટેલ	ડૉ. બારડ પત્રલેખા અમરસિંહ
૦૫–૫–૨૦૧૭	જમનાબેન નરોત્તમભાઈ મોતીરામ પટેલ સાયન્સ કોલેજ, ભરથાણા(વેસુ), સુરત	આ. ડૉ. વિપીનભાઈ ડી. નાયક	આ. ડૉ. કિશોરસિંહ એન. ચાવડા	ડૉ. મહેશકુમાર નાથુભાઈ વશી
૧૫–૫–૨૦૧૭	ડી. આર. પટેલ અને આર. બી. પટેલ કોમર્સ કોલેજ, ભરથાણા(વેસુ), સુરત	આ. ડૉ. વિક્રમભાઈ બી. દેસાઈ	આ. ડૉ. વિપીનભાઈ ડી. નાયક	ડૉ. દેસાઈ જનકરાય જયંતિલાલ
૦૧–૬–૨૦૧૭	આર. કે. દેસાઈ સાયન્સ કોલેજ, વાપી	આ. ડૉ. વિક્રમભાઈ બી. દેસાઈ	આ. ડૉ. વિકાસભાઈ એ. દેસાઈ	ડૉ. મહેતા ભાવિનકુમાર પ્રવિણચંદ્ર
૨૯–૬–૨૦૧૭	શ્રી નર્મદા એમ.એસ. ડબલ્યુ કોલેજ, માંગરોલ	આ.ડૉ. નિતિનભાઈ એમ. પટેલ	આ. ડૉ. અશ્વીનકુમાર ડી. પંડ્યા	ડૉ. મનુભાઈ હીરાભાઈ મકવાણા
૧૬–૧૦–૨૦૧૭	શ્રી મણિલાલ કડકીયા કોલેજ ઓફ મેનેજમેન્ટ એન્ડ કોમ્પ્યુટર સ્ટડીઝ, અંકલેશ્વર	આ.ડૉ. નિતિનભાઈ એમ. પટેલ	ડૉ. મનિષાબેન પાનવાલા	ડૉ. તારા દત્ત તિવારી
૦૬–૨–૨૦૧૮	ધી માંડવી એજ્યુકેશન સોસાયટી બી.બી.એ., બી.સી.એ., બી.એસસી., અને એમ.એસસી. કોલેજ, માંડવી	ડૉ. અનિલકુમાર સી. ગોસ્વામી	ડૉ. રેણુકાબહેન ગર્ગ	ડૉ. રાવલ જિગ્નેશ પ્રિયકાંત
૦૩–૪–૨૦૧૮	ઉધના સિટિઝન કોમર્સ કોલેજ એન્ડ એસ.પી.બી. કોલેજ ઓફ બીઝનેસ એડમીનીસ્ટ્રેશન એન્ડ શ્રીમતી	ડૉ. ભરતભાઈ ઠાકોર	ડૉ.રેણુકાબહેન ગર્ગ	ડૉ. દેસાઈ મેહુલકુમાર પ્રકાશચંદ્ર

	દિવાળીબેન હરજીભાઈ ગોડલીયા કોલેજ ઓફ બી.સી.એ. એન્ડ આઈ.ટી., ઉધના, સુરત			
૨૦–૪–૨૦૧૮	સ્વામી નારાયણસ્વરૂપ બી.એડ્. કોલેજ, અંકલેશ્વર, ભરૂચ	ડૉ. તરૂણ તેજવાણી	આ. ડૉ. જયેન્દ્રસિંહ પી. ગોહિલ	ડૉ. કૌશલકુમાર હરિશચંદ્ર પારેખ
૩૦–૭–૨૦૧૮	કોલેજ ઓફ એજયુકેશન, નાની દમણ	ડૉ. કેતન સી. દેસાઈ	ડૉ. રાજેન્દ્ર બી. પટેલ	ડૉ. પટેલ જયેશકુમાર ધીરૂભાઈ

પ્રશ્ન: ૨.(ફ) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના વિદ્યાર્થી ભાઈઓ બહેનોએ કઈ કઈ સ્પર્ધામાં કયા કયા ચંદ્રકો મેળવ્યા છે તેની નીચે દર્શાવેલા શૈક્ષણિક વર્ષ પ્રમાણે વિદ્યાર્થીના નામ અને રમતના નામ સાથેની માહિતી પાઠવશોજી.

શૈક્ષણિક વર્ષ
૨૦૦૮–૨૦૦૯
૨૦૦૯–૨૦૧૦
૨૦૧૦–૨૦૧૧
૨૦૧૧–૨૦૧૨
૨૦૧૨–૨૦૧૩
૨૦૧૩–૨૦૧૪
૨૦૧૪–૨૦૧૫
૨૦૧૫–૨૦૧૬
૨૦૧૬–૨૦૧૭
૨૦૧૭–૨૦૧૮
૨૦૧૮–૨૦૧૯

ઉત્તર: ૨.(ફ) – વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા વેસ્ટ ઝોન અને ઓલ ઈન્ડિયા આંતર યુનિવર્સિટી ટીમ સ્પર્ધામાં મેળવેલ સિધ્ધિઓઃ–

No.	Name of the Game	Name of the Organize University	Competition held	Year	Position
1	Cricket (Men)	Mumbai University	Mumbai	2008	4th Place
2	Badminton (Women)	Jabalpur	Jabalpur	2009	West zone Champion 1st Place
3	Badminton (Women)	Manglore	Manglore	2009	All India 3rd Place
4	Badminton (Women)	V.N.S.G.University	Surat	2010	West zone Champion 1st Place
5	Badminton (Women)	Vijaywada	Vijaywada	2010	All India 1st Place
6	Cricket (Men)	Barkattulha University	Bhopal	2011-12	3rd Place
7	Tennis (Men)	V.N.S.G.University	Surat	2013-14	4th Place

8	Volley Ball (Women)	Rajasthan University	Jaipur	2013-14	4th Place
9	Badminton (Women)	Sagar University	Sagar	2013-14	2nd Place
10	Cricket (Women)	V.N.S.G.University	Surat	2013-14	Quarter Final
11	Table Tennis (Men/Women)	Nagpur University	Nagpur	2011-12	Quarter Final
12	Badminton (Women)	R.G.P. University	Bhopal	2014-15	Champion
13	Badminton (Women)	L.N.I.P.E. University	Gwalior	2015-16	2nd Place
14	Volley Ball(Men)	T.I.T.R.P.V. University	Bhopal	2015-16	3rd Place
15	Table-Tennis (Men)	T.I.T. University	Bhopal	2015-16	2nd Place
16	Volley Ball (Men)	H.N.Guj. University	Patan	2016-17	West Zone 3rd Place
17	Cricket (Men)	Barktullah University	Bhopal	2016-17	2nd Place
18	Table- Tennis (Men)	Gujarat University	Ahmedabad	2016-17	3rd Place
19	Badminton (Women)	S.R.T.M University	Nanded	2017-18	2nd Place
20	Table–Tennis (Women)	Dr. Babasaheb Ambedkar University	Aurangabad	2018-19	3rd Place

– વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા આંતર રાષ્ટ્રીય કક્ષા, નેશનલ કક્ષાએ તેમજ વેસ્ટ ઝોન અને ઓલ ઈન્ડિયા આંતર યુનિવર્સિટી ખેલાડીઓ (ભાઈઓ/બહેનો) દ્વારા મેળવેલ સિધ્ધિઓઃ–

Sr. No.	Name of the Players	Name of Tournament	Year	Organised by Place	Secured
1	Mr. Patel Sunny J.	Ranji Trophy Palyer	2008	Gujarat	Select
2	Kum.Makhaniya Bhumika B.	Ranji Trophy Palyer	2008	Gujarat	Select
3.	Kum. Patel Purvi R.	Ranji Trophy Palyer	2008	Gujarat	Select
4.	Kum. Vaidhya Jinee B.	Ranji Trophy Palyer	2008	Gujarat	Select

5.	Kum.Makhaniya Bhumika B.	Ranji Trophy Palyer	2009	Gujarat	Select
6.	Kum. Patel Purvi R.	Ranji Trophy Palyer	2009	Gujarat	Select
7.	Kum. Vaidhya Jinee B.	Ranji Trophy Palyer	2009	Gujarat	Select
8	Mr. Patel Sunny J.	Ranji Trophy Palyer	2009	Gujarat	Select
9.	Mr. Patel Mehul B.	Ranji Trophy Palyer	2009	Gujarat	Select
10.	Kum. Pooja Chaurushi	Trithlon	2009	Kazakhistan	Bronze Medal
11.	Kum. Baria Vaishali	Badminton (Women)	2009	Chaina	Represe nt Indian Universi ty Team
12.	Mr. Karanveersingh	Boxing (Men)	2009	Udaipur	Bronze Medal
13.	Kum. Priyanka Patel	Badminton (Women)	2010	Chaina	Represe nt Indian Universi ty Team
14.	Kum. Baria Vaishali	Badminton (Women)	2010	Chaina	Represent Indian University Team
15.	Mr. Hitendra G. Patel	Swimming (Men)	2013-14	Kolkata	Bronze Medal
16.	Kum. Sarita Gayakwad	All India Inter University Athletics Meet	2014-15	Manglore University	Bronze Medal
16.	Mr. Raj Bhanvadiya	Swimming (Men)	2014-15	Jain University, Banglore	2 Silvar Medal 2 Bronze Medal
17.	Kum. Sarita Gayakwad	All India Inter University Athletics Meet	2015-16	Panjab University, Patiyala	Silver Medal
18.	Mr. Murli Gavit	All India Cross Country (Men)	2015-16	Manglore University	Silver Medal

19.	Mr. Parki Kishan	All India Taekwondo(Men)	2015-16	Kurukshetra University	Bronze Medal
20.	Kum. Sarita Gayakwad	All India Inter University Athletics Meet	2016-17	Anna Uni., Coimature	One Gold Medal
21.	Mr. Raj Bhanvadiya	All India Inter University Swimming Competition	2016-17	Punjab Uni.,m Chandigar	2 Gold & 1 Silver & 1 Bronze Medal
22.	Mr. Rahul Shekhavat	All India Inter University Taekwondo (Men)	2017-18	G.N.D.University, Amritsar	One Gold Medal
23.	Mr. Parki Kishan	All India Inter University Taekwondo (Men)	2017-18	G.N.D.University, Amritsar	One Bronze Medal
24.	Kum. Shukla Nidhi	All India Inter University Taekwondo (Women)	2017-18	G.N.D.University, Amritsar	One Bronze Medal
25.	Kum. Deshmukh Gauri	All India Inter University Taekwondo (Women	2017-18	G.N.D.University, Amritsar	One Bronze Medal
26.	Kum. Shenan Christian	Badminton (Women)	2017-18	Malasiya	Represent Indian University Team
27.	Kum. Anjali Rawat	Badminton (Women)	2017-18	Malasiya	Represent Indian University Team
28.	Kum. Kalyani Saxena	All India Inter University Swimming (Women)	2018-19	V.T.University Banglore	1 Gold & 1 Silver & 1 Bronze Medal
29.	Mr. Bhargav Sailor	All India Inter University Swimming Men)	2018-19	V.T.University Banglore	Bronze Medal
30	Mr. Harishankar Nayar	All India Inter University Best Physique (Men)	2018-19	University of Calicut	Gold Medal (75 KG)
31.	Kum. Happy Patel	All India Inter University (Women)Roller Sports	2018-19	M.D. University Rohtak	Bronze Medal
32	Mr. Abhinav Tandel	Vizzy Trophy Palyer	2018-19	ITM University Gwalior	Select
32	Mr. Ankit Patel	Vizzy Trophy Palyer	2018-19	ITM University Gwalior	Select
33	Mr. Umang Patel	Vizzy Trophy Palyer	2018-19	ITM University Gwalior	Select
34	Mr. Parth Patel	Vizzy Trophy Palyer	2018-19	ITM University Gwalior	Select

શ્રી ગૌરાંગભાઈ વિજયરાય વૈદ્યએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો હતો.

પ્રશ્ન :૧. વી. ન. દ. ગુ. યુનિ. ના વિદ્યાર્થીઓએ ૨મતોની સ્પર્ધામાં સિધ્ધિ મેળવેલ હોય તેવા વિદ્યાર્થીઓને યુનિ. ધ્વારા સન્માનીત કર્યા છે?

ઉત્ત૨:૧. આજે આપણે સન્માન અંગે કોઈ ચર્ચા કરીશું નહિ.

પ્રશ્નઃ ૨.(ગ) યુનિવર્સિટીમાં હાલમાં અમલી FACT કમીટી શું છે ? અગાઉની આચાર સમિતિ અને હાલની FACT કમીટીમાં પાયાનો શું તફાવત છે ?

ઉત્તરઃ ૨.(ગ) આચાર સમિતિના સભ્યોની નિમણૂંક સિન્ડિકેટ દ્વારા કરવામાં આવતી હતી. જયારે FACT કમિટિની રચના ઓર્ડિનન્સ ૧૮૩(૮)(ii) અનુસાર કરવામાં આવે છે. જેમાં મા. ઉપકુલપતિશ્રી, કુલસચિવશ્રી, બે સિનિયર મોસ્ટ ડીન, બે સિન્ડિકેટ સભ્યો, એક એકેડેમિક કાઉન્સિલના સભ્ય, બે સેનેટના સભ્યશ્રી, બે યુનિવર્સિટી સંલગ્ન કોલેજના આચાર્યશ્રીઓ, એક યુનિવર્સિટીના વિભાગીય વડાશ્રી, બે અધ્યાપકો, એક રીટાર્યડ જજ અથવા સિનિયર વકીલ અને એક સામાજિક કાર્યકર હોય છે તથા આ તમામ સભ્યોમાં ઓછામાં ઓછી ત્રણ મહીલા સભ્યો હોય છે. તેમજ વિદ્યાર્થીઓને સજાને બદલે સુધારાત્મક પગલાંની જોગવાઈ કરવામાં આવી છે.

શ્રી ગૌરાંગભાઈ વિજયરાય વૈદ્યએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.

પ્રશ્ન :૧. આચાર સમિતિ અને ફેકટ કમિટિમાં મુળભૂત શું તફાવત છે ?

ઉત્તર:૧. આચાર સમિતિમાં વિશ્વ વિદ્યાલય સ્તર પર કામ કરતી હતી જયારે ફેક કમિટીમાં લોકલ એકઝામીનેશન કમિટી નિર્ણય લઈ શકે છે. ફેકટ કમીટીમાં વિદ્યાર્થીને શૂન્ય માર્કસ આપી બીજા દીવસોની પરીક્ષામાં બેસવા દેવામાં આવે છે.

શ્રી મયુરભાઈ ચૌહાણે નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.

પ્રશ્ન :૧. ફેકટ કમીટી બાદ વિદ્યાર્થીઓને શું લાભ થયો ?

ઉત્તર:૧. નિયમો સ્પષ્ટ છે. વિદ્યાર્થીને શૂન્ય માર્કસ આપી બીજા દીવસોની પરીક્ષામાં બેસવા દેવામાં આવે છે.

પ્રશ્ન :૨. ફેકટ કમીટી કયારથી અમલમાં આવી?

ઉત્તર:૨. ૧ વર્ષથી.

શ્રી ગૌરાંગભાઈ વિજયરાય વૈદ્યએ નીચેના પૂરક પ્રશ્નો પૂછયા હતા.

પ્રશ્ન :૧. કયા શૈક્ષણિક વર્ષથી?

ઉત્તર:૧. વર્ષઃ ૧૮–૧૯.

પ્રશ્ન :૨. યુનિવર્સિટીએ ઓર્ડીનન્સ પસાર કરેલ છે?

ઉત્તર:૨. સિન્ડિકેટ દ્વારા ઠરાવ કરવામાં આવેલ છે.

શ્રી મયુરભાઈ ચૌહાણે નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.

પ્રશ્ન :૧. આમાં કોઈ કમીટી બનેલી? કોણ કોણ સભ્યો હતાં ?

ઉત્તર:૧. નોટીસની જરૂર છે.

શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.

પ્રશ્ન :૧. ફેકટ કમીટીનાં યુનિવર્સિટીમાંથી કાગળો કોની પાસેથી લેવામાં આવ્યા?

ઉત્તર:૧. ૨–ઘ નો **પ્રશ્ન** નથી.

શ્રી મયુરભાઈ ચૌહાણે નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.

પ્રશ્ન :૧. કોઈ કેસ થયો અને તપાસમાં નિદોર્ષ છુટે તો તેને પરીક્ષા આપવા દેવામાં આવે છે?

ઉત્તર:૧. પરિણામ જાહેર કરવામાં આવે છે.

શ્રી મનીષકુમાર રમેશભાઈ કાપડીયાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.

પ્રશ્ન :૧. ફેકટ કમીટીમાં જગ્યા ખાલી કેટલી છે?

ઉત્તર:૧. ૧ જગ્યા ખાલી છે તેમા સભ્યને લેવાનાં થાય.

પ્રશ્નઃ ૨.(ઘ) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં કેલેન્ડર વર્ષ ૨૦૧૭ પછી કઈ કઈ નવી પોસ્ટો ઉભી કરવામાં આવી છે તેની માહિતી આપશો . આ નવી પોસ્ટો કઈ રીતે ભરવામાં આવી રહી છે?

યુનિવર્સિટી ફંડ માંથી લીગલ ઓફિસર, પબ્લીક રીલેશન ઓફિસર, પ્લેસમેન્ટ ઓફિસર (એચ.આર.ડી.), આસિસ્ટન્ટ કો–ઓર્ડિનેટર (એન.એસ.એસ.), કોચ (સ્વીમીંગ), ટેકનિકલ એડમીન (ઈ.આર.પી.), ટેકનિકલ આસિસ્ટન્ટ (ઈ.આર.પી.), સિકયુરીટી ગાર્ડસ, ડ્રાઈવર (બસ) વગેરે જગ્યાઓ ઉભી કરવામાં આવેલ છે. જે જગ્યાઓની અખબારોમાં જાહેરાત આપી વેબસાઈટ ઉપર મુકી ઈન્ટરવ્યું / ટાઈપીંગ ટેસ્ટ યોજી ભરવામાં આવી રહી છે.

શ્રી મયુરભાઈ ચૌહાણે નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.

પ્રશ્ન :૧. પોસ્ટો કેટલા સમયથી ખાલી હતી અને તેનું કારણ ?

ઉત્તર: ૧. નોટીસની જરૂર છે.

શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.

પ્રશ્ન :૧. નવી પોસ્ટોની ભરતી માટે કોઈ ભલામણ કે લાગવગથી લાગી ન જાય તે માટે કોઈ જોગવાઈ કરવામાં આવી છે?

ઉત્તર: ૧. અભિગમલક્ષી પ્રશ્ન છે.

પ્રશ્નઃ ૨.(જ) ડાંગ એક્ષપ્રેસના હુલામણા નામથી ઓળખાતી આપણી યુનિવર્સિટી છાત્રાએ આંતર રાષ્ટ્રીય સ્તરે કઈ સિધ્ધી મેળવેલ હતી ? આ તેણીની સીધ્ધીને યુનિવર્સિટી ધ્વારા બિરદાવાય હતી ? તેણીનો આંતર રાષ્ટ્રીય સીધ્ધી મેળવવા બદલ યુનિવર્સિટી તરફથી કોઈ પુરષ્કાર અપાયો હતો ? પુરષ્કાર કયા સ્વરૂપે હતો ? તેણીનું આવું સન્માન કરવાનો નિર્ણય કોનો હતો ?

ઉત્તરઃ ૨.(જ) એશિયન ચેમ્પયનશીપમાં ૪ x ૪૦૦ મી. રીલેરેસમાં કુ.સરિતા ગાયકવાડે ગોલ્ડમેડલ મેળવ્યો હતો. હા, તેણીની સીધ્ધીને યુનિ. દ્વારા બિરદાવાય હતી. આંતર રાષ્ટ્રીય સિધ્ધી મેળવવા બદલ યુનિ. તરફથી રૂા. ૨,૦૦,૦૦૦/– પુરસ્કાર અપાયો હતો.

પ્રશ્નઃ ૨.(ઝ) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની પરીક્ષાઓના પરિણામ પરીક્ષા પૂર્ણ થયા બાદ કેટલા સમયમાં જાહેર થયા છે તેની નીચેના શૈક્ષણિક વર્ષની માહિતિ આપશોજી.

શૈક્ષણિક વર્ષ
૨૦૧૧–૨૦૧૨
૨૦૧૨–૨૦૧૩
૨૦૧૩–૨૦૧૪
૨૦૧૪–૨૦૧૫
૨૦૧૫–૨૦૧૬
૨૦૧૬–૨૦૧૭
૨૦૧૭–૨૦૧૮
૨૦૧૮–૨૦૧૯

ઉત્તરઃ ૨.(ઝ) માહિતી સભા સમયે ટેબલ ઉપર રજૂ કરવામાં આવી હતી.

ડૉ.વિપુલભાઈ જમનાદાસ સોમાણીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.

પ્રશ્ન :૧. પરીક્ષા વિભાગને પરિણામ સબમિટ કર્યા પછી કેટલા દિવસમાં પરિણામ આવે છે ?

ઉત્તરઃ ૧. અંદાજીત બે અઠવાડિયામાં

પ્રશ્ન :૨. પરીક્ષાના પરિણામમાં જે કોઈ ડિલે થાય છે તે પરિક્ષણ કાર્ય માટે થાય છે ?

ઉત્તરઃ ૨. અભિગમલક્ષી પ્રશ્ન છે.

શ્રી મયુરભાઈ ચૌહાણે નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.

પ્રશ્ન :૧. ૨૦૧૮– ૧૯માં પરીક્ષાઓના રીઝલ્ટ કેટલા સમય પછી આવ્યા ?

ઉત્તરઃ ૧. નોટીસની જરૂર છે.

ડૉ.વિપુલભાઈ જમનાદાસ સોમાણીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.

પ્રશ્ન :૧. પરીક્ષાઓના પરિણામ જાહેર કરવામાં મીનીમમ, મેકસીમમ અને એવરેજ ટાઈમ આપશો ?

ઉત્તરઃ ૧. પરિણામો વેબસાઈટ પર જાહેર કરવામાં આવે છે તેમજ વાર્ષિક અહેવાલમાં બાબતો આપેલ હોય છે.

શ્રી મયુરભાઈ ચૌહાણે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૩. ૩.(A) નટવરલાલ વેપારી (C.A) ને કયા વર્ષથી ઓડીટનું કામ કયા સત્તામંડળની મંજૂરીથી આપવામાં આવેલ છે, તેમાં અન્ય કેટલા C.A ના ભાવપત્રકો/ ટેન્ડરો મંગાવવામાં આવેલ ?

ઉત્તરઃ ૩. ૩.(A) નટવરલાલ વેપારી (C.A.) ને યુનિવર્સિટી સિન્ડિકેટની મંજૂરીથી વર્ષ ૨૦૦૮–૦૯ થી ઓડિટનું કામ સોંપવામાં આવેલ હતું.

શ્રી મયુરભાઈ ચૌહાણે નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.

પ્રશ્ન :૧. ઓર્ડીનન્સ ૩૬ની જોગવાઈનો ભંગ થયો છે?

ઉત્તર:૧. અભિગમલક્ષી પ્રશ્ન છે.

શ્રી ગૌરાંગભાઈ વિજયરાય વૈદ્યએ નીચેના પૂરક પ્રશ્નો પૂછયા હતા.

પ્રશ્ન :૧. નટવરલાલ વેપારીને ઓડીટની કામગીરી સોંપવામાં આવી કે એકાઉન્ટ લખવાની કામગીરી સોપી?

ઉત્તર :૧. નોટીસની જરૂર છે.

પ્રશ્ન:૨. સિન્ડિકેટે વર્ષ ૨૦૦૮–૦૯ના ઓડિટનું કામ સોંપવામાં આવેલ હતું તો સાથે હિસાબો પણ લખ્યા છે તો તે કોણે મંજુરી આપી હતી?

ઉત્તર :૨. નોટીસની જરૂર છે.

પ્રશ્નઃ ૩.(B) જો સક્ષમ સત્તામંડળની મંજૂરી વગર નટવરલાલ વેપારી કંપનીને કામ– સોંપવામાં આવેલ હોય તો તે કોની મંજૂરીથી અને કયા નિયમ આધારે આપેલ છે, તેમાં કયા સિન્ડીકેટના ઠરાવનો ભંગ થાય છે તે ભંગ કરવા અને આર્થિક અનિયમિતતા/ ગડબડી માટે કોણ જવાબદાર છે ?

ઉત્તરઃ ૩.(B) સિન્ડિકેટના ઠરાવ અનુસાર તથા ઓર્ડિનન્સ–૩૬ ની જોગવાઈ મુજબ.

ડૉ.વિપુલભાઈ જમનાદાસ સોમાણીએ નીચેના પૂરક પ્રશ્નો પૂછયા હતા.

17	Cricket (Men)	Barktullah University	Bhopal	2016-17	2nd Place
18	Table- Tennis (Men)	Gujarat University	Ahmedabad	2016-17	3rd Place
19	Badminton (Women)	S.R.T.M University	Nanded	2017-18	2nd Place
20	Table–Tennis (Women)	Dr. Babasaheb Ambedkar University	Aurangabad	2018-19	3rd Place

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા આંતર રાષ્ટ્રીય કક્ષા, નેશનલ કક્ષાએ તેમજ વેસ્ટ ઝોન અને ઓલ ઈન્ડિયા આંતર યુનિવર્સિટી ખેલાડીઓ (ભાઈઓ/બહેનો) દ્વારા મેળવેલ સિધ્ધિઓઃ–

Sr. No.	Name of the Players	Name of Tournament	Year	Organised by Place	Secured
1	Mr. Patel Sunny J.	Ranji Trophy Palyer	2008	Gujarat	Select
2	Kum.Makhaniya Bhumika B.	Ranji Trophy Palyer	2008	Gujarat	Select
3.	Kum. Patel Purvi R.	Ranji Trophy Palyer	2008	Gujarat	Select
4.	Kum. Vaidhya Jinee B.	Ranji Trophy Palyer	2008	Gujarat	Select
5.	Kum.Makhaniya Bhumika B.	Ranji Trophy Palyer	2009	Gujarat	Select
6.	Kum. Patel Purvi R.	Ranji Trophy Palyer	2009	Gujarat	Select
7.	Kum. Vaidhya Jinee B.	Ranji Trophy Palyer	2009	Gujarat	Select
8	Mr. Patel Sunny J.	Ranji Trophy Palyer	2009	Gujarat	Select
9.	Mr. Patel Mehul B.	Ranji Trophy Palyer	2009	Gujarat	Select
10.	Kum. Pooja Chaurushi	Trithlon	2009	Kazakhistan	Bronze Medal
11.	Kum. Baria Vaishali	Badminton (Women)	2009	Chaina	Represent Indian University Team
12.	Mr. Karanveersingh	Boxing (Men)	2009	Udaipur	Bronze Medal
13.	Kum. Priyanka Patel	Badminton (Women)	2010	Chaina	Represent Indian University Team
14.	Kum. Baria Vaishali	Badminton (Women)	2010	Chaina	Represent Indian University Team
15.	Mr. Hitendra G. Patel	Swimming (Men)	2013-14	Kolkata	Bronze Medal
16.	Kum. Sarita Gayakwad	All India Inter University Athletics Meet	2014-15	Manglore University	Bronze Medal
16.	Mr. Raj Bhanvadiya	Swimming (Men)	2014-15	Jain University, Banglore	2 Silvar Medal 2 Bronze Medal
17.	Kum. Sarita Gayakwad	All India Inter University Athletics Meet	2015-16	Panjab University, Patiyala	Silver Medal

18.	Mr. Murli Gavit	All India Cross Country (Men)	2015-16	Manglore University	Silver Medal
19.	Mr. Parki Kishan	All India Taekwondo (Men)	2015-16	Kurukshetra University	Bronze Medal
20.	Kum. Sarita Gayakwad	All India Inter University Athletics Meet	2016-17	Anna Uni., Coimature	One Gold Medal
21.	Mr. Raj Bhanvadiya	All India Inter University Swimming Competition	2016-17	Punjab Uni.,m Chandigar	2 Gold & 1 Silver & 1 Bronze Medal
22.	Mr. Rahul Shekhavat	All India Inter University Taekwondo (Men)	2017-18	G.N.D.University, Amritsar	One Gold Medal
23.	Mr. Parki Kishan	All India Inter University Taekwondo (Men)	2017-18	G.N.D.University, Amritsar	One Bronze Medal
24.	Kum. Shukla Nidhi	All India Inter University Taekwondo (Women)	2017-18	G.N.D.University, Amritsar	One Bronze Medal
25.	Kum. Deshmukh Gauri	All India Inter University Taekwondo (Women	2017-18	G.N.D.University, Amritsar	One Bronze Medal
26.	Kum. Shenan Christian	Badminton (Women)	2017-18	Malasiya	Represent Indian University Team
27.	Kum. Anjali Rawat	Badminton (Women)	2017-18	Malasiya	Represent Indian University Team
28.	Kum. Kalyani Saxena	All India Inter University Swimming (Women)	2018-19	V.T.University Banglore	1 Gold & 1 Silver & 1 Bronze Medal
29.	Mr. Bhargav Sailor	All India Inter University Swimming (Men)	2018-19	V.T.University Banglore	Bronze Medal
30	Mr. Harishankar Nayar	All India Inter University Best Physique (Men)	2018-19	University of Calicut	Gold Medal (75 KG)
31.	Kum. Happy Patel	All India Inter University (Women)Roller Sports	2018-19	M.D. University Rohtak	Bronze Medal

32	Mr. Abhinav Tandel	Vizzy Trophy Palyer	2018-19	ITM University Gwalior	Select
32	Mr. Ankit Patel	Vizzy Trophy Palyer	2018-19	ITM University Gwalior	Select
33	Mr. Umang Patel	Vizzy Trophy Palyer	2018-19	ITM University Gwalior	Select
34	Mr. Parth Patel	Vizzy Trophy Palyer	2018-19	ITM University Gwalior	Select

(અ) એશિયન ચેમ્પયનશીપમાં ૪ x ૪૦૦ રીલેરેસમાં કુ. સરિતા ગાયકવાડે ગોલ્ડમેડલ મેળવ્યો હતો. યુનિ. તરફથી રૂા. ૨,૦૦,૦૦૦/– પુરસ્કાર આપ્યો હતો.

આ.ડૉ.વિપીનકુમાર દયાળજી નાયકે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૫૪. (A) મારી (ડૉ. વિ. ડી. નાયકની) Ph.D.guide તરીકેની માન્યતા બાબતે સેનેટ સભ્ય શ્રી મનીષભાઈ કાપડીયાની લેખિત ફરિયાદની નકલ સેનેટની પ્રશ્નોત્તરીમાં બિડાણ તરીકે રજૂ કરવા વિનંતી છે.

(B) સેનેટ સભ્ય શ્રી મનીષભાઈ કાપડીયાની આ ફરિયાદ અંગે કુલપતિશ્રીએ, RAC / BUT / AC ને સંપૂર્ણપણે Bypass કરીને, અસાધારણ સંજોગોમાં કુલપતિએ ઉપયોગમાં લેવાની થતી યુનિવર્સિટીના કાયદાની કલમ ૧૧ (૪) નો ઉપયોગ કરીને સિન્ડિકેટ વતી સીધી તપાસ સમિતિ નીમી હતી. તેમના આ પગલાં સંબંધિત માહિતિ જેવી કે, કયા પ્રકારની અસાધારણ સ્થિતિને કારણે, કયા અસાધારણ કારણો ધ્યાનમાં લેતાં, તેમને ખાસ સત્તા માટેની આ કલમનો ઉપયોગ કરવો જરુરી હતો, સમિતિમાં તેમણે નીમેલા સભ્યોનીજ નિમણુંક માટે જો કોઈ ખાસ કારણો તમણે જણાવ્યા હોય તો તની વિગતો વગેરે જેવી માહિતી, ની લેખિત નોંધ સાથેની જાણ જો તેમણે સિન્ડિકેટને કરી હોય તો તેની નકલ સેનેટની પ્રશ્નોત્તરીમાં બિડાણ તરીકે રજૂ કરવા વિનંતી છે.

(C) કુલપતિશ્રીએ, RAC / BUT / AC ને સંપૂર્ણપણે Bypass કરીને, અસાધારણ સંજોગોમાં કુલપતિએ ઉપયોગમાં લેવાની થતી યુનિવર્સિટીના કાયદાની કલમ ૧૧ (૪) નો ઉપયોગ કરીને સિન્ડિકેટ વતી સીધી નીમેલી ઉપર જણાવેલ સમિતિના (ક) સભ્યોના નામ, (ખ) દરેક સભ્યની Ph.D.guide તરીકેની માન્યતાનું સ્ટેટસ, (ગ) દરેક સભ્યનો સંશોધન ક્ષેત્રે અનુભવ, (ઘ) તેમના વિષયમાં રાષ્ટ્રિય કે આંતરરાષ્ટ્રિય રિસર્ચ જર્નલ્સમાં જો કોઈ સંશોધન લેખો પસિધ્ધ થયેલા હોય તો તેવા તેમના સંશોધન લેખોની સંલગ્ન વિગતો સાથેની યાદી, (ચ) તેમના માર્ગદર્શનામાં Ph.D. degree માટે નોંધયેલા સંશોધનાર્થીઓની યાદી (છ) તેમના માર્ગદર્શનામાં Ph.D. degree પ્રાપ્ત કરનાર સંશોધનાર્થીઓની યાદી સેનેટની પ્રશ્નોત્તરીમાં રજૂ કરવા વિનંતી છે.

(D) કુલપતિશ્રીએ, RAC / BUT / AC ને સંપૂર્ણપણે Bypass કરીને સિન્ડિકેટ વતી સીધી નીમેલી ઉપર જણાવેલ સમિતિએ (ક) તેનો રીપોર્ટ કઈ તારીખે રજૂ કર્યો હતો તેની માહિતી તથા (ખ) તે રીપોર્ટ કુલપતિશ્રીએ RAC / BUT / AC ને સંપૂર્ણપણે Bypass કરીને સીધોજ સિન્ડકેટ સમક્ષ કઈ તારીખે રજૂ કર્યો હતો તે માહિતિ સેનેટની પ્રશ્નોત્તરીમા રજૂ કરવા વિનંતી છે.

(E) આપણી યુનિવર્સિટીમાં Associate Professor તથા Professor /Principal ને તેમના એવા પદ સાથે મળતું Deemed to be recognized Ph.D.guide નું સ્ટેટસ/સન્માન આપવા માટે ઓર્ડિનન્સ દ્વારા વખતો–વખત કરવામાં આવેલી જોગાવઈઓની, ખાસ કરીને મને Deemed to be recognized Ph.D.guide નું સ્ટેટસ/સન્માન વર્ષ ૧૯૯૮માં મળેલું ત્યારથી વર્તમાન જોગાવઈ સુધીની સુધારા–વધારાઓ સાથે કરવામાં આવેલી જોગવાઈઓની, માહિતિ સેનેટની પ્રશ્નોત્તરીમાં રજૂ કરવા વિનંતી છે.

(F) કોઈપણ અધ્યાપકે Associate Professor (Reader) તરીકે યુનિવર્સિટીના અનુસ્નાતક વિભાગમાં શિક્ષણ/સંશોધન ક્ષેત્રે Deemed to be recognized Ph.D. guide તરીકેની સેવાઓ આપ્યા પછી તેમની Ph.D. guide તરીકેની સર્વાંગી ક્ષમતાઓમાં ઘટાડો થાય છે તેવું પૂરવાર કરતા કોઈ આધાર પુરાવાઓ હોય તો તે માહિતિ સેનેટની પ્રશ્નોત્તરીમાં રજૂ કરવા વિનંતી છે.

(G) આ યુનિવર્સિટીના કોઈપણ Deemed to be recognized Ph.D. guide તરીકેનું સ્ટેટસ/સન્માન ધરાવતા Associate Professor (Reader) યુનિવર્સિટીના અનુસ્નાતક વિભાગમાં શિક્ષણ/સંશોધન ક્ષેત્રે ગણનાપાત્ર સેવાઓ આપ્યા પછી આજ યુનિવર્સિટીની કોઈ કોલેજમાં યુનિવર્સિટી માન્ય આચાર્ય તરીકે નિમણૂંક પામે ત્યારે તેને મળેલ Deemed to be recognized Ph.D. guide તરીકેનું સન્માન રદ થતું હોવાની કોઈપણ જોગાવઈ યુનિવર્સિટીના કોઈપણ અધિકાર મંડળ દ્વારા કયારેય પણ કરવામાં આવી હોય તો તેના આધાર–પુરાવાઓની માહિતિ સેનેટની પ્રશ્નોત્તરીમાં રજૂ કરવા વિનંતી છે.

(H) આધારભૂત માહિતિ અનુસાર વી.ટી. ચોકસી સાર્વજનિક કોલેજ ઓફ એજયુકેશન, સુરતના નિવૃત આચાર્ય ડૉ. વિનોદભાઈ જી. પટેલ, ૧૯૯૫ માં યુનિવર્સિટીના શિક્ષણશાસ્ત્રના અનુસ્નાતક વિભાગમાં રીડર તરીકે જોદાયેલા ત્યારે તમને Deemed to be Recognized Ph.D. guide નું સ્ટેટસ/સન્માન પ્રાપ્ત થયું હતું. આ બાબત સાચી છે કે નહી તે માહિતિ સેનેટની પ્રશ્નોત્તરીમાં રજૂ કરવા વિનંતી છે.

(I) આચાર્ય ડૉ. વિનોદભાઈ જી. પટેલે યુનિવર્સિટીના શિક્ષણશાસ્ત્રના અનુસ્નાતક વિભાગમાં ૩ વર્ષ સુધી શિક્ષણ/સંશોધન ક્ષેત્રે સેવાઓ આપ્યા પછી ૧૯૯૮ માં આ યુનિવર્સિટી સંલગ્ન વી.ટી.ચોકસી સાર્વજનિક કોલેજ ઓફ એજયુકેશન, સુરત, માં યુનિવર્સિટી માન્ય આચાર્ય તરીકે નિમાયેલા ત્યારથી જે તે વખતના કુલપતિશ્રીઓ તથા RAC / BUT / AC/ Syndicate સહિતના તમામ અધિકાર મંડળોએ તેમનું આવું Deemed to be Recognized Ph.D. guide તરીકેનું સ્ટેટસ/સન્માન ચાલુ ગણેલ છે. ત્યારબાદ તમણે તેમની વિદ્યાશાખાનું ડીનનું પદ પણ સંભાળેલું અને કુલ ૩૨ સંશોધનાર્થીઓના Ph.D. guide તરીકેની યશસ્વી કામગીરી પણ તેમણે કરેલી છે તે બાબતો સાચી છે કે નહી તે માહિતિ સેનેટની પ્રશ્નોત્તરીમાં રજૂ કરવા વિનંતી છે.

(J) આચાર્ય ડૉ. વિનોદભાઈ જી. પટેલ ૧૯૯૮ માં આચાર્ય તરીકે જોડાયેલા ત્યારથી તેઓ નિવૃત થયા ત્યાં સુધી તમનું Deemed to be Recognized Ph.D. guide તરીકેનું તમામ યુનિવર્સિટીના અધિકાર મંડળો દ્વારા ચાલુ ગણાયેલ સ્ટેટસ/સન્માન અને તે દરમ્યાન તેમણે ૩૨ સંશોધનાર્થીઓને આપલું માર્ગદર્શન તમણે આચરલી કોઈ ગેરરીતી ન હતી, અને તેવી જ રીતે એપ્રિલ–૨૦૦૫ માં હું પણ આચાર્ય તરીકે જોડાયેલ ત્યારથી મે–૧૦૧૮ સુધી મારું Deemed to be Recognized Ph.D. guide તરીકેનું તમામ અધિકાર મંડળો દ્વારા ચાલુ ગણાયેલ સ્ટેટસ/સન્માન અને તે દરમ્યાન મેં ૧૩ સંશોધનાર્થીઓને આપલું માર્ગદર્શન પણ મેં આચરેલી કોઈ ગેરરીતી ન હતી તો એકાએક આ બાબતોને ગેરરીતોઓ ગણાવવા માટે સમિતિએ આધાર બનાવેલ છે તેવી RAC / BUT / AC/ Syndicate ની જે કોઈ જોગવાઈઓ હોય તો તે માહિતિ સેનેટની પ્રશ્નોત્તરીમાં રજૂ કરવા વિનંતી છે.

(K) સેનેટ સભ્ય શ્રી મનીષભાઈ કાપડીયાની મારી વિરુધ્ધની લેખિત ફરિયાદ અંગેની કોઈપણ લેખિત જાણ મને (ડૉ. વિ.ડી.નાયકને) કરવા વગર, મને સાંભળવા વગર, મને રજૂઆતની એકપણ તક અપવા વગર, RAC / BUT / AC ને સંપૂર્ણપણે Bypass કરીને, સિન્ડિકેટે મને ફટકારેલ પાંચ વર્ષ સુધી Ph.D. guide તરીકે માન્યતા નહી આપવાની, LIC માં નિમણૂંક નહી કરવાની, કુલપતિના પ્રતિનિધિ તરીકે નિમણૂંક નહી કરવાની વગેરે જેવી સજા, RAC / BUT / AC ની કોઈપણ ભલામણ વગર કરવા માટેની સત્તા અને એવી સજાના પ્રમાણ નકકી કરી લેવાની માટેની સિન્ડિકેટને સત્તા આપતી જોગવાઈઓના કોઈ આધાર–પુરાવાઓ હોય તો તે સેનેટની પ્રશ્નોત્તરીમાં રજૂ કરવા વિનંતી છે.

ઉત્તરઃ ૫૪. Statute : 36 (2) (i) (d) & (f) મુજબ.

શ્રી મનીષકુમાર રમેશભાઈ કાપડીયાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૫૫. આપણી યુનિવર્સિટીનાં કયા કયા ડીપાર્ટમેન્ટમાં નવા મકાન અને મરામત માટેની માંગણી કરવામાં આવેલી છે અને તેમાં કયા પ્રકારની કાર્યવાહી કરવામાં આવેલી છે તેની સંપૂર્ણ માહિતી આપવા વિનંતી ?

ઉત્તરઃ ૫૫. ડિપાર્ટમેન્ટના નવા બાંધકામ માટે

(૧) એકવેટિક બાયોલોજી વિભાગ

(૨) રૂરલ સ્ટડી વિભાગ

(૩) અંગ્રેજી ડિપાર્ટમેન્ટ લેન્ગવેજ લેબ માટે

(૪) કેમેસ્ટ્રી વિભાગ દ્વારા સેમિનાર હોલ માટે માંગણીઓ આવેલ છે.

(૫) યુસિક વિભાગ

મેજર રીપેરીગ માટે તાજેતરના વર્ષમાં કેમેસ્ટ્રી વિભાગમાં લેબોરેટરી રીપેર રીનોવેશન માટે, મેનેજમેન્ટ વિભાગમાં સેમિનાર હોલ અપગ્રેડેશન અને કલાસરૂમ પ્લેટફોર્મ, સમાજ વિજ્ઞાન ભવનમાં સેમિનાર હોલ અને અર્થશાસ્ત્ર વિભાગની કોમ્પ્યુટર લેબ, અર્થશાસ્ત્ર વિભાગના લાયબ્રેરી ફલોરીંગ, સમાજ વિજ્ઞાન ભવનમાં દરવાજા બદલવા, વિગેરેની કામગીરી કરવામાં આવેલ છે.

શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારીએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૫૬. યુનિવર્સિટીમા છેલ્લા બે વર્ષમા કેટલા કોર્ટ કેસો થયેલ છે ? કેટલા કેસ પેન્ડીગ છે ? કેટલા કેસનો નિકાલ થયો તો કેસ નંબર સાથે જણાવશો ?

(અ) દરેક યુનિ.ના કેસોમા વકીલ તરીકે કોને રોકવામા આવેલ છે તે દરેક કેસના વકીલોના નામ તથા તેને ચુકવવામા આવેલ ફીની માહિતી ?

(બ) કયા કેસમા કયા વકીલને રોકવા તે માટે કયા અધિકાર મંડળમાંથી પરવાનગી લેવામા આવેલ છે ?

(ક) યુનિવર્સિટીના કેસોમા વકીલોની પેનલ બનાવવા માટે કયારે વર્તમાનપત્રમા જાહેરાત આપી વકીલના નામો મંગાવવામાં આવ્યા છે તેની વિગત આપશો ?

ઉત્તરઃ ૫૬. Statute 36 (2) (i) (g) મુજબ.

શ્રી કનુભાઈ મોતીભાઈ અલગોતરે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૫૭. યુનિવર્સિટી પરિપત્ર મુજબ એન. એસ. એસ., એન.સી.સી. સ્પોર્ટસ જેવા જેવી અઘર એકટીવીટીમાં યુનિવર્સિટી પ્રતિનિધિત્વ કરતા વિદ્યાર્થીઓની પરીક્ષા અલગથી લેવામાં આવશે અત્યારે સુધી કેટલાની લેવામાં આવી પરિપત્રનો અમલ કરીયા.

ઉત્તરઃ ૫૭. એકેડેમિક કાઉન્સિલ તા. ૨૭–૧૧–૨૦૧૮ના ઠરાવ ક્રમાંકઃ ૪૩થી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવી હતી, સિન્ડિકેટ તા.૨૯–૧/૨–૨–૨૦૧૯ના ઠરાવ કમાંકઃ ૮૨ને અનુસંધાને મા.કુલપતિશ્રી દ્વારા નિયુકત સમિતિનો અહેવાલ સિન્ડિકેટ દ્વારા મંજૂર કરવામાં આવેલ હોય તદ્અનુસાર કાર્યવાહી કરવામાં આવશે.

આ.ડૉ.વિપીનકુમાર દયાળજી નાયકે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૫૮. (A) વાણિજ્ય વિદ્યાશાખામાં Ph.D. programme માં તા.૨૫–૫–૨૦૧૩ના રોજ રજીસ્ટર થયેલ સંશોધનાર્થી (ફાઈલ નંબર–૨૯૪૬) એ તૈયાર કરેલી ફાઈનલ થેસીસ તા.૧૦–૫–૨૦૧૮ના રોજ જમા કરાવેલ છે તે બાબત સાચી છે કે નહીં તેની માહિતિ સેનેટની પ્રશ્નોત્તરીમાં રજૂ કરવા વિનંતી છે.

(B) આ થેસીસ તૈયાર કરવામાં સંશોધનાર્થીને માર્ગદર્શન આપનાર બંને માર્ગદર્શકોના નામો જણાવવા વિનંતી છે.

(C) સંશોધનાર્થીએ જમા કરાવેલી થેસીસ રેફરીને તાત્કાલીક, તા.૧૮–૧૨–૨૦૧૮ સુધીમાં, મોકલી આપવી એવું વાણિજ્ય વિદ્યાશાખાની RAC (Research Advisory Committee) એ તેની તા.૧૭–૧૨–૨૦૧૮ની સભાના ઠરાવ ક્રમાંક–૧ થી સર્વાનુમતિએ ઠરાવેલ છે તે બાબત સાચી છે કે નહીં તેની માહિતિ સેનેટની પ્રશ્નોત્તરીમાં રજૂ કરવા વિનંતી છે.

(D) ઉપર જણાવેલ RAC ના ઠરાવ છતાં કાર્યાલય દ્વારા સદર થેસીસ જે તે રેફરીને તા.૨૦–૨–૨૦૧૯ સુધીમાં પણ મોકલવામાં આવેલ નથી તે બાબત સાચી છે કે નહીં તેની માહિતિ સેનેટની પ્રશ્નોત્તરીમાં રજૂ કરવા વિનંતી છે.

(E) દશ (૧૦) મહિનાથી પણ વધુ સમય પહેલાં જમા થયેલી સંશોધનાર્થીની થેસીસ જે તે બે રેફરીને મોકલવા માટેની મંજૂરી માંગતી કાર્યાલયની સૌ પ્રથમ સાદર નોંધ કાર્યાલય દ્વારા કઈ તારીખે થઈ હતી અને ત્યારબાદ કેટલી વખત રજૂ થઈ છે તેની માહિતિ અને એવી દરેક વખતની સાદર નોંધ ઉપર સદર થેસીસ અટકાવી રાખવા (જે તે બે રેફરીને નહીં મોકલવા) માટેના જે તે સક્ષમ અધિકારી દ્વારા થયેલા લખિત આદેશ/ આદેશો ધરાવતી સંલગ્ન માહિતિ સેનેટની પ્રશ્નોત્તરીમાં રજૂ કરવા વિનંતી છે.

(F) આ સંશોધનાર્થીની થેસીસ આવી રીતે આટલા બધા લાંબા સમય સુધી અટકાવી રાખવા આદેશ કરનાર જવાબદાર અધિકારી/અધિકારીઓના નામ સેનેટની પ્રશ્નોત્તરીમાં રજૂ કરવા વિનંતી છે.

ઉત્તરઃ ૫૮. Statute 36 (2) (i) (c) મુજબ.

શ્રી મનીષકુમાર રમેશભાઈ કાપડીયાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૫૯. આપણે ત્યાં વિદ્યાર્થીઓની પરિક્ષા દરમિયાન બારકોડ સ્ટીકર સિવાય બારકોડ નંબર કરવાની કોઈ યોજના છે ?

ઉત્તરઃ ૫૯. નાજી.

શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારીએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૬૦. યુનિવર્સિટીના એકટ મુજબ કોઈપણ એડહોક બોર્ડમા સભ્યની નિમણુંક કેટલા વર્ષ માટે કરવામા આવે છે ?

(અ) યુનિવર્સિટીના નર્સિંગ એડહોક બોર્ડ તા.૩૧/૮/૧૮ના રોજ કોના દ્વારા બનાવવામા આવ્યુ ? તેની મુદત કેટલા વર્ષની હતી ? તેમા કયા કયા સભ્યો હતા ?

(બ) યુનિવર્સિટીમા ત્રણ વર્ષ પૂરા થયા પહેલા એડહોક બોર્ડ રદ કરવામા કે બદલવામા આવયુ હોય તેવું કયારે કયારે બન્યુ છે અને કયા બોર્ડમા આવુ થયુ છે તે જણાવશો ?

ઉત્તરઃ ૬૦. **યુનિવર્સિટીનાં એકટ મુજબ કોઈપણ એડહોક બોર્ડમાં સભ્યની નિમણૂંક ત્રણ વર્ષ માટે કરવામાં આવે છે.**

અ. યુનિવર્સિટીના નર્સિંગ એડહોક બોર્ડ તા.૩૧/૮/૨૦૧૮ના રોજ માનનીય કુલપતિશ્રી દ્વારા નીચે મુજબના સભ્યોનું બનાવવામાં આવેલ તેની મુદત ત્રણ વર્ષ હતી.

૧. ડા.તરૂણ તેજવાની
૨. ડા.નિશા ઓમેન
૩.ડા.કિરણ ડોમડીયા
૪.ડા.અનિલ પારઘી

બ. યુનિવર્સિટીમાં ત્રણ વર્ષ પુરા થવા પહેલા નર્સિંગના એડહોક બોર્ડમાં નીચે મુજબના સભ્યોની નિમણુંક કરવામાં આવેલ છે..

૧. ડા. અનિલ ગોસ્વામી
૨. ડા. ઈન્દ્રાવતી રાવ
૩.ડા.કિરણ ડોમડીયા
૪.ડા.અનિલ પારઘી
૫. શ્રી સતીષ બિરાદર

શ્રી કનુભાઈ મોતીભાઈ અલગોતરે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૬૧. (અ) સાયન્સ કોલેજના ડેવલોપમેન્ટ ચાર્જ લેવામાં આવે છે તે યોગ્ય છે. તે ફી તરીકે લેવાય છે તે યોગ્ય છે.

(બ) ડેવલોપમેન્ટ કર્યુ હોય તો આવી કરવાની ફી જપ્ત કરી શકાય.

ઉત્તરઃ ૬૧. નાજી.

શ્રી મનીષકુમાર રમેશભાઈ કાપડીયાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૬૨. આપણી યુનિવર્સિટી અને તેને સંલગ્ન કોલેજમાં વર્ષ ૨૦૧૮–૧૯માં કેટલા વિદ્યાર્થીઓએ પ્રવેશ લીધો અને કઈ કઈ બ્રાંચમાં પ્રવેશ લીધો તેમની સંપૂર્ણ માહિતી કોલેજની સીટ દીઠ માહિતી આપવા વિનંતી ?

ઉત્તરઃ ૬૨. માહિતી સભા સમયે ટેબલ ઉપર રજૂ કરવામાં આવી હતી.

શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારીએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૬૩. યુનિવર્સિટીમા જુદા જુદા વિભાગમાં ૧૧ માસના કરાર આધારીત (તદ્દન હંગામી) કામ કરતા ઈલેકટ્રીશયન કર્મચારીઓનો અકસ્માત વીમા સુરક્ષા કવચ હેઠળ વીમો લેવામા આવ્યો છે કે કેમ ? કેટલા રૂપિયાનો ? કયા કયા કર્મચારીઓનો તે જણાવશો ?

ઉત્તરઃ ૬૩. યુનિવર્સિટીના કાયમી, હંગામી સહિત તમામ કર્મચારીઓનો અકસ્માત વીમા સુરક્ષા કવચ હેઠળ વીમો લેવામા આવશે.

શ્રી કનુભાઈ મોતીભાઈ અલગોતરે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૬૪. પ્રવેશ પ્રક્રિયામાં સુધારો કરવો જોઈએ.

ઉત્તરઃ ૬૪. Statute 36 (2) (i) (c) મુજબ.

શ્રી મનીષકુમાર રમેશભાઈ કાપડીયાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૬૫. આપણી યુનિવર્સિટીમાં યુથ ફેસ્ટીવલમાં કેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો અને કઈ કઈ રમતમાં ભાગ લીધો તેમજ શું આ યુથ ફેસ્ટીવલ વેસ્ટઝોન ફેસ્ટીવલ પહેલા થાય તેવી કોઈ યોજના છે ?

ઉત્તરઃ ૬૫. આપણી યુનિવર્સિટીમાં યુથ ફેસ્ટીવલમાં કુલ વિધાર્થી/ વિધાર્થીનીઓ ૧૪૭૧એ ભાગ લીધો હતો. હાજી યુથ ફેસ્ટીવલમાં કુલ ૧૪ અલગ અલગ કૃતિઓમાં વિધાર્થી/ વિધાર્થીનીઓએ ભાગ લીધો. હાજી યુથ ફેસ્ટીવલ વેસ્ટઝોન ફેસ્ટીવલ પહેલા યોજી શકાય.

શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારીએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૬૬. યુ.જી.સી.ની ૨૦૦૬ની Guideline for implementation of reservation policy મા દર્શાવ્યા મુજબ " પ્રત્યેક યુનિવર્સિટીએ સેનેટ, સિન્ડિકેટ તથા એકેડેમિક કાઉન્સિલ જેવા અધિકારમંડળોમાં એસ.સી./ એસ.ટી.નું પ્રતિનિધિત્વ જળવાઈ રહે તે મુજબ તેના પ્રવર્તમાન એકટ તથા સ્ટેસ્યુટમા જરૂરી સુધારા કરવા આપણી યુનિવર્સિટીમા શું કાર્યવાહી કરવામા આવી છે તે જણાવશો ?

ઉત્તરઃ ૬૬. યુ.જી.સી.ની ૨૦૦૬ની Guideline for implementation of reservation policy માં દશાવ્યા મુજબ "પ્રત્યેક યુનિવર્સિટીએ સેનેટ,સિન્ડિકેટ તથા એકેડેમિક કાઉન્સિલ જેવા અધિકાર મંડળોમાં એસસી/ એસટી.નું પ્રતિનિધિત્વ જળવાઈ રહે તે મુજબ તેના પ્રવર્તમાન એકટ તથા સ્ટેસ્યુટમાં જરૂરી સુધારા કરવા આપણી યુનિવર્સિટીમાં યુ.જી.સી.ના આદેશનો અમલ કરવા માટે આપણી યુનિવર્સટીમા એકટમાં સુધારો કરવો જરૂરી છે. જે સુધારો નામદાર રાજય સરકાર શ્રી કરી શકતી હોવાથી તેમ કરવા નામદાર રાજય સરકારશ્રીને વિનંતી કરેલ છે.જે રાજય સરકારશ્રીને મોકલાવેલ પત્રોની નકલો સભા સમયે ટેબલ ઉપર રજૂ કરવામાં આવી હતી.

શ્રી મનીષકુમાર રમેશભાઈ કાપડીયાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૬૭. આપણી યુનિવર્સિટીના વહીવટી સ્ટાફની ગુણવતા માટે કોઈ ટ્રેઈનીગનું આયોજન કયારે કરવામાં આવેલું ? અને અન્ય અગામી કોઈ આયોજન થાય શકે ?

ઉત્તરઃ ૬૭. વહીવટી કર્મચારી સ્ટાફની ગુણવતા માટે સરકારશ્રી તરફથી સ્પીપામાં તાલીમ કાર્યક્રમો યોજવામાં આવે છે જેમાં વહીવટી કર્મચારીઓ ભાગ લે છે. હાલમાંજ ઈ.પી.એફ. અને ટી.ડી.એસ. અંગે તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું.

શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારીએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૬૮. યુનિવર્સિટીમાં લોકપાલની નિમણુંક કરવાની સત્તા કોની છે ? હાલમાં લોકપાલની નિમણુંક કયા નિયમો અનુસાર કરવામાં આવી છે ? તેમા કયા કયા સભ્યો છે ?

ઉત્તરઃ ૬૮. યુનિવર્સિટીમાં લોકપાલની નિમણૂંક કરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને છે.હાલમાં લોકપાલની નિમણૂંક ભારત સરકારના તા.૨૩ માર્ચ–૨૦૧૩ના ગેઝેટ ક્રમાંકઃપ અનુસાર તથા યુનિવર્સિટી કેમ્પસ માટે યુ.જી.સી.નવી દિલ્હી,૧૮ જુન–૨૦૧૩ ના પત્ર મુજબ કરવામાં આવી છે.યુનિવર્સિટી કેમ્પસ માટે ફરિયાદ નિવારણ સમિતિના સભ્યોના નામ અને સરનામા નીચે મુજબ છે.

ક્રમ	નામ અને સરનામું	સમિતિમાં હોદ્દો
૧.	**ડૉ.વિપુલ જે.સોમાણી,** વિભાગીય વડાશ્રી,ગ્રામ્ય અભ્યાસ વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,સુરત.	**ચેરમેનશ્રી.**
૨.	**ડૉ.પૂથુલ દેસાઈ,** પી.ટી.સાયન્સ કોલેજ,અઠવાગેટ,સુરત.	**સભ્યશ્રી.**
૩.	**ડૉ.વિમલ એ.પંડયા,** એમ.કે.લો.કોલેજ,ભરૂચ.	**સભ્યશ્રી.**
૪.	**ડૉ.અર્પિત દવે,** આર્ટસ,સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ, કામરેજ ચાર રસ્તા,ખોલવડ,સુરત.	**સભ્યશ્રી.**

શ્રી મનીષકુમાર રમેશભાઈ કાપડીયાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૬૯. યુનિવર્સિટી અને તેને સંલગ્ન કોલેજને રુસા કે અન્ય અંતર્ગત કોઈ ગ્રાન્ટ મળેલી હોઈ તો તેમની સંપૂર્ણમાહિતી આપવા વિનંતી ?

ઉત્તરઃ ૬૯. યુનિવર્સિટીને રૂસા અંતર્ગત : Construction/Creation , Renovation/ Upgradation અને Procurement of New Materials હેઠળ કુલ ૧૪,૯૯,૯૯,૫૨૯/– ની ગ્રાન્ટ મળેલ છે.

શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારીએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૭૦. યુનિવર્સિટી પરિસરમાં વિવિધ વિભાગોમાં કામ કરતા ટીચીંગ આસિસ્ટન્ટ દ્વારા નેશનલ કે ઈન્ટર નેશનલ સેમીનારમાં શોધપત્રો રજૂ કરવામાં આવે અથવા નેશનલ કે ઈન્ટર નેશનલ જર્નલમાં શોધપત્રો પ્રકાશિત કરવામાં આવે તેને NAAC, IQAC, ANNUAL REPORT, NIRF તથા અન્ય જે જગ્યાઓએ યુનિવર્સિટીની સિધ્ધિઓનો અહેવાલ રજૂ કરવાનો હોય તેમાં ગણતરીમાં લેવામાં આવે છે કે કેમ ?

(અ) યુનિવર્સિટી પરિસરમાં વિવિધ વિભાગોમાં કામ કરતા ટીચીંગ આસિસ્ટન્ટનું શોધપત્ર જો કોઈ નેશનલ કે ઈન્ટરનેશનલ સેમીનારમાં પસંદગી પામે તેવા સંજોગોમાં તેઓને શોધપત્ર રજૂ કરવા જવા માટે કયા પ્રકારની રજા આપવામાં આવે છે.

ઉત્તરઃ ૭૦. – યુનિવર્સિટીના નિયમાનુસાર કાર્યવાહી કરવામાં આવે છે.

(અ) યુનિવર્સિટી પરિસરમા વિવિધ વિભાગોમાં કામ કરતા ટીચીંગ આસિસ્ટન્ટનું શોધપત્ર જો કોઈ નેશનલ કે ઈન્ટરનેશનલ સેમિનારમાં પસંદગી પામે તેવા સંજોગોમાં તેઓને શોધપત્ર રજૂ કરવા જવા માટે ડયૂટી લીવ આપવામાં આવે છે.

શ્રી મનીષકુમાર રમેશભાઈ કાપડીયાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૭૧. આપણી યુનિવર્સિટીમાં એલ્યુમની એસોસિએશન છે ? દર વર્ષે તેમનું સંમેલન થાય છે ?

ઉત્તરઃ ૭૧. યુનિવર્સિટીના વિવિધ વિભાગો દ્વારા સમયાંતરે સંમેલનનું આયોજન કરવામાં આવે છે.

શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારીએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૭૨. વર્ષ –૨૦૧૨માં આપની યુનિવર્સિટીમાં Ph.D માં પ્રવેશ લેનાર અને ૬ વર્ષ પૂરા થયા પછી વધુ સમય આપેલ ન હોય તેવા વિદ્યાર્થીઓના નામો અને તેના કારણ જણાવશો ?

(અ) વર્ષ–૨૦૧૨ માં Ph.D માં પ્રવેશ લેનાર તમામ વિષયના વિદ્યાર્થીઓના ૬ વર્ષ પૂર્ણ થયા પછી પણ Ph.D પૂર્ણ કરવા માટે વધુ સમય મર્યાદા આપી હોય તેવા વિદ્યાર્થીઓના નામો, વિષયનુ નામ, થીસીસનું ટાયટલ અને માર્ગદર્શક શિક્ષકનું નામ જણાવશો.

(બ) Ph.D માં પ્રવેશ લીધા પછી ૬ વર્ષ કરતા વધારે સમય પછી Ph.D પૂર્ણ કરનાર આજદીન સુધીના યુનિ.ના તમામ વિદ્યાર્થીઓના નામ, વિષય તેમજ થીસીસનું ટાઈટલ તેમજ કેટલા સમયમા પૂર્ણ કરેલ છે. તે સમયગાળો જણાવશો ? પ્રવેશ લીધાની તારીખ તેમજ Ph.D પૂર્ણ કર્યાની તારીખ જણાવશો ?

ઉત્તરઃ ૭૨. માહિતી સભા સમયે ટેબલ ઉપર રજૂ કરવામાં આવી હતી.

શ્રી મનીષકુમાર રમેશભાઈ કાપડીયાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૭૩. આપણી યુનિવર્સિટીમાં છેલ્લા ૧ વર્ષમાં યુનિવર્સિટીનાં વિકાસ કે અન્ય કોઈ કાર્ય માટે દાન આપવામાં આવેલ છે ? દાન માટે કોઈ યોજના છે ?

ઉત્તરઃ ૭૩. માહિતી સભા સમયે ટેબલ ઉપર રજૂ કરવામાં આવી હતી.

શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારીએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૭૪. યુનિવર્સિટીના નિયમો મુજબ વિદ્યાર્થીનું પી.એચ.ડી. રજીસ્ટ્રેશન થાય ત્યારબાદ કોસવર્કની પરીક્ષા કેટલા સમયમા યોજવાની થાય ?

ઉત્તરઃ ૭૪. પીએચ.ડી. ઓર્ડિનન્સમાં ૩.૪ ની જોગવાઈ મુજબ

3.4 All the candidates admitted to Ph. D. programme shall be required to complete the course work prescribed by the R.A.C.during the first or the second semester of Ph. D. programme.

શ્રી મનીષકુમાર રમેશભાઈ કાપડીયાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૭૫. વર્ષ ૨૦૧૮–૧૯માં આપણી યુનિવર્સિટીમાં નવા જોડાણ માટે આવેલી કોલેજની સંપૂર્ણ માહિતી આપવા વિનંતી ?

ઉત્તરઃ ૭૫. માહિતી સભા સમયે ટેબલ ઉપર રજૂ કરવામાં આવી હતી.

શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારીએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૭૬. યુનિવર્સિટીમા નટવરલાલ વેપારી કંપની પાસેથી કામગીરી કયા વર્ષથી શરૂ કરવામાં આવી ?

(અ) નટવરલાલ વેપારી કંપનીને કામગીરી ટેન્ડરીંગ દ્વારા આપવામાં આવેલ છે ? કયા વર્ષમાં ટેન્ડર આપવામા આવેલ છે ટેન્ડરીંગની નકલ આપવી ?

(બ) નટવરલાલ વેપારી કંપનીને કામગીરી આપવા યુનિવર્સિટીની નોંધ પર કુલપતિશ્રીના આદેશની નકલ આપવી ?

(ક) નટવરલાલ વેપારી કંપની દ્વારા કરવામા આવતી કામગીરીની બાબતે યુનિવર્સિટીના કયા કયા અધિકાર મંડળમા મંજૂર કરવા આવેલી ? જે તે અધિકાર મંડળની બાબત ક્રમાંક અને તારીખ જણાવો.

(ડ) યુનિવર્સિટીમા નટવરલાલ વેપારી કંપનીને આજદિન સુધી ચૂકવેલ રકમ વર્ષ વાર આપવી. કયા કયા ફંડમાંથી ચૂકવણી કરાયેલ છે તેની વિગતો પણ આપવી.

(છ) યુનિવર્સિટીના વિવિધ ડીપાર્ટમેન્ટોમાં નટવરલાલ વેપારી કંપની દ્વારા કરવામાં આવતી કામગીરી જણાવો તથા આજદિન સુધી ચૂકવાયેલ રકમ વર્ષ વાર આપવી ?કયા કયા ફંડમાંથી ચૂકવણી કરાયેલ છે તેની વિગતો પણ આપવી ?

ઉત્તરઃ ૭૬. ઉત્તર : ૩ મુજબ.

શ્રી મનીષકુમાર રમેશભાઈ કાપડીયાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૭૭. આપણી યુનિવર્સિટીની જમીનને લગતા અત્યાર સુધીનાં કેસની સંપૂર્ણ માહિતી આપવા વિનંતી ?

ઉત્તરઃ ૭૭. માહિતી સભા સમયે ટેબલ ઉપર રજૂ કરવામાં આવી હતી.

શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારીએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૭૮. છેલ્લા ૩ વર્ષમાં ટીચીંગના કર્મચારીઓને કયા કયા વહીવટી કામો કયા કારણોસર સોપવામાં આવેલ છે ? તેની માહિતી જણાવો. જેની પાછળ કુલ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવેલ છે તે જણાવો ?

ઉત્તરઃ ૭૮. શૈક્ષણિક કર્મચારીઓને આવશ્યકતા મુજબ પ્રવેશ, પરીક્ષા, સ્ક્રુટીની, એલ.આઈ.સી., ઈન્ટરવ્યું, યુથફેસ્ટીવલ, સ્કવોર્ડ વગેરે કામગીરી સોંપવામાં આવે છે.

શ્રી મનીષકુમાર રમેશભાઈ કાપડીયાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૭૯. આપણી યુનિવર્સિટીમાં સેનેટ મેમ્બરશ્રીઓ ૨૦૧૭થી અત્યાર સુધીમાં કરેલી અરજીઓની સંપૂર્ણ માહિતી આપવા વિનંતી ?

ઉત્તરઃ ૭૯. Statute 36 (2) (i) (g) મુજબ.

શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારીએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૮૦. યુનિવર્સિટીમાં કુલ કેટલા કો– ઓર્ડિનેટરને કયા કામ માટે જવાબદારી સોંપવામાં આવેલી છે ?

(અ) યુનિવર્સિટીમાં છેલ્લા ૩ વર્ષમા કો– ઓર્ડિનેટને કુલ કેટલી રકમની ચૂકવાની કરવામાં આવેલ છે ?

(બ) યુનિવર્સિટીમાં કો–ઓર્ડિનેટરની નિમણુંક કઈ જોગવાઈના આધારે કરવામા આવી છે ?

ઉત્તરઃ ૮૦. પ્રશ્ન અસ્પષ્ટ છે.

શ્રી મનીષકુમાર રમેશભાઈ કાપડીયાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૮૧. આપણી યુનિવર્સિટીમાં એનજીનીયરીગ ફેકલ્ટી GTU સાથે સલંગ્ન હોવાથી એમને બંધ કરવાની કોઈ યોજના છે અને તે બંધ કયારે થશે ?

ઉત્તરઃ ૮૧. કાર્યવાહી ચાલુ છે.

શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારીએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૮૨. વીર નર્મદ દ. ગુ. યુનિ.ના વિવિધ વિભાગો, ભવનોમા કુલ કેટલા એડહોક, રોજમદાર, નિવૃત કર્મચારીઓ કેટલા સમયથી કામ કરે છે જણાવો. તેમને મળતા પગારની માહિતી આપો. છેલ્લા ૩ વર્ષમા તેમના પગાર પાછળ કુલ કેટલો ખર્ચ કરવામા આવેલ છે ?

ઉત્તરઃ ૮૨. માહિતી સભા સમયે ટેબલ ઉપર રજૂ કરવામાં આવી હતી.

શ્રી મનીષકુમાર રમેશભાઈ કાપડીયાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૮૩. આપણી યુનિવર્સિટીમાં આવેલ તળાવોને ગુજરાત સરકારની જળસંચય યોજના અંતર્ગત ઊંડા કરી અને સાફ સફાય કરવાની કોઈ યોજના છે ?

ઉત્તરઃ ૮૩. હાલ આવી કોઈ યોજના નથી. પરંતુ જળસંચય બાબતે કમિટિની રચના કરવામાં આવેલ છે.

શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારીએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૮૪. યુનિવર્સિટીમા વિવિધ ફંડોમાંથી કુલ કેટલા રૂપિયાની ફિકસ ડિપોઝીટની રકમ બેંકોમા જમા છે ?

ઉત્તરઃ ૮૪. માહિતી સભા સમયે ટેબલ ઉપર રજૂ કરવામાં આવી હતી.

શ્રી મનીષકુમાર રમેશભાઈ કાપડીયાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૮૫. આપણી યુનિવર્સિટીની સુરક્ષા માટે પોતાની સિકયુરિટી રાખવાની યોજનામાં કાર્યવાહી કયાં સુધી પહોંચી અને હાલમાં સિકયુરિટીની શું પરિસ્થી છે તેમની સંપૂર્ણ માહિતી આપવા વિનંતી તેમજ યુનિવર્સિટીમાં સિકયુરીટી મારી અરજી બાદ રચાયેલી કમિટી દ્વારા સુચવેલા સૂચનોની સંપૂર્ણ માહિતી આપવા વિનંતી ?

ઉત્તરઃ ૮૫. માહિતી સભા સમયે ટેબલ ઉપર રજૂ કરવામાં આવી હતી.

શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારીએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૮૬. યુનિવર્સિટીમા છેલ્લા ૫ વર્ષથી એક જ વિભાગમા કામ કરતા કાયમી તથા એડહોક વહીવટી કર્મચારીઓના નામો જણાવો ?

ઉત્તરઃ ૮૬. Statute 36 (2) (i) (g) મુજબ.

શ્રી મનીષકુમાર રમેશભાઈ કાપડીયાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૮૭. આપણી યુનિવર્સિટીમાં નવી સમરસ હોસ્ટેલ માટે સરકાર પાસે કોઈ માંગણી કરવામાં આવેલી છે ?

ઉત્તરઃ ૮૭. નાજી.

શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારીએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૮૮. યુનિવર્સિટીમા ERP અંતર્ગત કઈ કામગીરી પૂરી થઈ ? હવે બાકીની કઈ કામગીરી સામેલ કરવામા આવશે તો તે જણાવો ?

ઉત્તરઃ ૮૮. ERP અંતર્ગત નીચે મુજબની કામગીરી પૂર્ણ થયેલ છે.

૧. ઓનલાઈનની એડમીશન કામગીરી

૨. ઓનલાઈનની એનરોલમેન્ટ તથા રજીસ્ટ્રેશનની કામગીરી

૩. ઓનલાઈન પરીક્ષા ફોર્મ ભરવાની કામગીરી

૪. ઓનલાઈન ઈન્ટરનલ તથા એક્ષર્ટનલ માર્કસની એન્ટ્રીની કામગીરી

૫. ઓનલાઈન રીઝલ્ટની કામગીરી

૬. કોલેજ તથા સ્ટુડન્ટ ડેસબોર્ડમાં ઓનલાઈન માહિતી આપવાની કામગીરી

૭. HRMS થી ઓનલાઈન રજા તથા પરીપત્ર મુકવાની કામગીરી

નીચે મુજબની બાકીની કામગીરી સામેલ કરવામાં આવશે.

૧. અલ્યુમીની ૨. હોસ્ટેલ મેનેજમેન્ટ ૩. ગ્રીવીન્નસ સીસ્ટમ ૪. ટ્રાન્સપોર્ટ મેનેજમેન્ટ

૫. પ્લેસમેન્ટ મેનેજમેન્ટ

શ્રી મનીષકુમાર રમેશભાઈ કાપડીયાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૮૯. સેનેટની વાર્ષિક સભામાં લાવવામાં આવતા પ્રસ્તાવો માટે કોઈ ફોર્મેટ હોય તો તે આપવા વિનંતી ?

ઉત્તરઃ ૮૯. આ અંગે કોઈ ફોર્મેટ નથી પરંતુ યુનિવર્સિટી સ્ટેટયૂટસમાં મીટીગ ઓફ સેનેટમાં જણાવેલ (e) Rules of Debate માં જણાવ્યા પ્રમાણે પ્રસ્તાવનો પાઠ હોવા જોઈએ.

શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારીએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૯૦. યુનિવર્સિટીમા કુલ કેટલા કર્મચારીઓને નિવૃતબાદની મળવાપાત્ર રકમ તથા મળવાપાત્ર પેશનની રકમ બંધાયેલ નથી ?

(અ) યુનિવર્સિટીમાં કુલ કેટલા કર્મચારીઓને કયા કયા કારણોસર ઉચ્ચતર પગાર ધોરણના લાભો પણ આપવામા આવેલ નથી ?

(બ) કર્મચારીઓના ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરાવવા કયા કયા પગલા લેવામા આવેલ છે ?

ઉત્તરઃ ૯૦. સરકારશ્રીના નિયમઅનુસાર કાર્યવાહી કરવામાં આવે છે તથા ઉચ્ચત્તર પગારધોરણ માટે સરકારશ્રીને દરખાસ્ત પાઠવવામાં આવે છે.

શ્રી મનીષકુમાર રમેશભાઈ કાપડીયાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૯૧. વિદ્યાર્થી સંઘની ચૂંટણીમાં એક વિદ્યાર્થી દીઠ કેટલા રૂપિયા લેવામાં આવે છે તેમજ આ રૂપિયાથી વિદ્યાર્થીઓ કઈ એકટીવીટીમાં વાપરી શકે છે અને વધેલા રૂપિયાનું શું કરવામાં આવે છે. તેમજ આ વર્ષમાં યોજાયેલ વિદ્યાર્થી સંઘની ચૂંટણીમાં જીતેલા એલ. આર., સી. આર. અને જી.એસ.ની કોલેજ દીઠ સંપૂર્ણ માહિતી આપવા વિનંતી.

ઉત્તરઃ ૯૧. વિદ્યાર્થી સંઘની ચૂંટણી માટે યુનિવર્સિટી તરફથી કોઈ પૈસા લેવામાં આવતા નથી. વિદ્યાર્થી સંઘની ચૂંટણીમાં જીતેલા એલ. આર., સી.આર.ની યાદી જે તે કોલેજ પાસેથી મેળવી શકાય. અને જી.એસની યાદી યુનિ. પરથી મેળવી શકાય.

શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારીએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૯૨. ગુજરાત સરકારશ્રીના નિયમો મુજબ કર્મચારીઓનું સિનિયોરીટી લીસ્ટ દર વર્ષે બહાર પાડવાનું હોય છે પરંતુ છેલ્લા ૪ વર્ષથી કયા કારણોસર તેમ કરવામા આવેલ નથી ?

ઉત્તરઃ ૯૨. સિનિયોરીટી લીસ્ટ તૈયાર કરવા વિવિધ કર્મચારીઓની રજુઆતોને ધ્યાનમાં લઈ સમિતિની નિયુકિત કરવામાં આવેલ છે. સમિતિનો અહેવાલ તથા સિન્ડિકેટના ઠરાવ અનુસાર કાર્યવાહી કરવામાં આવશે.

શ્રી મનીષકુમાર રમેશભાઈ કાપડીયાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૯૩. વર્ષ ૨૦૧૯–૨૦ માટે આપણી યુનિવર્સિટીમાં કેટલી નવી કોલેજ દ્વારા જોડાણ માટેની અરજી કરવામાં આવી તેમની સંપૂર્ણ માહિતી આપવા વિનંતી.

ઉત્તરઃ ૯૩. માહિતી સભા સમયે ટેબલ ઉપર રજૂ કરવામાં આવી હતી.

શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારીએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૯૪. સાતમા પગારપંચમા રદ થયેલ અલગ અલગ સવર્ગની જગ્યાઓને નવેસરથી મેળવવા માટે કોઈ કાર્યવાહી કરવામા આવેલ છે ?

ઉત્તરઃ ૯૪. કાર્યવાહી ચાલુ છે.

શ્રી મનીષકુમાર રમેશભાઈ કાપડીયાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૯૫. આપણી યુનિવર્સિટીનાં ડીપાર્ટમેન્ટમાં કોઈ નવા કોર્ષ ચાલુ કરવા માટે અરજી આવેલી છે તેમજ છેલ્લા ૩ વર્ષમાં નવા કોઈ કોર્ષ ચાલુ કરવામાં આવેલા છે ?

ઉત્તરઃ ૯૫. આપણી યુનિવર્સિટીનાં ડીપાર્ટમેન્ટમાં છેલ્લા ત્રણ વર્ષમાં નીચેના નવા અભ્યાસક્રમો શરૂ કરવામાં આવ્યા છે.

Sr. No.	Name of the Programme	Department Name	Academic Year
1	M.Com. Economics	Department of Commerce, VNSGU, Surat	2016-17
2	M.Sc. Mathamatics (Self Finance)	Department of Mathamatics, VNSGU, Surat.	2016-17
3	P.G. Diploma Course in Molecular & Biochemical Technology	Department of Biotechnology, VNSGU, Surat.	2018-19

શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારીએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૯૬. સરકારશ્રીની સ્ટાર્ટઅપ સબંધિ શું કાર્યવાહી કરવામા આવેલ છે ?

ઉત્તરઃ ૯૬. સરકારશ્રીની સ્ટાર્ટઅપ સબંધિત નીચે દર્શાવ્યા મુજબના કાર્યક્રમો/ કાર્યવાહી કરવામા આવેલ છે.

ક્રમ	પ્રોગ્રામ નામ	પરિપત્ર ક્રમાંક	તારીખ	કુલ વિદ્યાર્થીની સંખ્યા	કુલ શિક્ષકની સંખ્યા
૧	Notification to various Departments & Colleges to hold National Film Making Competition on Entrepreneurship & Start-ups-2018	Start-up cell/17627/2018	૧૨-૦૯-૨૦૧૮		
૨	University Grants Commission ના પરિપત્ર ક્રમાંકઃD.O.No.14-18/2018(CPP-II) મુજબ પરિપત્ર	સ્ટાર્ટ–અપ સેલ/૧૯૬૨૭/૨૦૧૮	૨૦-૧૦-૨૦૧૮		
૩	યુનિવર્સિટીના તમામ અનુસ્નાતક વિભાગ તથા સ્વનિર્ભર અભ્યાસક્રમ વિભાગ માંથી શિક્ષકનું નામ, હોદ્દો અને મોબાઈલ નંબરની માહિતી મંગાવવા માટે પરિપત્ર	સ્ટાર્ટ–અપ સેલ/૧૯૮૯૬/૨૦૧૮	૨૪–૧૦–૨૦૧૮		
૪	Notification to various Departments & Colleges to submit data related to Start-up Entrepreneurship ecosystem development.	Start-up cell/22841/2018	૨૯/૧૨/૨૦૧૮		
૫	Participation of student teams from various departments in Smart India hackathon-2019 (Start-up cell/22883/2018)	Start-up cell/22883/2018	૩૧/૧૨/૨૦૧૮		
૬	ગુજરાત સરકારશ્રીના શિક્ષણ વિભાગનો તા.૦૧/૦૧/૨૦૧૯નો પરિપત્ર ક્રમાંકઃ PARACH/112018/3112/kh.2 ના પત્ર મુજબ એકેડેમિક વિભાગને જાણ કરતો પત્ર.	જન/SEC/૬૪૧/૨૦૧૯	૦૯/૦૧/૨૦૧૯		
૭	Participation in IAR-eUreka-2.0 Annual Science and Start-up Conclave-2019	Start-up cell/303/2019	૦૪/૦૧/૨૦૧૯ ૧૧–૦૧–૨૦૧૯ અને ૧૨–૦૧–૨૦૧૯	૩૦	૦૭
૮	Notification to various Departments & Colleges to celebrate Student/Alumni Innovators and Start-ups to inspire others and create a strong culture of Innovation and Entrepreneurship at our University.	સ્ટાર્ટ–અપ સેલ/૧૬૪૩/૨૦૧૯	૩૧-૦૧-૨૦૧૯		
૧૦	Notification to various Departments & Colleges to motivate your stakeholders to participate in our annual international conference on' Student Innovation, Start-Ups and Ecosystem which will be organized during March-28-29, 2019 at Gandhinagar	SEC/2053/2019	૦૫-૦૨-૨૦૧૯		
૧૧	Seminar for Preparation of Start-up Proposal (2:00 p.m. to 4:00 p.m.)	સ્ટાર્ટ–અપ સેલ/૨૦૮૯/૨૦૧૯	૦૮–૦૨–૨૦૧૯	૫૩	૨૭
			૦૯–૦૨–૨૦૧૯	૨૬	૧૦
૧૩	Mock –Hackathon (7 a.m. to 8 p.m.)		૧૬-૦૨-૨૦૧૯	૧૦૪	

શ્રી મનીષકુમાર રમેશભાઈ કાપડીયાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૯૭. છેલ્લા ૩ વર્ષમાં કેટલા વિદ્યાર્થીઓ દ્વારા રીએસેસમેન્ટની માંગણી કરવામાં આવેલી અને કેટલા વિદ્યાર્થીઓનાં પરિણામમાં સુધારો થયેલ છે તેમની સંપૂર્ણ માહિતી આપવા વિનંતી ?

ઉત્તરઃ ૯૭. માહિતી સભા સમયે ટેબલ ઉપર રજૂ કરવામાં આવી હતી.

શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારીએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૯૮. છેલ્લા ૩ વર્ષ મા પ્લેસમેન્ટ ઓફિસર દ્વારા કેટલા વિદ્યાર્થીઓને પ્લેસમેન્ટ આપવામા આવ્યું ?

ઉત્તરઃ ૯૮. માહિતી સભા સમયે ટેબલ ઉપર રજૂ કરવામાં આવી હતી.

શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારીએ નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતીઃ (૯૯ થી ૧૪૮)

પ્રશ્નઃ ૯૯. છેલ્લા ૩ વર્ષમા બજેટમાં કરવામા આવેલ અંદાજીત આવક અને ખર્ચાઓની જોગવાઈની સામે ખરેખર કુલ કેટલી આવક અને કેટલો ખર્ચ થયેલ છે વિગતવાર માહિતી આપો ?

ઉત્તરઃ ૯૯. છેલ્લા ૩ વર્ષમાં બજેટમાં કરવામાં આવેલ અંદાજીત આવક અને ખર્ચાઓની જોગવાઈની સામે ખરેખર થયેલ આવક અને ખર્ચની માહિતી.

વર્ષ	અંદાજીત આવક	અંદાજીત ખર્ચ	ખરેખર આવક	ખરેખર ખર્ચ
૨૦૧૫-૧૬	૪૫૧૯૫૮૦૦૦/-	૫૩૬૦૪૪૦૦૦/-	૪૪૯૬૩૯૦૮૧/-	૫૩૧૫૨૭૮૫૯/-
૨૦૧૬-૧૭	૪૮૦૯૨૫૯૦૦/-	૪૯૩૨૨૬૫૦૦/-	૫૨૧૫૧૭૫૯૫/-	૪૮૦૨૩૭૧૨૫/-
૨૦૧૭-૧૮	૫૨૭૧૯૪૬૦૦/-	૫૨૮૪૫૪૦૦૦/-	૫૬૮૮૧૧૭૨૭/-	૫૦૬૩૯૦૪૨૭/-

પ્રશ્નઃ ૧૦૦. યુનિવર્સિટી હિસાબી વિભાગ દ્વારા ફરજીયાત પણે યુનિવર્સિટી કેમ્પસના વિવિધ ડિપાર્ટમેન્ટોમાં કયા કારણોસર TAN Number લેવામા આવેલ છે ?

(અ) TAN Number ની જરૂરીયાત સેલ્ફ ફાયનાન્સ સિવાયના ડિપાર્ટમેન્ટોમા જરૂરીયાત ન હોય તો તેને બંધ કરવા માટે કોઈ કાર્યવાહી કરવામા આવી છે ?

ઉત્તરઃ ૧૦૦. યુનિવર્સિટીના વિવિધ ડિપાર્ટમેન્ટો પોતાના ફંડમાંથી જે ખરીદી અથવા ખર્ચ કરે છે ત્યારે નિયમ અનુસાર કાપવાનો થતો ટીડીએસની રકમ જેતે વિભાગે સરકારશ્રીમાં જમા કરાવવાની રહે છે. જેથી નિયમ અનુસાર TAN NUMBER લેવો જરૂરી છે.

પ્રશ્નઃ ૧૦૧. યુનિવર્સિટી કેમ્પસના વિવિધ સેલ્ફ ફાઈનાન્સ ડિપાર્ટમેન્ટોના ફંડોને એક જ જગ્યાથી મોનીટરીંગ કરીને ઓપરેટ કરવામાં આવે તેવી કોઈ સેન્ટ્રલાઈઝ સીસ્ટમ ઊભી કરવાની દરખાસ્ત છે ?

ઉત્તરઃ ૧૦૧. પ્રશ્ન અસ્પષ્ટ છે.

પ્રશ્નઃ ૧૦૨. યુનિવર્સિટી કેમ્પસના વિવિધ સેલ્ફ ફાઈનાન્સ ડિપાર્ટમેન્ટોમાં ચાલતા અભ્યાસક્રમોની દર વર્ષે નીમવામાં આવતી Executive Committee (EC) ની કયા કારણોસર જરૂરીયાત રહે છે ?

(અ) યુનિવર્સિટીના ઓર્ડિનન્સ,એકટ,સ્ટેટયુટમા સમાવેશ કરેલ ન હોવાથી વિવિધ સતામંડળોની સમકક્ષ (EC) ની કમીટી કેટલી યોગ્ય ગણાય ?

(બ) (EC) ની જરૂરિયાત ન હોય તો તેને બંધ કરવા માટે કોઈ કાર્યવાહી કરવામાં આવી છે ?

ઉત્તરઃ ૧૦૨. સિન્ડિકેટ તા. ૧૩–૧૨–૨૦૦૭ના ઠરાવ ક્રમાંક : ૩૮ માં ઠરાવ્યાનુસાર.

પ્રશ્નઃ ૧૦૩. યુનિવર્સિટીના લો ડિપાર્ટમેન્ટમાં અભ્યાસ કરતી બીજા સેમેસ્ટરની વિદ્યાર્થીની ઉર્વિ જગદીશભાઈ પરાતેની આપઘાત માટેની કમીટી યુનિવર્સિટી દ્વારા કયારે બનાવવામાં આવી છે.? કમીટીના કયા કયા સભ્યો હતા ?

(અ) કમીટીનો રિપોર્ટ કઈ તારીખે જમા કરાવવામાં આવ્યો.

(બ) આ કમીટીનો રીપોર્ટ કયા અધિકાર મંડળમાં કઈ તારીખે મુકવામાં આવ્યો.

(ક) કમીટીના રીપોર્ટના આધારે કયા પગલા કે નિર્ણય લેવામાં આવ્યો તે જણાવો ?

ઉત્તરઃ ૧૦૩. યુનિવર્સિટીના લો ડીપાર્ટમેન્ટમાં અભ્યાસ કરતી બીજા સેમેસ્ટરની વિદ્યાર્થીની ઉર્વિ જગદિશભાઈ પરાતેની આપઘાત માટેની કમિટી તા.૦૯/૦૪/૨૦૧૮ના રોજ બનાવવામાં આવી છે. જે કમિટીમાં નીચેના સભ્યો હતા.

(૧) શ્રી ગૌરાંગભાઈ વી. વૈદ્ય (૨) ડો. તરુણભાઈ પી. તેજવાણી (૩) ડો. કેતનભાઈ સી. દેસાઈ (૪) શ્રી મયુરભાઈ ચૌહાણ

(અ) કમિટીનો રીપોર્ટ તા.૧૪/૬/૨૦૧૮ના રોજનો હોય જે કુલસચિવશ્રીને તા.૯/૭/૨૦૧૮ના રોજ મળેલ છે.

(બ) આ કમિટીનો રીપોર્ટ સિન્ડિકેટની તા.૧૦/૦૭/૨૦૧૮ની સભામાં રજૂ કરવામાં આવ્યો હતો.

(ક) સિન્ડિકેટની તા.૧૦/૦૭/૨૦૧૮ની સભા દ્વારા સદર બાબતે નિયુકત સમિતિના અહેવાલની નોંધ લઈ આગામી સિન્ડિકેટની સભામાં ચર્ચા અર્થે રજૂ કરવા ઠરાવેલ હોય જે મુજબ સદરહૂ અહેવાલની સિન્ડિકેટની તા.૦૫/૦૩/૨૦૧૯ના રોજની સભામાં નોંધ લેવામાં આવેલ છે.

પ્રશ્નઃ ૧૦૪. માહિતી અધિકાર અધિનિયમ –૨૦૦૫ હેઠળ યુનિવર્સિટીના કોઈ માહિતી અધિકારશ્રી ને કે કોલેજને દંડ થયો છે ? જો દંડ થયો હોય તો કયા કયા કેસમાં અને કેટલો દંડ થયો તે જણાવશો ?

ઉત્તરઃ ૧૦૪. – માહિતીઅધિકાર અધિનિયમ–૨૦૦૫ હેઠળ યુનિવર્સિટીના જાહેર માહિતી અધિકારી તત્કાલિન કુલસચિવશ્રી ડો. જે.આર. મહેતાને ઉત્તરવહી બાબતે રૂા.૨૫૦૦૦/–નો દંડ થયો હતો.

પ્રશ્નઃ ૧૦૫. પરીક્ષા વિભાગમાંથી આચાર સહિતાના અત્યંત ગોપનીય દસ્તાવેજો જબરજસ્તી કર્મચારી પાસેથી ઝેરોક્ષ કરાવી કયા સેનેટ સભ્ય લઈ ગયા હતા ?

(અ) આ અંગે ફરિયાદ થયા બાદ કમીટી બનાવવામાં આવેલ હતી તેની તારીખ જણાવો અને કમીટી દ્વારા શું કાર્યવાહી કરવામાં આવેલ છે તે જણાવો ?

(બ) રાજપાલના તપાસ આદેશ બાદ બનાવેલ તપાસ કમીટીનો અહેવાલ જમા કરાવવામાં આવ્યો છે કે નહી ?

ઉત્તરઃ ૧૦૫. સદરહું બાબતે ૧. શ્રી ભરતભાઈ ભંડારી તથા ૨. ડો. તરૂણ તેજવાણીની સમિતિ પર નિયુકિત કરવામાં આવેલ હતી જે સમિતિની કાર્યવાહી ચાલુ છે.

પ્રશ્ન: ૧૦૬. યુનિવર્સિટીમા એકટ મુજબ સિન્ડિકેટની મિટીગ કેટલા સમયમાં મળવી જોઈએ?

(અ) યુનિર્સિટીમાં સિન્ડિકેટની મિટીગ નિયમોનુસાર સમયસર ન મળવા માટે કોણ જવાબદાર છે ? તેની સામે શું કાર્યવાહી થઈ શકે ?

ઉત્તર: ૧૦૬. સ્ટેટયુટ – ૮૬ મુજબ.

(અ) Statute 36 (2) (i) (c) મુજબ.

પ્રશ્ન: ૧૦૭. યુનિવર્સિટીમાં બોર્ડ ઓફ એકાઉન્ટની મિટીગ કેટલા સમયમાં મળવી જોઈએ ? હાલમાં બોર્ડ ઓફ એકાઉન્ટસની મિટીગ છેલ્લા એક વર્ષમાં કયારે કયારે મળી તેની તારીખ જણાવશોજી.

ઉત્તર: ૧૦૭. As per Statute 198 :

"The Board shall meet ordinarily once every three months and at other times when convened by the Chairman of the Board."

હાલમાં બોર્ડ ઓફ એકાઉન્ટસની મીટીગ છેલ્લા એક વર્ષમાં નીચેની તારીખે મળેલ છે.

તા.૧૦–૦૫–૨૦૧૮, તા.૨૦–૧૦–૨૦૧૮ અને તા.૫–૦૨–૨૦૧૯.

પ્રશ્ન: ૧૦૮. ચાલુ વર્ષનો બોર્ડ ઓફ એકાઉન્ટસના અહેવાલ કયારે બોર્ડ ઓફ એકાઉન્ટસની મિટીગમાં પાસ કરવામાં આવ્યો તે જણાવશો ? આ અહેવાલમાં કોની કોની સહી છે ? અહેવાલ રજૂ કરતી વખતે બોર્ડ ઓફ એકાઉન્ટસના તમામ સભ્યોને જણાવીને રજુ કરવામાં આવ્યો છે ?

ઉત્તર: ૧૦૮. ચાલુ વર્ષનો બોર્ડ ઓફ એકાઉન્ટસના અહેવાલ તા.૫–૦૨–૨૦૧૯ ના રોજની બોર્ડ ઓફ એકાઉન્ટસની મીટીગમાં પાસ કરવામાં આવ્યો. આ અહેવાલમાં બોર્ડ ઓફ એકાઉન્ટસના ચાર સભ્યોની સહી છે.

૧.શ્રી ભરતભાઈ બી.ભંડારી

૨. શ્રી ગૌરાંગભાઈ વૈધ

૩. શ્રી અજયકુમાર બી. નાયક અને

૪. શ્રી સંકેતકુમાર એલ. શર્મા.

હાજી.

પ્રશ્ન: ૧૦૯. યુનિવર્સિટીની મહત્વની ફાઈલો કુલપતિશ્રીના બંગલા પર લઈ જઈ શકાય કે નહી ?

(અ) કુલપતિશ્રીના બંગલા પર કે કુલપતિની કેબીનમાં આવતી દરેક ફાઈલો કુલપતિ સિવાય અન્ય કોઈ વ્યકિત વાંચી શકે કે કેમ ?

ઉત્તર: ૧૦૯. Statute 36 (2) (i) (c) મુજબ.

પ્રશ્ન: ૧૧૦. યુનિર્સિટીમાં મહત્વના નિર્ણય લેતી વખતે કોઈ પણ ફાઈલ કુલપતિશ્રીની પાસે આવે ત્યારે જો કુલપતિશ્રી નિર્ણય લઈ શકે તેમ ન હોય અથવા તેમા વધારે અભ્યાસની કુલપતિશ્રીને જરૂર હોય ત્યારે કુલપતિશ્રીને કોણ કોણ મદદ કે સલાહસૂચન કરી શકે ?

(અ) કુલપતિશ્રીને રૂટીન કામગીરીમાં મહત્વના નિર્ણયો લેવા માટે માર્ગદર્શન કે સલાહસૂચન આપનારને મેહેનતાણું ચૂકવવામાં આવે છે ?

ઉત્તર: ૧૧૦. Statute 36 (2) (i) (c) મુજબ.

પ્રશ્નઃ ૧૧૧. યુનિવર્સિટીમાં કોઈપણ અતિ મહત્વના નિર્ણય લેવા માટે કુલપતિશ્રીએ કઈ કઈ કમીટીઓ છેલ્લા બે વર્ષમાં બનાવવામાં આવેલ છે?

(અ) આ કમીટીના સભ્યના નામો અને કમીટીની રચના કરવામાં આવી તેની તારીખ તથા કમીટીનો અહેવાલ જણાવશો ?

(બ) કુલપતિશ્રી દ્વારા બનાવવામાં આવતી કમીટીમાં સૌથી વધુ સેવા આપનાર સભ્યનું નામ અને તેને યુનિવર્સિટી દ્વારા કોઈ મહેનતાણુ ચૂકવાનું કે વિશિષ્ટ સન્માન કરવાનું વિચાર કરે છે કે નહી ?

ઉત્તરઃ ૧૧૧. માહિતી સભા સમયે ટેબલ ઉપર રજૂ કરવામાં આવી હતી.

પ્રશ્નઃ ૧૧૨. નોન ટીચિંગ પોઝિશન્સ માટેની લેખિત પરીક્ષા તા.૮/૧૦/૨૦૧૭ના રોજ યોજાવાની હતી તે કોના આદેશથી મુલતવી રાખવામાં આવી ? મુલતવી રહયા બાદ આજદિન સુધી શું કાર્યવાહી કરવામાં આવી ? હવે કયારે યોજાશે ?

(અ). આ લેખિત પરીક્ષામા કેટલા લોકોએ ફોર્મ ભર્યા અને ફોર્મની કેટલી ફી લેવામા આવી ?

ઉત્તરઃ ૧૧૨. કાર્યવાહી ચાલુ છે.

(અ) પ્રશ્ન અસ્પષ્ટ છે.

પ્રશ્નઃ ૧૧૩. યુનિવર્સિટી સંલગ્ન દરેક લો કોલેજોમા યુનિવર્સિટીની માન્યતા ધરાવતા અધ્યાપકોની કોલેજવાર યાદી (સંખ્યા) જણાવશો.

ઉત્તરઃ ૧૧૩. માહિતી નીચે મુજબ છે.

ક્રમ	કોલેજનું નામ	આસીસ્ટન્ટ પ્રોફેસર	ટીચીંગ આસીસ્ટન્ટ	કુલ સંખ્યા
૧	સાર્વજનિક કોલેજ ઓફ લો, સુરત.	૦૧	૦૭	૦૮
૨	શ્રી સી.જે.પટેલ વિદ્યાધામ લો કોલેજ, વરીયાવ, સુરત.	—	૦૩	૦૩
૩	નારણલાલા લો કોલેજ, (એલએલ.બી. પ્રોગ્રામ) નવસારી.	૦૧	૦૧	૦૨
			(વર્ષ– ૨૦૧૮) કુલ સંખ્યા	૧૩

પ્રશ્ન: ૧૧૪. યુનિવર્સિટી સંલગ્ન દરેક લો કોલેજોમા શૈક્ષણિક વર્ષ : ૨૦૧૮–૧૯ દરમ્યાન એલ.એલ.બી સેમેસ્ટર 1 થી 6 મા તથા LL.M સેમેસ્ટર 1 થી 4 મા અભ્યાસ કરી રહેલ વિધાર્થીઓની દરેક કોલેજ દીઠ સંખ્યા જણાવો ?

ઉત્તર: ૧૧૪.

No.	College / Department Name	LL.B.			LL.M.	
		પ્રથમ સેમેસ્ટર રજીસ્ટ્રેશન મુજબ	દ્વિતિય વર્ષની કોલેજની માહિતી મુજબ	ત્રીજા વર્ષની કોલેજની માહિતી મુજબ	પ્રથમ સેમેસ્ટર રજીસ્ટ્રેશન મુજબ	દ્વિતિય વર્ષની કોલેજની માહિતી મુજબ
1	V.T. Choksi Law College, Surat.	303	264	262	45	34
2	Shah K.M. Law College, Valsad	229	213	196	44	13
3	MSK Law College, Bharuch	218	191	182	-	-
4	D.D. Law College, Navsari	300	214	226	-	-
5	Siddharth Law College, Kamrej.	294	236	229	-	22
6	Sarvajanik Law College, Surat. SFI	118	103	96	-	-
7	C.J. Patel Law College, Surat. SFI	25	42	26	-	-
8	Naranlala Law College, Navsari SFI	20	15	14	-	-
9	Department of Law, VNSGU, Surat.SFI	-	-	-	40	20

પ્રશ્ન: ૧૧૫. યુ.જી.સીની માર્ગદર્શિકા મુજબ તેમજ આપણી યુનિવર્સિટીમા કુલપતિશ્રીની નિમણૂંક માટેની જાહેરાતમા દર્શાવ્યા પ્રમાણે કુલપતિશ્રીની લાયકાત ન હોય તો સેનેટની આ સભા કુલપતિશ્રીની ફરીથી નિમણૂંક કરવા માટે ઠરાવ કરી શકે ?

ઉત્તર: ૧૧૫. Statute 36 (2) (i) (c) મુજબ.

પ્રશ્નઃ ૧૧૬. આપણી યુનિવર્સિટીના કુલપતિશ્રીની નિમણૂંક માટે ગુજરાત હાઈકોર્ટમાં PIL કરવામા આવેલ છે તેમા વકીલને ફી કેટલી ચૂકવવામા આવી છે ? કયા ફંડમા ચૂકવવામા આવી છે ?

(અ). આ કેસમા કયા કયા વકીલોને રોકવામા આવેલ છે ?

ઉત્તરઃ ૧૧૬. હાલ પર્યત કેસ પેન્ડીગ હોય કોઈ ફી ચૂકવવામાં આવી નથી.

પ્રશ્નઃ ૧૧૭. કોઈપણ સેનેટ સભ્યને યુનિવર્સિટીની સિન્ડિકેટની ચૂંટણીમા ઉમેદવારી કરવા માટે કે જબરજસ્તી ફોર્મ ભરવા માટે કુલપતિશ્રીની ઓફીસનો ઉપયોગ કુલપતિશ્રીની હાજરીમા કરી શકાય ?

ઉત્તરઃ ૧૧૭. Statute 36 (2) (i) (c) મુજબ.

પ્રશ્નઃ ૧૧૮. કુલપતિશ્રી બીજાના ફોન નંબર પરથી યુનિવર્સિટીની સિન્ડિકેટની ચૂંટણી કે ડિન, અધરધેન ડિનની ચૂંટણીમા કોઈપણ ઉમેદવારના સમર્થનમા મત આપવા માટે અપીલ કરી શકે ?

ઉત્તરઃ ૧૧૮. Statute 36 (2) (i) (c) મુજબ.

પ્રશ્નઃ ૧૧૯. યુનિવર્સિટીની અંદર કોઈપણ રાજકીય પાર્ટીના કાર્યક્રમ કરવા માટે પરવાનગી આપી શકાય ?

ઉત્તરઃ ૧૧૯. Statute 36 (2) (i) (c) મુજબ.

પ્રશ્નઃ ૧૨૦. યુનિવર્સિટીની દિવાલ, ડિપાર્ટમેન્ટની દિવાલો તેમજ વહીવટી ભવન પર રાજકીય પક્ષના પોસ્ટરો ચોંટાડી શકાય ?

(અ). આ પ્રકારના રાજકીય પોસ્ટરો દુર કરવાની જવાબદારી કોની બને છે ?

ઉત્તરઃ ૧૨૦. Statute 36 (2) (i) (c) મુજબ.

પ્રશ્નઃ ૧૨૧. રાજયપાલ દ્વારા છેલ્લા બે વર્ષમાં કુલપતિશ્રીને તથા યુનિવર્સિટીને કયા કયા પત્રો લખી તપાસના આદેશ કરવામા આવ્યા છે ? આ પત્રોને આધારે કુલપતિશ્રી દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવેલ છે કે કેમ ?

ઉત્તરઃ ૧૨૧. માહિતી સભા સમયે ટેબલ ઉપર રજૂ કરવામાં આવી હતી.

પ્રશ્નઃ ૧૨૨. કુલપતિશ્રીની ગેરહાજરીમા કુલપતિશ્રીની કેબીનમા બેસનાર સામે રાજયપાલ દ્વારા તપાસના આદેશ કર્યા તેમા યુનિવર્સિટી દ્વારા શું કાર્યવાહી કરવામા આવી તે જણાવશો ?

ઉત્તરઃ ૧૨૨. Statute : 36 (2) (i) (c) & (d) મુજબ.

પ્રશ્નઃ ૧૨૩. છેલ્લા બે વર્ષમાં વિવિધ કોલેજોના આચાર્યશ્રીના ઈન્ટરવ્યું લેવામા કુલપતિશ્રી દ્વારા તેમના નોમીની તરીકે આચાર્યના હોદાથી નીચેના વ્યકિતની નિમણૂંક કરી હોય તેવી કોલેજના નામ તથા નિમણૂંક થયેલ સભ્યોના નામ જણાવો ?

ઉત્તરઃ ૧૨૩. Statute : 36 (2) (i) (g) મુજબ.

પ્રશ્નઃ ૧૨૪. કેન્દ્ર સરકારની યોજના સ્કીલ ડેવલોપમેન્ટ અને ડિઝીટલ ઈન્ડીયા હેઠળ યુનિવર્સિટીએ કોઈ આયોજન કર્યું છે ? જેની સંપૂર્ણ વિગત આપવી ?

ઉત્તરઃ ૧૨૪. સ્કીલ ડેવલેપમેન્ટ અંતર્ગત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ માટે કૌશલ્ય આધારિત ટૂંકા ગાળાના અભ્યાસક્રમ શરૂ કરવા જરૂરી નીતિ **નિયમો તૈયાર કરવા માટે** IQAC **અંતર્ગત ડૉ. કિરણ પંડયા અને ડૉ. ગૌરાંગ રામીની સમિતિ પર** નિયુકિત **કરવામાં આવેલ છે.** Digital India **અંતર્ગત યુનિવર્સિટી તથા સંલગ્ન કોલેજો અને વિદ્યાર્થીઓ** digital transaction **થકી નાણાકીય વ્યવહારો કરે તે માટે પ્રયત્ન કરવામાં આવેલ છે.** South Gujarat Productivity Council **ના સહકારથી યુનિવર્સિટી સંલગ્ન ૫૦ થી વધુ કોલેજોમાં** awareness programmes **નું આયોજન કરવામાં આવેલ હતું જે બદલ કલેક્ટરશ્રી, સુરત દ્વારા યુનિવર્સિટીને** Appreciation Certificate **પણ પ્રદાન કરવામાં આવેલ** હતું.

કેન્દ્ર સરકારની સ્ટાર્ટઅપ ઈન્ડીયા યોજના અંતર્ગત યુનિવર્સિટીની સ્ટાર્ટઅપ એન્ડ આંત્રપ્રિનિયરશીપ કાઉન્સિલ (SEC) દ્વારા કરવામાં આવેલ વિવિધ પ્રવૃત્તિ અને કાર્યક્રમની માહિતી ઉત્તરઃ ૯૬માં જણાવ્યા મુજબ.

કેન્દ્ર સરકારની યોજના સ્કીલ ડેવેલોપમેન્ટ અને ડિઝીટલ ઈન્ડિયા હેઠળ યુનિવર્સિટીએ National Youth Parliament Festival-2019 નું આયોજન ૨૮/૦૨/૨૦૧૯નાં રોજ સમાજશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર વિભાગમાં રાખવામાં આવેલ હતું આ કાર્યક્રમમાં ૫૦ ઓફલાઈન ૩૫ ઓનલાઈન આમ કુલ મળીને ૮૫ વિધાર્થીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં ભાગ લેનાર વિધાર્થીઓને સહભાગી પ્રમાણપત્ર અને ૦૫ વિધાર્થીઓને મેરીટ સર્ટીફીકેટ આપવામાં આવયા હતા.

પ્રશ્નઃ ૧૨૫. દર વર્ષે યુનિવર્સિટી દ્વારા કોલેજોના જોડાણ માટે L.I.C મોકલવાની કયા અધિકાર મંડળની છે ?

(અ). L.I.C બનાવવાની સતા કુલપતિશ્રીને કઈ તારીખથી કયા ઠરાવના આધારે સોંપવામાં આવેલ છે.

(બ). શૈક્ષણિક વર્ષઃ ૧૮–૧૯ મા કોલેજોના જોડાણ માટે બનાવેલ L.I.C ની કમીટી દરેક કોલેજોમા કોને કોને મોકલવામા આવ્યા તેની માહિતી આપવી.

ઉત્તરઃ ૧૨૫. – સિન્ડિકેટની તા.૭–૧૦–૨૦૧૩નાં રોજ મળેલ સભામાં ઠરાવ ક્રમાંકઃ (૭૮) અને સિન્ડિકેટની તા.૨/૮–૫–૨૦૧૮ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૨૮૦) અન્વયે, માનનીય કુલપતિશ્રીને સત્તા આપેલ છે.

(અ) સિન્ડિકેટની તા.૭–૧૦–૨૦૧૩નાં રોજ મળેલ સભામાં ઠરાવ ક્રમાંકઃ (૭૮) અને સિન્ડિકેટની તા.૨/૮–૫–૨૦૧૮ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૨૮૦) અન્વયે, માનનીય કુલપતિશ્રીને સત્તા આપેલ છે.

(બ) સદર માહિતી સભા સમયે ટેબલ ઉપર રજૂ કરવામાં આવી હતી.

પ્રશ્નઃ ૧૨૬. યુનિવર્સિટી દ્વારા કોલેજોના જોડાણમા L.I.C મોકલવાનું બંધ કરી ઓનલાઈન વેરીફિકેશન થાય તેવું કયા વર્ષથી ચાલુ કરવાનુ વિચારી રહી છે ?

(અ). આ અંગે હાલમા કોઈ કાર્યવાહી થઈ રહી હોય તો તેની માહિતી આપવી.

ઉત્તરઃ ૧૨૬. સદરહું બાબતે ઈ.આર.પી. સિસ્ટમ અંતર્ગત કાર્યવાહી ચાલુ છે.

પ્રશ્નઃ ૧૨૭. યુનિવર્સિટીના કોમર્સ ડિપાર્ટમેન્ટમા પ્રોફેસરના મહેકમ મંજૂર થયેલ હોવા છતા તેમા પ્રોફેસરની નિમણૂંકની કામગીરી માટે યુનિવર્સિટી દ્વારા જાહેરાત આપવામા આવેલ નથી તો આ ડિપાર્ટમેન્ટમા પ્રોફેસરની ભરતી માટે કાર્યવાહી કયારે ચાલુ કરવામાં આવશે ?

ઉત્તરઃ ૧૨૭. કાર્યવાહી ચાલુ છે.

પ્રશ્નઃ ૧૨૮. યુનિવર્સિટી ડીપાર્ટમેન્ટમા પ્રોફેસરની નિમણુંક માટે યુ. જી. સી.ની લાઈડલાઈન મુજબ મેરીટના ધોરણો કયા છે ?

ઉત્તરઃ ૧૨૮. યુ.જી.સી. ની ગાઈડલાઈન મુજબ વખતો વખત બહાર પાડવામાં આવનાર મેરીટના ધોરણો શૈક્ષણિક કર્મચારીઓની નિમણૂંક માટે ધ્યાનમાં લેવામાં આવે છે.

પ્રશ્નઃ ૧૨૯. છેલ્લા બે વર્ષથી યુનિ.સંલગ્ન વિવિધ કોલેજોમા પ્રોફેસરની ભરતી માટે ઈન્ટરવ્યુ લેવામા આવે છે જેમા કુલપતિશ્રી દ્વારા તેમના નોમીની તરીકે પ્રોફેસર ન હોય તેવી કેટલી જગ્યા પર અને કઈ કોલેજોમા સભ્ય તરીકે નિમણુક થયેલ સભ્યોના નામ જણાવો ?

ઉત્તરઃ ૧૨૯. Statute : 36 (2) (i) (g) મુજબ.

પ્રશ્નઃ ૧૩૦. માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ હેઠળ છેલ્લા બે વર્ષમા કરવામા આવેલ અરજીઓની નકલ આપવા વિનંતી ? આ અરજીના ચુકાદાઓની વિગત પણ સાથે આપવી ?

ઉત્તરઃ ૧૩૦. Statute : 36 (2) (i) (g) મુજબ.

પ્રશ્નઃ ૧૩૧. યુનિવર્સિટીના મુખ્ય વહીવટી બિલ્ડીગમાં કોઈપણ ઓફિસમાં જતી વખતે મોબાઈલ ફોનના ટાવર આવતા નથી અને ફોન લાગતા પણ નથી તો આ બાબતે યુનિ. દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવેલ છે ?
(અ) યુનિ.ના મુખ્ય વહીવટી બિલ્ડીગમાં હજુ કેટલા વર્ષો સુધી મોબાઈલના ટાવર નહી પકડાય ?

ઉત્તરઃ ૧૩૧. વહીવટી મકાનમાં મોબાઈલ ફોનના ટાવર સિગ્નલ બાબતે વિવિધ કંપનીને સિગ્નલ અપગ્રેડ કરવા વિનંતી કરવામાં આવેલ છે.

પ્રશ્નઃ ૧૩૨. યુનિવર્સિટીમાં Ph.D માં રજીસ્ટ્રેશન થયા પછી ૬ વર્ષ બાદ Ph.D ની ડિગ્રી મળેલ હોય તેવા વિદ્યાર્થીઓના નામ, Ph.D માં રજીસ્ટ્રેશનની તારીખ અને Ph.D ની ડિગ્રી મળ્યાની તારીખ જણાવો ?

ઉત્તરઃ ૧૩૨. માહિતી સભા સમયે ટેબલ ઉપર રજૂ કરવામાં આવી હતી.

પ્રશ્નઃ ૧૩૩. યુનિવર્સિટી દ્વારા પરીક્ષાની કામગીરીમાં સ્કોડ તરીકે સભ્યોની નિમણુંક કોના દ્વારા કરવામાં આવે છે ?
(અ) છેલ્લા બે વર્ષમાં સ્કોડના સભ્ય તરીકે કોને મુકવામાં આવ્યા તેના નામ જણાવો ?

ઉત્તરઃ ૧૩૩. – સક્ષમ સત્તાધિકારી દ્વારા.
(અ) માહિતી સભા સમયે ટેબલ ઉપર રજૂ કરવામાં આવી હતી.

પ્રશ્નઃ ૧૩૪. સુધારેલ યુનિવર્સિટીના એકટ અને ઓર્ડિનન્સની બુક ગુજરાતીમાં દરેક સેનેટ સભ્યોને મળે તેવું આયોજન કરવામાં આવેલ છે ? આ ગુજરાતીમાં બુક કયારે મળશે?

ઉત્તરઃ ૧૩૪. હાજી, સદરહું બાબતે ડૉ. રાકેશભાઈ દેસાઈ, વડાશ્રી અંગ્રેજી વિભાગ અને ડૉ.શરીફા વીજળીવાળા, વડાશ્રી ગુજરાતી વિભાગની સમિતિ પર નિયુક્તિ કરવામાં આવેલ છે. સમિતિનું કાર્ય પૂર્ણ થયે.

પ્રશ્નઃ ૧૩૫. યુનિવર્સિટીમાં છેલ્લા ત્રણ વર્ષમાં દરેક ફેકલ્ટીમાં છ પ્રયત્નોમાં કે ત્રણ વર્ષમાં કોઈપણ સેમેસ્ટર એક સેમેસ્ટર પાસ કરેલ ન હોય તેના કારણે કઈ કઈ ફેકલ્ટીમાં કેટલા વિદ્યાર્થીઓના પરીક્ષા ફોર્મ રદ કરવામાં આવ્યા તેની માહિતી આપવી ?

ઉત્તરઃ ૧૩૫. માહિતી સભા સમયે ટેબલ ઉપર રજૂ કરવામાં આવી હતી.

પ્રશ્નઃ ૧૩૬. યુનિવર્સિટીમાં છેલ્લા ત્રણ વર્ષમાં દરેક ફેકલ્ટીમાં સાત વર્ષમાં U.G(ગ્રેજયુએશન) પૂર્ણ ન થાય તો પરીક્ષા ફોર્મ રદ કરવામાં આવેલ હોય તેવા દરેક વિદ્યાર્થીઓની ફેકલ્ટી પ્રમાણે માહિતી આપવી.

ઉત્તરઃ ૧૩૬. Statute : 36 (2) (i) (g) મુજબ.

પ્રશ્નઃ ૧૩૭. યુનિવર્સિટીમાં પાંચ લાખ કરતા વધારે રકમના કેટલા ટેન્ડરો હાલમાં કાર્યરત છે ? કયા કયા કામ સોંપવામાં આવેલ છે તેની માહિતી ? યુનિવર્સિટી દ્વારા ટેન્ડર મંજુર થયેલ કંપની સાથે કરેલ કરારની નકલ આપવી ?

ઉત્તરઃ ૧૩૭.

ક્રમ	પાંચ લાખ કરતા વધારે રકમના ટેન્ડરો	કામગીરી	ઓર્ડરની વિગત
૧	માર્કશીટ છાપકામનું ટેન્ડર	માર્કશીટ છાપકામ	Statute 36 (2) (i) (e) મુજબ.
૨	યુનિવર્સિટીની વિવિધ કામગીરી માટે વાહન ભાડેથી પૂરા પાડવા અંગે વાર્ષિક રેટ કોન્ટ્રાકટ	વાહન ભાડેથી પૂરા પાડવા	Statute 36 (2) (i) (e) મુજબ.
૩	યુનિવર્સિટીની જાહેરખબરો પ્રસિધ્ધ કરવા એડર્વટાઈઝીંગ એજન્ટની નિમણૂંક માટે રેટ કોન્ટ્રાકટ અંગે.	વર્તમાનપત્રમાં જાહેરાત આપવા	માહિતી સભા સમયે ટેબલ ઉપર રજૂ કરવામાં આવી હતી.
૪	પ્રશ્નપત્ર છાપકામનું ટેન્ડર	પ્રશ્નપત્ર છાપકામ	Statute 36 (2) (i) (e) મુજબ.
૫	ઉતરવહી તેમજ સ્ટીકર છાપકામ અંગેનું ટેન્ડર	ઉતરવહી તેમજ સ્ટીકર છાપકામ	Statute 36 (2) (i) (e) મુજબ.
૬	યુનિવર્સિટી ખાતે વિવિધ પરીક્ષાઓની વપરાયેલી ઉત્તરવહીઓ તથા પરીક્ષાઓના પડતર પ્રશ્નપત્રોના (થેલી સહિત) નિકાલ વાર્ષિક રેટ કોન્ટ્રાકટ	વપરાયેલી ઉત્તરવહીઓ તથા પરીક્ષાઓના પડતર પ્રશ્નપત્રોનો નિકાલ	માહિતી સભા સમયે ટેબલ ઉપર રજૂ કરવામાં આવી હતી.

પ્રશ્નઃ ૧૩૮. યુનિવર્સિટીના કોન્વેશન હોલનું છેલ્લા પાંચ વર્ષના લાઈટબીલ કેટલું ચુકવવામાં આવ્યુ છે તેની વર્ષવાર માહિતી આપવી ?

ઉત્તરઃ ૧૩૮. — કન્વેન્શન હોલનું લાઈટબીલ યુનિવર્સિટી કોમન મીટર સાથે આવતું હોય કન્વેન્શન હોલનું લાઈટબીલ અલગથી ચુકવવામાં આવતું નથી.

પ્રશ્નઃ ૧૩૯. યુનિવર્સિટી દ્વારા છેલ્લા બે વર્ષમાં યુનિવર્સિટીમાં થતી વિવિધ મીટીગો તથા પરીક્ષાની કામગીરી માટે કેટલા ભથ્થા ચુકવવામાં આવ્યા છે તે વર્ષવાર જણાવશો ?

ઉત્તરઃ ૧૩૯. Statute 36 (2) (i) (g) મુજબ.

પ્રશ્નઃ ૧૪૦. કુલપતિશ્રીએ જાતિવિષયક ટીપ્પણી કરી ન હોય તેવો ખુલાસો દૈનિક સમાચારપત્રમાં કયારે અને કયા કયા સમાચારપત્રોમાં છપાવવામાં આવ્યો હતો ? આ ખુલાસો છપાવવા માટે કેટલા રૂપિયા ચુકવવામાં આવ્યા ? કયા ફંડમાંથી નાણાંની ચુકવણી કરવામાં આવી ?

ઉત્તરઃ ૧૪૦. પ્રશ્ન અસ્પષ્ટ છે.

પ્રશ્નઃ ૧૪૧. છેલ્લા બે વર્ષમાં યુનિવર્સિટીનો કોન્વેશન હોલ ફીમાં કઈ કઈ સંસ્થાને કઈ તારીખે આપવામાં આવ્યો છે ?

(બ) કોન્વેશન હોલ ફીમાં આપવા માટે કયા અધિકાર મંડળની પરવાનગી લેવામાં આવે છે ?

ઉત્તરઃ ૧૪૧. Statute : 36 (2) (i) (g) મુજબ.

પ્રશ્નઃ ૧૪૨. યુનિવર્સિટીના ક્રિકેટ ગ્રાઉન્ડને છેલ્લા બે વર્ષમાં કઈ કઈ તારીખે કઈ સંસ્થા કે વ્યકિતને ફીમાં આપવામાં આવેલ છે ?

(અ) ક્રિકેટ ગ્રાઉન્ડને ફીમાં આપવા માટે કયા અધિકાર મંડળની પરવાનગી લેવામાં આવે છે ?

ઉત્તરઃ ૧૪૨. Statute : 36 (2) (i) (g) મુજબ.

પ્રશ્નઃ ૧૪૩. યુનિવર્સિટી સંલગ્ન સ્વનિર્ભર અને ગ્રાંટ ઈન એઈડ કોલેજોમાંથી ૧–૪–૧૭ થી આજદિન સુધીમાં વિદ્યાર્થીઓ પાસેથી પરીક્ષા ફોર્મ ભરવામાં લેઈટ ફી પેટે કેટલી રકમ મળી છે ?

ઉત્તરઃ ૧૪૩. Statute : 36 (2) (i) (g) મુજબ.

પ્રશ્નઃ ૧૪૪. યુનિવર્સિટી તેમજ તમામ કોલેજોનું વાર્ષિક બજેટ ઓનલાઈન મુકવમાં આવે છે કે નહી ?

(અ) RTI એકટ ૨૦૦૫ (સેકશન–૦૪ સુમોટો–ડિસ્કલોઝર) અન્વયે બજેટ ઓનલાઈન મુકવાનો અમલ થયેલ છે કે નહી ?

ઉત્તરઃ ૧૪૪. નાજી.

પ્રશ્નઃ ૧૪૫. યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીઓ પાસે છેલ્લા બે વર્ષમાં યુનિ. ટેવલોપમેન્ટ ફંડ, સ્પોર્ટસ ટેવલોપમેન્ટ ફંડ તથા વેલ્ફેર ફંડના નાણાં કેટલા આવ્યા છે ? આ નાણાં અન્ય ફંડમા વપરાયા હોય તો તેની વિગત આપશોજી.

ઉત્તર: ૧૪૫. માહિતી સભા સમયે ટેબલ ઉપર રજૂ કરવામાં આવી હતી.

પ્રશ્ન: ૧૪૬. યુનિવર્સિટીમાં છેલ્લા બે વર્ષમાં કેટલા કોમ્પ્યુટર તેમજ લેપટોપ કઈ કંપની (સંસ્થામાંથી) ખરીદવામાં આવ્યા ? કેટલા ખરીદવામાં આવ્યા ?

(અ) જૂના કોમ્પ્યુટર હાલ કઈ જગ્યાએ છે અને તેનો નિકાલ કઈ રીતે કરવામાં આવે છે.

ઉત્તર: ૧૪૬. માહિતી સભા સમયે ટેબલ ઉપર રજૂ કરવામાં આવી હતી.

પ્રશ્ન: ૧૪૭. યુનિવર્સિટીના કોન્વેન્શલ હોલ બાબતે નીચેના કોઠા પ્રમાણે માહિતી આપશો.

ભાડે આપ્યાની તારીખ	ભાડે આપ્યાનો સમય કયાંથી કયાં સુધી	ભાડે આપેલ સંસ્થા કે વ્યકિતનું નામ	વસુલ કરવામાં આવેલ ભાડા સહિતની કુલ રકમ	કયા કાર્યક્રમો માટે ભાડે આપેલ તે

(અ) યુનિવર્સિટીના કોન્વેન્શલ હોલ ભાડે આપવા માટે કોઈ ધોરણો કે નિયમો બન્યા હોય તો તેની નકલ ?

ઉત્તર: ૧૪૭. Statute : 36 (2) (i) (g) મુજબ.

પ્રશ્ન: ૧૪૮. યુનિવર્સિટીના ક્રિકેટ સ્ટેડિયમ બન્યા પછી શરૂઆતથી આજ સુધીમા તે ભાડે આપ્યાની માહિતી નીચેના કોઠા પ્રમાણે આપશોજી.

ભાડે આપ્યાની તારીખ	ભાડે આપ્યાનો સમય કયાંથી કયાં સુધી	ભાડે આપેલ સંસ્થા કે વ્યકિતનું નામ	વસુલ કરવામાં આવેલ ભાડા સહિતની કુલ રકમ	કયા કાર્યક્રમો માટે ભાડે આપેલ તે

(અ) ક્રિકેટ સ્ટેડિયમ ભાડે આપવા કયા નિયમો કે ધોરણો મંજૂર કરવામાં આવ્યા છે.

ઉત્તર: ૧૪૮. Statute : 36 (2) (i) (g) મુજબ.

૩. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ધારાની કલમ –૫૧ ❖ અન્વયે, સિન્ડિકેટે સને ૨૦૧૭–૨૦૧૮ના વર્ષનો ૫૨ (બાવન)મો વાર્ષિક અહેવાલનો ખરડો મંજૂર કરવા સેનેટને કરેલ ભલામણ અંગે યુનિવર્સિટી ધારાના SECTION -18(1) (XI) to consider and pass resolution on the annual reports, annual accounts and financial estimates અન્વયે કાર્યવાહી કરવા બાબત.

સિન્ડિકેટ તરફથી આ.ડૉ.દિલિપભાઈ એલ.વરસાણીએ પ્રસ્તાવ રજૂ કર્યો હતો અને તેને શ્રી મયુરભાઈ ચૌહાણે ટેકો આપ્યો હતો.

''વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ધારાની કલમ –૫૧ ❖ અન્વયે સિન્ડિકેટે રજૂ કરેલ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનો સને ૨૦૧૭–૨૦૧૮ના વર્ષનો ૫૨ (બાવન)મો વાર્ષિક અહેવાલ સેનેટની આ સભા સમક્ષ યુનિવર્સિટીના ધારાની કલમ –૧૮(૧) ની પેટા કલમ–(૧૧) અન્વયે રજૂ કરવામાં આવે છે.''

:: પ્રસ્તુત અહેવાલ મંજૂર કરવામાં આવ્યો હતો.

The Veer Narmad South Gujarat University Act - 1965:

❖ **SECTION - 51:**

"The Annual Report of the University shall be prepared under the direction of the SYNDICATE and shall be submitted to the Senate on or before such date as may be prescribed by the Statute and shall be considered by the Senate at the annual meeting. The Senate may pass resolutions thereon and communicate the same to the Syndicate which may take such action as it thinks fit, and the Syndicate shall inform the Senate at its next meeting of the action taken by it or of reasons for taking no action."

૪. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ–૫૦ (૩) સ્ટેટયુટ–૯૭ અને કલમ–૫૦(૪) અન્વયે, તૈયાર કરી રજૂ કરેલ અને સિન્ડિકેટની તા.૨૯–૦૧/૦૨–૦૨–૨૦૧૯ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૧૬થી મંજૂર થયેલ યુનિવર્સિટીનું સને ૨૦૧૮–'૨૦૧૯ના વર્ષનું સુધારેલ તથા સને ૨૦૧૯–'૨૦નાં વર્ષનાં અંદાજપત્ર ૫૨ વિચારણા કરી સેનેટમાં મંજુર કરવા બાબત....

સિન્ડિકેટ તરફથી આ.ડૉ.વિનોદચંદ્ર એન. પટેલે પ્રસ્તાવ રજૂ કર્યો હતો અને તેને શ્રી ગૌરાંગભાઈ વૈદ્યએ ટેકો આપ્યો હતો.

"વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ – ૧૮ (૧)ની પેટા કલમ – (૧૨) અનુસાર સિન્ડિકેટે રજૂ કરેલ યુનિવર્સિટીના સને ૨૦૧૮–૨૦૧૯નું સુધારેલ તથા સને ૨૦૧૯–૨૦૨૦ના વર્ષનાં અંદાજપત્ર સેનેટની આ સભા સમક્ષ રજૂ કરવામાં આવે છે."

:: **વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ–૫૦ (૩) સ્ટેટયુટ–૯૭ અને કલમ–૫૦(૪) અન્વયે, તૈયાર કરી રજૂ કરેલ અને સિન્ડિકેટની તા.૨૯–૦૧/ ૦૨– ૦૨– ૨૦૧૯ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૧૬થી મંજૂર થયેલ યુનિવર્સિટીનું સને ૨૦૧૮–'૨૦૧૯ના વર્ષનું સુધારેલ તથા સને ૨૦૧૯–'૨૦નાં વર્ષનાં અંદાજપત્રની સેનેટની આ સભા નોંધ લે છે અને આગળની ઘટતી કાર્યવાહી કરવા તથા મંજૂર કરવાની માનનીય કુલપતિશ્રીને સત્તા આપે છે.**

The Veer Narmad South Gujarat University Act - 1965:

SECTION - 50: Annual Accounts and Financial Estimates

(3) The Syndicate shall also prepare, before such date as may be prescribed by the Statutes, the financial estimate for the ensuing year.

(4) The annual accounts and the financial estimates shall be considered by the Senate at its annual meeting and the Senate may pass resolutions with reference there to and communicate the same to the Syndicate which shall take them into consideration and take such action thereon as it thinks fit and finally adopt the accounts and financial estimates. The Syndicate shall inform the Senate at its next meeting of the action taken by it or its reason for taking no action.

૫. સ્ટેટયુટ ૧૯૯ અન્વયે યુનિવર્સિટીની સિન્ડિકેટની તા.૦૫–૦૩–૨૦૧૯ની બાબત ક્રમાંક : ૦૮થી મંજૂર કરેલ યુનિવર્સિટીના સને ૨૦૧૭–૧૮નાં નાણાંકીય વર્ષનાં હિસાબોની ચકાસણી અંગેની સને ૨૦૧૮–૧૯ની બોર્ડ ઓફ એકાઉન્ટ્સનાં અહેવાલ તથા ભલામણો (સૂચનો) અને તેના પર કાર્યાલયે તૈયાર કરેલ જવાબો સેનેટમાં મંજૂર કરવા બાબત.

સિન્ડિકેટ તરફથી શ્રી ગૌરાંગભાઈ વૈદ્યએ પ્રસ્તાવ રજૂ કર્યો હતો અને તેને શ્રી મયુરભાઈ ચૌહાણે ટેકો આપ્યો હતો.

:: **સ્ટેટયુટ ૧૯૯ અન્વયે યુનિવર્સિટીની સિન્ડિકેટની તા.૦૫–૦૩–૨૦૧૯ની બાબત ક્રમાંક : ૦૮થી મંજૂર કરેલ યુનિવર્સિટીના સને ૨૦૧૭–૧૮નાં નાણાંકીય વર્ષનાં હિસાબોની ચકાસણી અંગેની સને ૨૦૧૮–૧૯ની બોર્ડ ઓફ એકાઉન્ટ્સનાં અહેવાલ તથા ભલામણો (સૂચનો) અને તેના પર કાર્યાલયે તૈયાર કરેલ જવાબો પરિશિષ્ટ : ' ૩ ' હેઠળ આપ્યા મુજબ સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યાં હતાં.**

(પરિશિષ્ટ : ' ૩ ')

૬. UGC ના Secretary Prof.(Dr.) Jaspal S. Sandhuનો તા.11/09/2015નો પત્ર D.O.No. F.5-1/2013 (CPP-II) જણાવ્યા અનુસાર UGC ના તા.05/07/2014 ના નોટીફીકેશન અનુસાર આપણી યુનિવર્સિટીની પદવીઓ સંરેખીત કરવા માનનીય કુલપતિશ્રીએ નીમેલ ત્રણ સભ્યોની કમીટીના અહેવાલ પર વિચારણા કરતાં એકેડેમીક કાઉન્સિલ તા.૧૯/૦૪/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક : ૩૨ થી M.P.A. અને M.H.R.D. ડીપાર્ટમેન્ટના હેડનો (Opinion) અભિપ્રાય લેવા ઠરાવેલ જે અભિપ્રાય પર વિચારણા કરતાં એકેડેમીક કાઉન્સિલ તા.૧૯/૦૮/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક : ૬૦ થી સ્ટેચ્યુટ – ૨૨૯ નો મુસદ્દો તૈયાર કરી આગામી એકેડેમીક કાઉન્સિલમાં વિચારણા માટે મુકવા ઠરાવવામાં આવ્યુ હતું. સદર ઠરાવને અનુસંધાને માનનીય કુલપતિશ્રીએ સમિતિની નીમણૂંક કરી હતી. સદર સમિતિએ તૈયાર કરેલ સ્ટેચ્યુટ – ૨૨૯ ના મુસદ્દા પર વિચારણા કરતા એકેડેમીક કાઉન્સીલ તા.૨૦/૦૩/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક : ૪૩ થી સિન્ડિકેટને ભલામણ કરેલ જે બાબતે સિન્ડિકેટ તા.૦૫/૦૫/૨૦૧૭ના ઠરાવ ક્રમાંક : ૧૯ થી કરેલ ભલામણ પર વિચારણા કરતાં સેનેટે તા.૨૭/૦૩/૨૦૧૮ ના ઠરાવ ક્રમાંક : ૧૬ થી સુધારવાના થતા સ્ટેચ્યુટના ડ્રાફટને યોગ્ય સ્વરૂપે રજૂ કરવા સિન્ડિકેટને રીફર કરવાનું ઠરાવેલ છે. જે બાબતે વિચારણા કરતા સિન્ડિકેટ તા.૧૦/૦૭/૨૦૧૮ના ઠરાવ ક્રમાંક : ૮ થી ઠરાવ્યા અનુસાર M.L.W. પદવીનું અગાઉનું નામાભિધાન યથાવત રાખવા તથા મુસદ્દામાં સુધારો કરી સેનેટમાં રજુ (Move) કરાવવા કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત.

વિવિધ અધિકાર મંડળોના ઠરાવો નીચે મુજબ છે.

એકેડેમીક કાઉન્સિલ તા.૧૯/૦૪/૨૦૧૬ ઠરાવ ક્રમાંક : ૩૨

:: આથી ઠરાવવામાં આવે છે કે M.P.A. અને M.H.R.D. ડીપાર્ટમેન્ટના હેડનો (Opinion) અભિપ્રાય લેવો.

એકેડેમીક કાઉન્સિલ તા.૧૯/૦૮/૨૦૧૬ ઠરાવ ક્રમાંક : ૬૦

:: આથી ઠરાવવામાં આવે છે કે UGC ના તા.૫/૭/૨૦૧૪ના ગેઝેટ નોટીફીકેશન મુજબ આપણી યુનિવર્સિટીની પદવીઓ સંરેખખીત કરવી અને તે મુજબનો જરૂરી સુધારો આપણી યુનિવર્સિટીના સ્ટેચ્યુટમાં કરવો. જે કિસ્સાઓમાં પદવીનું નામાભિધાન આખે આખું બદલાઈ જતું હોય તેવા કિસ્સામાં UGC ના નોટીફીકેશન મુજબનું નવું નામ દાખલ કરવું. પરંતુ જુના વિદ્યાર્થીઓને જે નામથી પદવીઓ અપાઈ ગઈ છે તથા જુના વિદ્યાર્થીઓ આવનાર કોન્વોકેશનમાં પદવી માટેના આવેદનપત્રો ભરે તો તેમને તેમની માર્કશીટમાં દર્શાવ્યા મુજબનાં નામ મુજબ જ પદવીઓ આપવાની થતી હોય પદવીઓનાં જુના નામો પણ સ્ટેચ્યુટમાં યથાવત રાખવા Master of Public Administration (M.P.A.) તેમજ Master of Human Resource Development (M.H.R.D.) ની પદવી Master of Arts (M. A.) તરીકે આપવી તથા Master of Arts (M. A.) ની પદવી પ્રવર્તમાન સ્ટેચ્યુટમાં દર્શાવેલ જ હોય સુધારવાનાં થતા સ્ટેચ્યુટમાં કોઈ સુધારો કરવાનો રહેતો નથી.

ઉપરોકત મુદ્દાઓ ધ્યાને લઈ UGC ના નોટીફીકેશન સાથે સુસંગત થાય તે મુજબ સ્ટેચ્યુટનો મુસદ્દો તૈયાર કરી આગામી એકેડેમીક કાઉન્સિલમાં વિચારણા માટે મુકવો.

એકેડેમિક કાઉન્સીલ તા.૨૦/૦૩/૨૦૧૬ ઠરાવ ક્રમાંક : ૪૩

:: આથી ઠરાવવામાં આવે છે કે, સમિતિએ તૈયાર કરેલ સ્ટેચ્યુટ ૨૨૯ નો મુસદ્દો સ્વીકારી તે મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

સિન્ડિકેટ તા.૦૫/૦૫/૨૦૧૭ ઠરાવ ક્રમાંક : ૧૯

:: **આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલના ઠરાવ્યાનુસાર આગળની કાર્યવાહી કરવી તથા આગામી સેનેટમાં બાબત આ.ડૉ.વિપીનકુમાર ડી. નાયક પાસે રજુ** (Move) **કરાવવી.**

સેનેટ તા.૨૭/૦૩/૨૦૧૮ ઠરાવ ક્રમાંક : ૧૬

:: **ચર્ચા વિચારણાને અંતે પ્રસ્તુત બાબતને સિન્ડિકેટમાં યોગ્ય સ્વરૂપે રજૂ કરવા રીફર કરવામાં આવેલ છે.**

સિન્ડિકેટ તા.૧૦/૦૭/૨૦૧૮ ઠરાવ ક્રમાંક : ૮

:: **આથી ઠરાવવામાં આવે છે કે,**અગાઉ M.L.W. સંદર્ભમાં પદવીનું અગાઉનું નામાભિધાન યથાવત રાખવું અને તે સંદર્ભે કરેલ પરિપત્રમાંથી M.L.W. સંદર્ભે જોગવાઈઓ રદ્દ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, મુસદ્દામાં જરૂરી સુધારો કરી આ મુસદ્દો આગામી સેનેટમાં ડૉ.કિરણભાઈ પંડયા પાસે રજુ (Move) કરાવવો.

ઉપરોકત પ્રસ્તાવ સિન્ડિકેટ તરફથી આ.ડૉ.દિલિપભાઈ એલ. વરસાણીએ રજૂ (Move) કર્યો હતો અને તેને શ્રી મયુરભાઈ ચૌહાણે ટેકો આપ્યો હતો.

:: **ચર્ચા વિચારણાને અંતે સદર બાબતને મંજૂર કરવામાં આવેલ હતી અને સિન્ડિકેટની ઉપરોકત ભલામણને માનનીય કુલાધિપતિશ્રીની મંજૂરી માટે ભલામણ કરવામાં આવેલ છે.**

(પરિશિષ્ટ : ' ૪ ')

૭. એકેડેમિક કાઉન્સિલ તા. ૨૦–૩–૨૦૧૭ની સભાના ઠરાવ ક્રમાંક : ૨૯ અન્વયે મંજૂર કરવામાં આવેલ તબીબી વિદ્યાશાખા હેઠળનાં અભ્યાસક્રમની પદવી સ્ટેચ્યુટ–૨૨૯માં આમેજ કરવા વિચારણા કરતાં સેનેટ તા.૨૭–૩–૨૦૧૮ના ઠરાવ ક્રમાંક : ૦૬ થી સિન્ડિકેટને યોગ્ય સ્વરૂપે રજૂ કરવા રીફર કરેલ ઠરાવને અનુસંધાને યોગ્ય સ્વરૂપે રજૂ કરવા વિચારણા કરતાં સિન્ડિકેટની તા.૩–૧૧–૨૦૧૮ના ઠરાવ ક્રમાંક : ૧૮ તથા સિન્ડિકેટ તા.૨૯–૦૧/૦૨–૦૨–૨૦૧૮ના ઠરાવ ક્રમાંક : ૫૯ ને અનુસંધાને તબીબી વિદ્યાશાખા હેઠળના અભ્યાસક્રમની પદવી સ્ટેચ્યુટ–૨૨૯માં આમેજ કરવા વિચારણા કરવા બાબત.

FACULTY OF MEDICINE
M.D.(EMERGENCY MEDICINE)

સિન્ડિકેટની તા. ૫–૫–૨૦૧૭ની બાબત ક્રમાંક: ૪

:: આથી ઠરાવવામાં આવે છે કે, એકડેમિક કાઉન્સિલ તા.૨૦–૩–૨૦૧૭ની સભાના ઠરાવ ક્રમાંક:૨૯ અન્વયે મંજૂર કરવામાં આવેલ તબીબી વિદ્યાશાખા હેઠળના અભ્યાસક્રમની પદવી સ્ટેચ્યુટ–૨૨૯માં આમેજ કરવા સેનેટને ભલામણ કરવી તથા સેનેટમાં સદર ફેકલ્ટીના ડીનશ્રી પાસે બાબત રજૂ (Move) કરાવવી.

સેનેટ તા. ૨૭–૩–૨૦૧૮ ઠરાવ ક્રમાંક:૦૬

:: ચર્ચા વિચારણાને અંતે પ્રસ્તુત બાબતે સિન્ડિકેટમાં યોગ્ય સ્વરૂપે રજૂ કરવા રીફર કરવામાં આવેલ છે.

(પરીક્ષા)

સિન્ડિકેટ તા.૩–૧૧–૨૦૧૮ના ઠરાવ ક્રમાંક:૧૮

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતને યોગ્ય સ્વરૂપમાં આગામી સિન્ડિકેટમાં રજૂ કરવી.

સિન્ડિકેટ તા.૨૯–૧૧/૦૨–૦૨–૨૦૧૯ના ઠરાવ ક્રમાંક:૫૯

:: આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતોને યોગ્ય ફોર્મેટમા જે તે ફેકલ્ટીના ડીનશ્રી દ્વારા તૈયાર કરી જે તે ફેકલ્ટીના ડીનશ્રી દ્વારા આગામી સેનેટમાં પ્રસ્તુત બાબત રજુ (Move) કરાવવી.

નોંધ :– (૧) સિન્ડિકેટ તા.૨૯–૦૧/૦૨–૦૨–૨૦૧૯ અન્વયેની પરીક્ષા વિભાગની તા.૧૪–૦૨–૨૦૧૯ની નોંધ ૫૨ મા.કુલપતિશ્રીના આદેશઅનુસાર મેડીકલ ફેકલ્ટીમાં ડીનશ્રી ન હોવાથી આગામી સેનેટમાં આ બાબત Immediate past dean of medical faculty (ડો. કે. એન. ભટ્ટ) નો અભિપ્રાય લઈ તૈયાર કરવામાં આવી છે.

(૨) Immediate past dean of medical faculty ડો. કે. એન. ભટ્ટનો અભિપ્રાય નીચે મુંજબ છે.

" ઉપરોકત વિષય સંદર્ભે જણાવવાનું કે આ સાથે એમ. સી. આઈ. ના પોસ્ટ ગ્રેજયુએટ મેડીકલ એજયુકેશન રેગ્યુલેશન–૨૦૦૦ (Amented up to May 2018) ની નકલ સામેલ છે. તેમાં દર્શાવેલ એમ.ડી. (ઈમરજન્સી મેડીસીન) મુજબ કરવા ભલામણ છે." M.D. (Emergency Medicine) "

(૩) પરીક્ષા વિભાગની તા.૨૭–૨–૨૦૧૯ની નોંધ ૫૨ મા.કુલપતિશ્રીના આદેશ અનુસાર સદર બાબત Dr. Chintu Chaudhary, Senate Member, Faculty of Medicine પાસે સેનેટમાં રજૂ (Move) કરવાની થાય છે.

ઉપરોકત પ્રસ્તાવ સિન્ડિકેટ તરફથી ડૉ.ચિન્ટુ ચૌધરીએ રજૂ (Move) કર્યો હતો અને તેને શ્રી જયરામભાઈ ગામીતે ટેકો આપ્યો હતો.

:: **ચર્ચા વિચારણાને અંતે સર્વાનુમતે સ્ટેટયુટ–૨૨૯માં ઉપરોકત પદવી આમેજ કરવા અંગેની સિન્ડિકેટની ઉપરોકત ભલામણને માનનીય કુલાધિપતિશ્રીની મંજૂરી માટે ભલામણ કરવામાં આવેલ છે.**

૮. એકેડેમિક કાઉન્સિલ તા.૧૯–૦૮–૨૦૧૬ની સભાના ઠરાવ ક્રમાંક : ૨૯ અન્વયે મંજૂર કરવામાં આવેલ વિજ્ઞાન વિદ્યાશાખા હેઠળનાં અભ્યાસક્રમની પદવી સ્ટેચ્યુટ–૨૨૯ માં આમેજ કરવા વિચારણા કરતાં સેનેટ તા.૨૭–૩–૨૦૧૮ના ઠરાવ ક્રમાંક : ૦૯ થી સિન્ડિકેટને યોગ્ય સ્વરૂપે રજૂ કરવા રીફર કરેલ ઠરાવને અનુસંધાને યોગ્ય સ્વરૂપે રજૂ કરવા વિચારણા કરવા બાબત.

FACULTY OF SCIENCE

(1) Post Graduate Diploma in Early Childhood Education (P. G. Dip. E.C.E.)
(2) Post Graduate Diploma in Learning Disability (P. G. Dip. L. D.)

સિન્ડિકેટની તા.૧૧–૭–૨૦૧૭ની ઠરાવ ક્રમાંકઃ ૧૧

:: આથી ઠરાવવામાં આવે છે કે, એકડેમિક કાઉન્સિલ તા.૧૯–૦૮–૨૦૧૬નાં સભાના ઠરાવ અન્વયે મંજૂર કરવામાં આવેલ વિજ્ઞાન વિદ્યાશાખા હેઠળનાં અભ્યાસક્રમની પદવી સ્ટેચ્યુટ–૨૨૯માં આમેજ કરવા સેનેટને ભલામણ કરવા તથા સેનેટમાં સદર ફેકલ્ટીના ડીનશ્રી પાસે બાબત રજૂ (Move) કરાવવી.

સેનેટ તા.૨૭–૩–૨૦૧૮ ઠરાવ ક્રમાંક : ૦૯

:: ચર્ચા વિચારણાને અંતે પ્રસ્તુત બાબતે સિન્ડિકેટમાં યોગ્ય સ્વરૂપે રજૂ કરવા રીફર કરવામાં આવેલ છે.

(પરીક્ષા)

સિન્ડિકેટ તા.૩–૧૧–૨૦૧૮ની ઠરાવ ક્રમાંક : ૨૧

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતને યોગ્ય સ્વરૂપમાં આગામી સિન્ડિકેટમાં રજૂ કરવી.

સિન્ડિકેટ તા.૨૯–૦૧/૦૨–૦૨–૨૦૧૯ના ઠરાવ ક્રમાંકઃ૫૯

:: આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતોને યોગ્ય ફોર્મેટમા જે તે ફેકલ્ટીના ડીનશ્રી દ્વારા તૈયાર કરી જે તે ફેકલ્ટીના ડીનશ્રી દ્વારા આગામી સેનેટમાં પ્રસ્તુત બાબત રજુ (Move) કરાવવી.

" સદર બાબતે સાયન્સ ફેકલ્ટીના ડીનશ્રીનો અભિપ્રાય નીચે મુંજબ છે.

સિન્ડિકેટની તા.૧૧–૭–૨૦૧૭ની ઠરાવ ક્રમાંકઃ ૧૧

:: આથી ઠરાવવામાં આવે છે કે, એકડેમિક કાઉન્સિલ તા.૧૯–૦૮–૨૦૧૬નાં સભાના ઠરાવ અન્વયે મંજૂર કરવામાં આવેલ વિજ્ઞાન વિદ્યાશાખા હેઠળનાં અભ્યાસક્રમની પદવી સ્ટેચ્યુટ–૨૨૯માં આમેજ કરવા સેનેટને ભલામણ કરવા તથા સેનેટમાં સદર ફેકલ્ટીના ડીનશ્રી પાસે બાબત રજૂ (Move) કરાવવી."

ને બદલે

સિન્ડિકેટની તા.૧૧–૭–૨૦૧૭ની ઠરાવ ક્રમાંકઃ ૧૧

:: આથી ઠરાવવામાં આવે છે કે, એકડેમિક કાઉન્સિલ તા.૧૯–૦૮–૨૦૧૬નાં સભાના ઠરાવ અન્વયે મંજૂર કરવામાં આવેલ વિજ્ઞાન વિદ્યાશાખા હેઠળનાં (1) Post Graduate Diploma in Early Childhood Education (P. G. Dip. E.C.E.) (2) Post Graduate Diploa in Learning Disability (P. G. Dip. L. D.) અભ્યાસક્રમ ની પદવી સ્ટેચ્યુટ–૨૨૯માં આમેજ કરવા સેનેટને ભલામણ કરવા તથા સેનેટમાં સદર ફેકલ્ટીના ડીનશ્રી પાસે બાબત રજૂ (Move) કરાવવી.

ઉપર મુજબના ફોર્મેટમાં રજુ કરવા ભલામણ છે. "

ઉપરોકત પ્રસ્તાવ સિન્ડિકેટ તરફથી આ.ડૉ.ભાવિનકુમાર આર. નાયકે રજૂ (Move) કર્યો હતો અને તેને શ્રી ગૌરાંગભાઈ વૈદ્યએ ટેકો આપ્યો હતો.

:: ચર્ચા વિચારણાને અંતે સર્વાનુમતે સ્ટેટયુટ–૨૨૯માં ઉપરોકત પદવીઓ આમેજ કરવા અંગેની સિન્ડિકેટની ઉપરોકત ભલામણને માનનીય કુલાધિપતિશ્રીની મંજૂરી માટે ભલામણ કરવામાં આવેલ છે.

૯. એકેડેમિક વિભાગનાં તા.૧૮–૧૧–૨૦૧૬નાં પરિપત્ર અન્વયે મંજૂર કરવામા આવેલ વિજ્ઞાન વિદ્યાશાખા હેઠળના અભ્યાસક્રમની પદવી સ્ટેચ્યુટ–૨૨૯માં આમેજ કરવા વિચારણા કરતાં સેનેટ તા.૨૭–૩–૨૦૧૮ના ઠરાવ ક્રમાંક : ૦૮ થી સિન્ડિકેટને યોગ્ય સ્વરૂપે રજૂ કરવા રીફર કરેલ ઠરાવને અનુસંધાને યોગ્ય સ્વરૂપે રજૂ કરવા વિચારણા કરવા બાબત.

FACULTY OF SCIENCE
Post Graduate Diploma in Dietetics (P. G. Dip. D.)

સિન્ડિકેટની તા.૧૧–૭–૨૦૧૭ની ઠરાવ ક્રમાંકઃ ૧૦

:: આથી ઠરાવવામાં આવે છે કે, એકડેમિક વિભાગના તા.૧૮–૧૧–૨૦૧૬નાં પરિપત્ર અન્વયે મંજૂર કરવામાં આવેલ વિજ્ઞાન વિદ્યાશાખા હેઠળનાં અભ્યાસક્રમની પદવી સ્ટેચ્યુટ–૨૨૯માં આમેજ કરવા સેનેટને ભલામણ કરવી તથા સેનેટમાં સદર ફેકલ્ટીના ડીનશ્રી પાસે બાબત રજૂ (Move) કરાવવી.

સેનેટ તા.૨૭–૩–૨૦૧૮ ઠરાવ ક્રમાંક : ૦૮

:: ચર્ચા વિચારણાને અંતે પ્રસ્તુત બાબતે સિન્ડિકેટમાં યોગ્ય સ્વરૂપે રજૂ કરવા રીફર કરવામાં આવેલ છે.

સિન્ડિકેટ તા.૩–૧૧–૨૦૧૮ની ઠરાવ ક્રમાંક : ૨૦

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતને યોગ્ય સ્વરૂપમાં આગામી સિન્ડિકેટમાં રજૂ કરવી.

સિન્ડિકેટ તા.૨૯–૦૧/૦૨–૦૨–૨૦૧૯ના ઠરાવ ક્રમાંકઃ૫૯

:: આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતોને યોગ્ય ફોર્મેટમા જે તે ફેકલ્ટીના ડીનશ્રી દ્વારા તૈયાર કરી જે તે ફેકલ્ટીના ડીનશ્રી દ્વારા આગામી સેનેટમાં પ્રસ્તુત બાબત રજુ (Move) કરાવવી.

"સદર બાબતે સાયન્સ ફેકલ્ટીના ડીનશ્રીનો અભિપ્રાય નીચે મુંજબ છે."

" સિન્ડિકેટની તા.૧૧–૭–૨૦૧૭ની ઠરાવ ક્રમાંકઃ ૧૦

:: આથી ઠરાવવામાં આવે છે કે, એકડેમિક વિભાગના તા.૧૮–૧૧–૨૦૧૬નાં પરિપત્ર અન્વયે મંજૂર કરવામાં આવેલ વિજ્ઞાન વિદ્યાશાખા હેઠળનાં અભ્યાસક્રમની પદવી સ્ટેચ્યુટ–૨૨૯ માં આમેજ કરવા સેનેટને ભલામણ કરવી તથા સેનેટમાં સદર ફેકલ્ટીના ડીનશ્રી પાસે બાબત રજૂ (Move) કરાવવી. "

ને બદલે

" સિન્ડિકેટની તા.૧૧–૭–૨૦૧૭ની ઠરાવ ક્રમાંકઃ ૧૦

:: આથી ઠરાવવામાં આવે છે કે, એકડેમિક વિભાગના તા.૧૮–૧૧–૨૦૧૬નાં પરિપત્ર અન્વયે મંજૂર કરવામાં આવેલ વિજ્ઞાન વિદ્યાશાખા હેઠળનાં **Post Graduate Diploma in Dietetics (P. G. Dip. D.)** અભ્યાસક્રમની પદવી સ્ટેચ્યુટ–૨૨૯માં આમેજ કરવા સેનેટને ભલામણ કરવી તથા સેનેટમાં સદર ફેકલ્ટીના ડીનશ્રી પાસે બાબત રજૂ (Move) કરાવવી."

ઉપર મુજબના ફોર્મેટમાં રજુ કરવા ભલામણ છે. "

ઉપરોકત પ્રસ્તાવ સિન્ડિકેટ તરફથી આ.ડૉ.ભાવિનકુમાર આર. નાયકે રજૂ (Move) કર્યો હતો અને તેને શ્રી મયુરભાઈ ચૌહાણે ટેકો આપ્યો હતો.

:: **ચર્ચા વિચારણાને અંતે સર્વાનુમતે સ્ટેટયુટ–૨૨૯માં ઉપરોકત પદવી આમેજ કરવા અંગેની સિન્ડિકેટની ઉપરોકત ભલામણને માનનીય કુલાધિપતિશ્રીની મંજૂરી માટે ભલામણ કરવામાં આવેલ છે.**

૧૦. એકેડેમિક વિભાગનાં તા.૬–૬–૨૦૧૫નાં પરિપત્ર અન્વયે મંજૂર કરવામા આવેલ વિનયન વિદ્યાશાખા હેઠળના અભ્યાસક્રમની પદવી સ્ટેચ્યુટ–૨૨૯માં આમેજ કરવા વિચારણા કરતાં સેનેટ તા.૨૭–૩– ૨૦૧૮ના ઠરાવ ક્રમાંક : ૧૦ થી સિન્ડિકેટને યોગ્ય સ્વરૂપે રજૂ કરવા રીફર કરેલ ઠરાવને અનુસંધાને યોગ્ય સ્વરૂપે રજૂ કરવા વિચારણા કરવા બાબત.

FACULTY OF ARTS

Master of Performing Arts (MPA)

સિન્ડિકેટની તા.૧૯–૧–૨૦૧૮ની બાબત ક્રમાંકઃ ૨૪

:: આથી ઠરાવવામાં આવે છે કે, એકડેમિક વિભાગના તા.૬–૬–૨૦૧૫નાં પરિપત્ર અન્વયે મંજૂર કરવામાં આવેલ વિનયન વિદ્યાશાખા હેઠળનાં અભ્યાસક્રમની પદવી સ્ટેચ્યુટ–૨૨૯માં આમેજ કરવી તથા આગામી સેનેટની વાર્ષિક સભામાં વિદ્યાશાખાના ડીનશ્રી પાસે રજૂ (Move) કરાવવી.

સેનેટ તા.૨૭–૩–૨૦૧૮ ઠરાવ ક્રમાંક : ૧૦

:: ચર્ચા વિચારણાને અંતે પ્રસ્તુત બાબતે સિન્ડિકેટમાં યોગ્ય સ્વરૂપે રજૂ કરવા રીફર કરવામાં આવેલ છે.

(પરીક્ષા)

સિન્ડિકેટ તા.૩–૧૧–૨૦૧૮ની ઠરાવ ક્રમાંક : ૨૨

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતને યોગ્ય સ્વરૂપમાં આગામી સિન્ડિકેટમાં રજૂ કરવી.

સિન્ડિકેટ તા.૨૯–૧૧/૦૨–૦૨–૨૦૧૯ના ઠરાવ ક્રમાંકઃ૫૯

:: આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતોને યોગ્ય ફોર્મેટમા જે તે ફેકલ્ટીના ડીનશ્રી દ્વારા તૈયાર કરી જે તે ફેકલ્ટીના ડીનશ્રી દ્વારા આગામી સેનેટમાં પ્રસ્તુત બાબત રજુ (Move) કરાવવી.

સદર બાબતે આર્ટ્સ ફેકલ્ટીના ડીનશ્રીનો અભિપ્રાય નીચે મુંજબ છે.

" યુ.જી.સી.ના નિયમાનુસાર આગળની કાર્યવાહી કરવા ભલામણ છે."

ઉપરોકત પ્રસ્તાવ સિન્ડિકેટ તરફથી આ.ડૉ.દિલિપભાઈ વરસાણીએ રજૂ (Move) કર્યો હતો અને તેને શ્રી મયુરભાઈ ચૌહાણે ટેકો આપ્યો હતો.

:: **ચર્ચા વિચારણાને અંતે સર્વાનુમતે સ્ટેટયુટ–૨૨૯માં ઉપરોકત પદવી આમેજ કરવા અંગેની સિન્ડિકેટની ઉપરોકત ભલામણને માનનીય કુલાધિપતિશ્રીની મંજૂરી માટે ભલામણ કરવામાં આવેલ છે.**

૧૦–અ. એકેડેમિક વિભાગનાં તા.૧૯–૪–૨૦૧૬ની સભાના ઠરાવ ક્રમાંક : ૨૬૬ અન્વયે મંજૂર કરવામા આવેલ મેનેજમેન્ટ વિદ્યાશાખા હેઠળના અભ્યાસક્રમની પદવી સ્ટેચ્યુટ–૨૨૯માં આમેજ કરવા વિચારણા કરતાં સેનેટ તા.૨૭–૩–૨૦૧૮ના ઠરાવ ક્રમાંક : ૦૭ થી સિન્ડિકેટને યોગ્ય સ્વરૂપે રજૂ કરવા રીફર કરેલ ઠરાવને અનુસંધાને યોગ્ય સ્વરૂપે રજૂ કરવા વિચારણા કરવા બાબત.

FACULTY OF MANAGEMENT

Diploma in International Business Management (Dip. I.B.M.)

સિન્ડિકેટની તા.૧૧–૭–૨૦૧૭ની ઠરાવ ક્રમાંકઃ ૦૯

:: આથી ઠરાવવામાં આવે છે કે, એકડેમિક કાઉન્સિલ તા.૧૯–૪–૨૦૧૬ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૨૬૬ અન્વયે મંજૂર કરવામાં આવેલ મેનેજમેન્ટ વિદ્યાશાખા હેઠળનાં અભ્યાસક્રમની પદવી સ્ટેચ્યુટ–૨૨૯માં આમેજ કરવા સેનેટને ભલામણ કરવી તથા સેનેટમાં સદર ફેકલ્ટીના ડીનશ્રી પાસે બાબત રજૂ (Move) કરાવવી.

સેનેટ તા.૨૭–૩–૨૦૧૮ ઠરાવ ક્રમાંક : ૦૭

:: ચર્ચા વિચારણાને અંતે પ્રસ્તુત બાબતે સિન્ડિકેટમાં યોગ્ય સ્વરૂપે રજૂ કરવા રીફર કરવામાં આવેલ છે.

સિન્ડિકેટ તા.૩–૧૧–૨૦૧૮ની ઠરાવ ક્રમાંક : ૧૯

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતને યોગ્ય સ્વરૂપમાં આગામી સિન્ડિકેટમાં રજૂ કરવી.

સિન્ડિકેટ તા.૨૯–૦૧/૦૨–૦૨–૨૦૧૯ના ઠરાવ ક્રમાંકઃ૫૯

:: આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતોને યોગ્ય ફોર્મેટમા જે તે ફેકલ્ટીના ડીનશ્રી દ્વારા તૈયાર કરી જે તે ફેકલ્ટીના ડીનશ્રી દ્વારા આગામી સેનેટમાં પ્રસ્તુત બાબત રજુ (Move) કરાવવી.

"સદર બાબતે મેનેજમેન્ટ ફેકલ્ટીના ડીનશ્રીનો અભિપ્રાય નીચે મુંજબ છે."

" સિન્ડિકેટની તા.૧૧–૭–૨૦૧૭ની ઠરાવ ક્રમાંકઃ ૦૯

:: આથી ઠરાવવામાં આવે છે કે, એકડેમિક વિભાગના તા.૧૯–૪–૨૦૧૬ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૨૬૬ અન્વયે મંજૂર કરવામાં આવેલ મેનેજમેન્ટ વિદ્યાશાખા હેઠળનાં અભ્યાસક્રમની પદવી સ્ટેચ્યુટ–૨૨૯માં આમેજ કરવા સેનેટને ભલામણ કરવી તથા સેનેટમાં સદર ફેકલ્ટીના ડીનશ્રી પાસે બાબત રજૂ (Move) કરાવવી. "

ને બદલે

" સિન્ડિકેટની તા.૧૧–૭–૨૦૧૭ની ઠરાવ ક્રમાંકઃ ૦૯

:: આથી ઠરાવવામાં આવે છે કે, એકડેમિક કાઉન્સિલ તા.૧૯–૪–૨૦૧૬ની સભાના ઠરાવ ક્રમાંક : ૨૬૬ અન્વયે મંજૂર કરવામાં આવેલ મેનેજમેન્ટ વિદ્યાશાખા હેઠળનાં **Diploma in Internationa Business Management (Dip. I.B.M.)** અભ્યાસક્રમની પદવી સ્ટેચ્યુટ–૨૨૯માં આમેજ કરવા સેનેટને ભલામણ કરવી તથા સેનેટમાં સદર ફેકલ્ટીના ડીનશ્રી પાસે બાબત રજૂ (Move)કરાવવી."

ઉપર મુજબના ફોર્મેટમાં રજુ કરવા ભલામણ છે. "

ઉપરોકત પ્રસ્તાવ સિન્ડિકેટ તરફથી ડૉ.જયદીપભાઈ ચૌધરીએ રજૂ (Move) કર્યો હતો અને તેને શ્રી ગૌરાંગભાઈ વૈદ્યએ ટેકો આપ્યો હતો.

:: **ચર્ચા વિચારણાને અંતે સર્વાનુમતે સ્ટેટયુટ–૨૨૯માં ઉપરોકત પદવી આમેજ કરવા અંગેની સિન્ડિકેટની ઉપરોકત ભલામણને માનનીય કુલાધિપતિશ્રીની મંજૂરી માટે ભલામણ કરવામાં આવેલ છે.**

<u>શ્રી ગણપતભાઈ ભૂરાભાઈ ધામેલીયાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટીસ આપી હતીઃ</u>

૧૧. સવિનય આદર્શ સહ રજૂઆત કરવાની કે ઉપરોકત વિષય અનુસંધાનમાં જણાવવાનું કે ઘણા વિદ્યાર્થીઓ બધી જ વિદ્યાશાખામાં તેમની ATKT ની પરીક્ષા યુનિવર્સિટીએ નિર્ધારીત કરેલ પ્રયત્નોમાં પાસ કરી શકેલ નથી આથી તેમની કારકિર્દી સામે પ્રશ્નાથ મુકાઈ ગયો છે. આપશ્રીને મારી વિનંતી છે કે તેમની કારર્કિદીના ઘડતમાં મદદ રૂપ થવા મારી નમ્ર અરજ છે.

UGC (યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન) પરિપત્ર અંક 12-1/2015(CPP-II) તારીખ 15-10-2015 ના નિયમ મુજબ (http://www.ugc.ac.in/pdfnews/4495656_hindi-uniform-span.pdf) વિદ્યાર્થી ત્રણ વર્ષના સ્નાતક કાર્યક્રમને વધુ બે વર્ષ આપવામાં આવશે એવું આ પરિપત્રમાં સ્પસ્ટ લખેલું છે. સંજોગો અનુસાર વિશેષ કિસ્સામાં વિદ્યાર્થીને બે વર્ષ ઉપરાંત વધારાનું એક વર્ષ આપવાની પણ જોગવાઈ આ પરિપત્ર માં કરવામાં આવી છે.

UGC (યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન) પરિપત્ર અંક 12-1/2015(CPP-II) તારીખ 15-10-2015ના નિયમ મુજબ (http://www.ugc.ac.in/pdfnews/4495656_hindi-uniform-span.pdf) પરિપત્ર મુજબ આ એક પ્રકારની દિશા નિર્દેશ (Guidelines) છે. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી UGC ના ઘણા દિશા નિર્દેશ (Guidelines) નું પાલન કરતી નથી તો આ વિદ્યાર્થીઓ કારર્કિદી સામે પ્રશ્નાથ મુકાઈ એવા દિશા નિર્દેશ (Guidelines) નું જ પાલન કરવું જરૂરી છે ?? જયારે યુનિ વિદ્યાર્થીઓના હિત માટે જ કામ કરે છે.

ફરી વખત આપને મારી નમ્ર વિનંતી છે કે આ પ્રસ્તાવ અંગે યોગ્ય નિર્ણય કરવો.

:: લોકસભા ચુંટણીની આચાર સંહિતા લાગુ હોવાથી પ્રસ્તુત પ્રસ્તાવ પર ચર્ચા વિચારણા કરવામાં આવેલ ન હતી.

<u>શ્રી મનીષકુમાર રમેશભાઈ કાપડીયાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટીસ આપી હતીઃ</u>

૧૨. (૧) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં હાલમાં છાત્રસંઘની ચૂંટણીએ ફકત કોલેજમાં સી.આર.એલ. આર અને જી.એસની ચૂંટણી કરીને કરવામાં આવે છે પરંતુ યુ.જી.સીની ગાઈડલાઈન્સ પ્રમાણે જનરલ પધ્ધતિથી ચૂંટણી થવી જોઈએ જેમાં યુનિવર્સિટી અધ્યક્ષ, ઉપાધ્યક્ષ, મંત્રી અને સહમંત્રી તેમજ ફેકલ્ટી દીઠ જી.એસની ચૂંટણી થવી જોઈએ એટલે કે જનરલ પધ્ધતિથી ચૂંટણી થવી જોઈએ. ભારત દેશમાં વિદ્યાર્થીઓને દેશનું આવતીકાલનું ભવિષ્ય માનવામાં આવે છે તેમજ સુપ્રિમ કોર્ટ ધ્વારા રચાયેલી લીન્ગ્દોહ કમિટીએ પણ આજ રીતે જનરલ પધ્ધતિથી ચૂંટણી કરવા જણાવેલ છે. આથી આપશ્રી સર્વે સેનેટ સભ્યશ્રીઓને વિદ્યાર્થીઓના હિતમાં આપણા દેશને આપણી જ યુનિવર્સિટી સારા લીડરો ભવિષ્યમાં આપે તે માટે આ પ્રસ્તાવને સમર્થન આપવા વિનંતી. UGC તેમજ લીન્ગ્દોહ કમિટીનો નિર્ણય આ સાથે બિડાણ કરેલ છે.

(પરિશિષ્ટ : ' ૫ ')

(૨) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં હાલમાં વિદ્યાર્થીઓને તેમના અભ્યાસનાં છેલ્લા વર્ષમાં રી–એસેસમેન્ટનો લાભ મળે છે જયારે ગુજરાત રાજયની અન્ય યુનિવર્સીટીમાં યુ.જી અને પી.જીનાં દરેક વર્ષમાં આ લાભ આપવામાં આવે છે તેમજ આપણી યુનિવર્સિટીમાં કોઈપણ વિદ્યાર્થી પોતાના છેલ્લા

વર્ષમાં રી–એસેસમેન્ટ કરાવે છે તો તેમાં ૫૦% જેટલા વિદ્યાર્થીઓનાં માર્કસમાં સુધારો થાય છે તેમજ જયારે કોઈ વિદ્યાર્થી આર.ટી.આઈનાં કાયદા મુજબ પોતાની ઉતરવહી માંગે છે ત્યારે ઘણાં વિદ્યાર્થીઓ પાસ થાય તે રીતે તેમના ગુણમાં સુધારો થઈ શકે તેમ છતાં આપણે કરી શકતા નથી. તેથી વિદ્યાર્થીઓને દરેક વર્ષમા રી–એસેસમેન્ટનો લાભ મળે અથવા કોઈ વિદ્યાર્થી RTI ધ્વારા માંગવામાં આવેલી ઉતરવહીમાં જો કોય ચોકકસ ફેરફાર જણાય તો તેમને કરી અને વિદ્યાર્થીને યોગ્ય ન્યાય આપવો જોઈએ. આથી આપશ્રી સર્વે સેનેટ સભ્યશ્રીઓ એ મારાં આ વિદ્યાર્થીઓનાં હિતને અનુલક્ષીને પ્રસ્તાવનું સમર્થન કરવા નમ્ર વિનંતી.

(૩) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટીને નેક એસેસમેન્ટ ધ્વારા A ગ્રેડ આપવામાં આવેલ છે તે બહુ સારી અને ગર્વ લેવા જેવી બાબત છે પરંતુ જો યુનિવર્સિટીની વહીવટી કામગીરીને વધુ સારી અને ગુણવતા યુકત કરવા માટે આપણી યુનિવર્સિટીને ISO 9001 અને ISO 14000 જેવા ગુણવતા યુકત સર્ટીફીકેટ લેવા જોઈએ જેમના નિયમોનાં પાલન કરવાથી આપણી યુનિવર્સિટીની વહીવટી કામગીરી અને ગુણવતા આપોઆપ સુધરી જશે. જો આ પધ્ધતિ અપનાવવામાં આવે તો આપણી યુનિવર્સિટીની ગણતરી વિશ્વકક્ષાએ થશે આપણા ગુજરાતનાં મુખ્યમંત્રીની ઓફિસ પણ આ સર્ટીફિકેટ મેળવેલ છે. તેથી આ પ્રસ્તાવને સર્વ સેનેટ સભ્યશ્રીઓને સમર્થન આપવા વિનંતી.

(૪) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટીમાં દર વર્ષે હજારો વિદ્યાર્થીઓ અભ્યાસ માટે પ્રવેશ લે છે આ વિદ્યાર્થીઓની સરળ અને સારી રીતે જો પ્રવેશ વ્યવસ્થા ગોઠવવામાં આવે તે માટે આપણી યુનિવર્સિટી દક્ષિણ ગુજરાતનાં 7 જીલ્લા અને અને 1 કેન્દ્રશાસિત પ્રદેશમાં ફેલાયેલી છે. તેથી આ વિદ્યાર્થીઓને પ્રવેશ માટે ઝોન પ્રમાણે એટલે કે દરેક જિલ્લાદીઠ પંવેશ ફાળવવામાં આવે તો એ ખુબ જ સારી રીતે અને ઝડપી થઈ શકે છે. જો કોઈ વિદ્યાર્થીને અન્ય જીલ્લામાં જવું હોય તો તે વિદ્યાર્થી બીજું ફોર્મ ભરી શકે છે એટલે કે આપણી આ પ્રવેશ પ્રક્રિયા ઝોન મુજબ કરવી જોઈએ. પરંતુ દરેક વિદ્યાર્થીને પોતાનાજ જીલ્લામાં પ્રવેશ મળે તે સૌથી ઉતમ રહેશે. તેથી આપશ્રી સર્વ સેનેટ સભ્યશ્રીઓએ મારા આ પ્રસ્તાવને સમર્થન આપવા નમ્ર વિનંતી.

(૫) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટીમાં હજારો વિદ્યાર્થીઓ દરવર્ષે અભ્યાસ કરીને નોકરી ધંધામાં લાગે છે. આ યુનિવર્સિટી આ વિદ્યાર્થીઓની નોકરી માટે યુનિવર્સિટીમાં રોજગાર કચેરી આવેલી છે પરંતુ યુનિવર્સિટી તેમજ યુનિવર્સિટી સંલગ્ન દરેક કોલેજનાં વિદ્યાર્થીઓનું યોગ્ય પ્લેસમેન્ટ થાય તે માટે આપણી યુનિવર્સિટીમાં ફરજીયાત પરમેનન્ટ કોમન પ્લેસમેન્ટ ઓફિસરની નિમણુક કરવી જોઈએ તેમજ ચેમ્બેર્સ ઓફ કોમર્સ જેવી સંસ્થાઓ સાથે મળીને વિદ્યાર્થીઓને પ્લેસમેન્ટ અપાવવી જોઈએ. જેનાથી આપણું ગુજરાત રાજયએ ઔદ્યોગિક રાજય તરીકે દેશ વિદેશમાં અગ્રેસર છે ત્યારે આ ઉદ્યોગોમાં પ્લેસમેન્ટનો લાભ આપણા વિદ્યાર્થીઓને મળે તે માટે મારા આ પ્રસ્તાવને સર્વે સેનેટ સભ્યશ્રીઓ એ સમર્થન આપવા વિનંતી.

(૬) આપણી યુનિવર્સિટીમાં દર વર્ષે ઘણાં રીસર્ચ કરતા વિદ્યાર્થીઓને લાભ મળે તે માટે Annual Research Congress નું આયોજન કરવું જોઈએ જેમના કારણે આપણી યુનિવર્સિટીમાં રીસર્ચ કરતા વિદ્યાર્થીઓને એમનો લાભ મળે. આ કારણથી આપણી યુનિવર્સિટીને નવું બિરૂદ મળે અને

આપણા વિદ્યાર્થીઓ સતત પ્રગતિ કરતા રહે. આથી આપણા વિદ્યાર્થીઓને લાભ મળે તે માટે મારા આ પ્રસ્તાવને સર્વે સેનેટ સભ્યશ્રીઓએ સમર્થન આપવા વિનંતી.

(૭) આજે ભારત દેશ સમગ્ર વિશ્વમાં ખુબજ ઝડપથી પ્રગતિ કરી રહયો છે ત્યારે આપણા દેશનાં ઉજવળ ભવિષ્ય માટે આપણી યુનિવર્સિટીની દરેક કોલેજનાં Under Graduate નાં વિદ્યાર્થીઓને ૨૧મી સદીને અનુલક્ષીને શિક્ષણ મળે તે ખુબજ અનિવાર્ય છે તેથી UGC નાં પરિપત્ર ૨૦૧૬ મુજબ Under Graduate માં સિલેબસને Improve કરવું ખુબજ જરૂરી છે. તેથી મારા પ્રસ્તાવને સમર્થન આપવા સર્વે સેનેટ સભ્યશ્રીને નમ્ર વિનંતી.

(૮) આપણી યુનિવર્સિટીને તેમજ દરેક કોલેજમાં ચાલતા પોસ્ટ ગ્રેજુએટ સેન્ટરનાં અભ્યાસક્રમ કે સિલેબસને પણ UGC-CSIR-NET ને આધીન સિલેબસને Improve કરવી જોઈએ. તેથી મારા પ્રસ્તાવને સમર્થન આપવા સર્વે સેનેટ સભ્યશ્રીને નમ્ર વિનંતી.

(૯) આપણી યુનિવર્સિટી તેમજ તેને સંલગ્ન કોલેજ તેમજ અન્ય સરકારી તેમજ ખાનગી સંસ્થાઓ દ્વારા પોતાની સેમ્પલનું પૃથ્થકરણ કરે છે પંરતુ દરેક કોલેજ કે સંસ્થા પાસે આ પ્રકારની વ્યવસ્થાનો અભાવ હોય છે તેમજ ખુબજ ખર્ચાળ હોય છે ત્યારે આપણી યુનિવર્સિટીમાં પણ એક યુનિવર્સિટી ઈન્કયુબેટર સેન્ટર સ્થાપવામાં આવે તેમજ આ સેન્ટરમાં Instument ફેસિલિટી બધા માટે કરવામાં આવે. દક્ષિણ ગુજરાતએ ઉદ્યોગોનું હબ છે ત્યારે આપણી યુનિવર્સિટીમાં આવેલઈન્કયુબેટર સેન્ટરને અપગ્રેડ કરવામાં આવે અને તેનો લાભ દરેક લોકોને મળે તે જરૂરી છે. તેથી મારા પ્રસ્તાવને સમર્થન આપવા સર્વે સેનેટ સભ્યશ્રીને નમ્ર વિનંતી.

:: **લોકસભા ચુંટણીની આચાર સંહિતા લાગુ હોવાથી પ્રસ્તુત પ્રસ્તાવ પર ચર્ચા વિચારણા કરવામાં આવેલ ન હતી.**

<u>શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારીએ નીચેના પ્રસ્તાવો રજૂ કરવાની નોટીસ આપી હતી:(૧૩ થી ૧૮)</u>

૧૩. " સેનેટની આ સભા યુનિવર્સિટીમા પદવીદાન સમારંભ સ્ટેસ્યુટ–૨૧૮ મુજબ ૨૬/૨/૨૦૧૮ના રોજ અથવા ફેબ્રુઆરી મહિનામા જ યોજવાનું જણાવવામા આવેલ છે તેના કારણે યુનિવર્સિટીના પદવીદાન સમારંભમા ભારતરત્ન ધરાવનાર મહાનુભાવો કે દેશ–વિદેશની ખુબ જ ખ્યાતિ ધરાવનાર વ્યકિતઓ પદવીદાન સમારંભમા હાજર રહી શકતા નથી. જેથી આ સ્ટેસ્યુટ–૨૧૮મા ફેરફાર કરવામા આવે અને તેમાંથી તારીખ કે મહિનાનો ઉલ્લેખ દૂર કરવામા આવે.

તેમજ આપણી યુનિવર્સિટીમા સ્પે. પદવીદાન સમારંભ ઓગષ્ટ મહિનામા યોજવામા આવે છે અને મુખ્ય પદવીદાન સમારંભ ફેબ્રુઆરીમા જ યોજવામા આવે છે તેના બદલે રાજયની મોટાભાગની યુનિવર્સિટીની જેમ ડિસેમ્બર મહિનામા પદવીદાન સમારંભ યોજવામા આવે તો મોટાભાગના વિદ્યાર્થીઓને ડિગ્રી બે મહિના વહેલી આપી શકાય એવો ઠરાવ કરવા આ સભા યુનિવર્સિટી અધિકાર મંડળોને વિનંતી કરે છે."

:: **લોકસભા ચુંટણીની આચાર સંહિતા લાગુ હોવાથી પ્રસ્તુત પ્રસ્તાવ પર ચર્ચા વિચારણા કરવામાં આવેલ ન હતી.**

૧૪. " સેનેટની આ સભા વીર નર્મદ દ.ગ.યુનિ.ના વિદ્યાર્થીઓને U.G. અને P.G. કોર્ષના તમામ સેમેસ્ટરમા રીએસેસ્મેન્ટનો લાભ રાજયની બીજી યુનિવર્સિટીની જેમ આપવા સભા યુનિવર્સિટી અધિકાર મંડળોને વિનંતી કરે છે."

:: **લોકસભા ચુંટણીની આચાર સંહિતા લાગુ હોવાથી પ્રસ્તુત પ્રસ્તાવ પર ચર્ચા વિચારણા કરવામાં આવેલ ન હતી.**

૧૫. " સેનેટની આ સભા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમા શોપીગ સેન્ટરમા ચાલતી સેલ્ફ ફાયનાન્સ કોલેજને તાત્કાલિક ક્રમશઃ બંધ કરવાની સભા યુનિવર્સિટી અધિકાર મંડળોને વિનંતી કરે છે."

:: **લોકસભા ચુંટણીની આચાર સંહિતા લાગુ હોવાથી પ્રસ્તુત પ્રસ્તાવ પર ચર્ચા વિચારણા કરવામાં આવેલ ન હતી.**

૧૬. " સેનેટની આ સભા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સાથે સંકળાયેલ તમામ આચાર્યો, પ્રોફેસરો, કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓ યુનિવર્સિટીના તમામ અધિકાર મંડળો જેવા કે સિન્ડિકેટ, એકેડમી કાઉન્સીલ, B.U.T. ફેકલ્ટીની મીટીગો, નાણા સમિતિ, બાંધકામ સમિતિ વગેરેની કાર્યસૂચિ(એજન્ડા) દરેક સભ્યશ્રીને મોકલવામા આવે ત્યારે યુનિવર્સિટીની વેબસાઈટ પર મૂકવા તેમજ મીટીગ પૂરી થયા પછી તેજ દિવસે તે મીટીગની કાર્યવાહી (મીનીટસ) પણ યુનિ.ની વેબસાઈટ પર ઓનલાઈન મુકવા આ સભા યુનિવર્સિટી અધિકાર મંડળોને વિનંતી કરે છે."

:: **લોકસભા ચુંટણીની આચાર સંહિતા લાગુ હોવાથી પ્રસ્તુત પ્રસ્તાવ પર ચર્ચા વિચારણા કરવામાં આવેલ ન હતી.**

૧૭. " સેનેટની આ સભા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પરીક્ષામા જે તે સેમેસ્ટરમા વધુમા વધુ ૬ પ્રયત્નો અથવા ત્રણ વર્ષનો સમય જે વહેલા પૂરો થાય તે તથા સમગ્ર ગ્રેજયુએશન વધુમા વધુ પાંચ વર્ષમા પૂર્ણ કરવાનો નિયમ ગુજરાત રાજયની અન્ય કોઈપણ યુનિવર્સિટીમા લાગુ ન હોય તેમ આ નિયમ આપણી યુનિવર્સિટીમા લાગુ કરવાના કારણે દર વર્ષે હજારો વિદ્યાર્થી પોતાના ગ્રેજયુએશન પૂર્ણ કરી શકતા ન હોય આ નિયમને રદ કરવા સભા યુનિવર્સિટી અધિકાર મંડળોને વિનંતી કરે છે."

:: **લોકસભા ચુંટણીની આચાર સંહિતા લાગુ હોવાથી પ્રસ્તુત પ્રસ્તાવ પર ચર્ચા વિચારણા કરવામાં આવેલ ન હતી.**

૧૮. " સેનેટની સભામા હાલમા પ્રશ્નોત્તરીનો સમય ૧ (કલાક) પૂરતો જ મળે છે અને જેમા અનેક સેનેટ સભ્યોના પ્રશ્નો પર ચર્ચા થઈ શકતી ન હોવાથી યુનિ.ના નિયમોમા ફેરફાર કરી વર્ષે એકવાર યોજાનાર સેનેટ સભામા પ્રશ્નોત્તરીનો સમય ૨ (બે કલાક) કરવાનો આ સભા યુનિવર્સિટી અધિકાર મંડળોને વિનંતી કરે છે."

:: **લોકસભા ચુંટણીની આચાર સંહિતા લાગુ હોવાથી પ્રસ્તુત પ્રસ્તાવ પર ચર્ચા વિચારણા કરવામાં આવેલ ન હતી.**

૧૯. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ–૩૪ની પેટા કલમ (૩) અને (૪) અન્વયે, પરિશિષ્ટમાં જણાવેલ કોલેજના જોડાણ અંગે આવેલ અરજીઓ તથા અરજીઓ પરત્વે લીધેલા પગલાં અંગે પ્રસ્તુત કલમની પેટા કલમ (૬) પ્રમાણે કુલસચિવશ્રીનો અહેવાલ.

:: **વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ–૩૪ની પેટા કલમ (૩) અને (૪) અન્વયે, પરિશિષ્ટમાં જણાવેલ કોલેજના જોડાણ અંગે આવેલ અરજીઓ તથા અરજીઓ પરત્વે લીધેલા પગલાં અંગે પ્રસ્તુત કલમની પેટા કલમ (૬) પ્રમાણે કુલસચિવશ્રીના અહેવાલની નોંધ લેવામાં આવેલ હતી.**

(પરિશિષ્ટ : ' ૬ ')

હુ ક મ થી,
Sd/-
ઈન્ચાર્જ કુલસચિવ

યુનિવર્સિટી કાર્યાલય,સુરત
ક્રમાંકઃ એસ–૩ (૧)/ ૭૩૫૬/ ૨૦૧૯
તા.૦૬–૦૫–૨૦૧૯

પ્રકાશક : ઈ.ચા.કુલસચિવશ્રી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત – ૭.

પ્રતિ,
સેનેટના સર્વે સભ્યશ્રીઓ.....